દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 70 ■ વિક્રમ સંવત ૨૦૮૨
ચૈત્ર સુદ - ૭ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 25 March 2026, Wednesday ■ REGD.No. MCS/058/2024-26
બુધવાર, ૨૫ માર્ચ ૨૦૨૬, (૧૪ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
ઈન્ટરવલ પૂર્તિ ૯ ૧૦ ૧૧
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ટ્રમ્પ-ખામનેઈ વચ્ચે મંત્રણાના સંકેત

SCAN FOR TODAY'S GOLD RATE
ANTARA GOLD RATE
જુના સોનાના ઘરેણા શ્રેષ્ઠ ભાવે ખરીદીશું
ANTARA GOLD & DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565

## જોકે ઈઝરાયલી મીડિયાના આવા દાવા વચ્ચે તહેરાન અને તેલ અવીવમાં હુમલાઓ ચાલુ જ છે

દુબઈઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે યુદ્ધ બંધ કરવા ઈરાન સાથે વાતચીત ચાલુ હોવાનો દાવો કર્યો છે, છતાં ઈઝરાયલના ઈરાનની રાજધાની તહેરાન પરના હવાઈ હુમલા અને ઈરાનના ઈઝરાયલના તેલ અવીવ પરના મિસાઈલ હુમલા ચાલુ જ છે.

ઈરાને તેલ અવીવ પર મિસાઈલોનો મારો ચલાવતાં છ જણ ઘાયલ થયા હતા. ટ્રમ્પે દાવો કર્યો છે કે યુદ્ધ અટકાવવા અતિશય સારી વાતચીત ચાલુ છે. જોકે ઈરાને આને બનાવટી સમાચાર ગણાવીને રદિયો આપ્યો હતો. બીજી બાજુ ઈઝરાયલના પ્રસાર માધ્યમોએ દાવો કર્યો હતો કે ઈરાનના સર્વોપરી નેતા મોજતબા ખામનેઈ અમેરિકા સાથે વાતચીત કરવા તૈયાર થયા છે.

ઈઝરાયલ મીડિયા આઉટલેટ યેદીઓથ અહરોનોથને ટાંકીને આરબ ન્યૂસે કહ્યું હતું કે ઈરાને તેના વિદેશપ્રધાન અબ્બાસ અર્ઘાચીને અમેરિકના મિડલ ઈસ્ટના એલચી સ્ટિવ વિટ્કોફ સાથે સૂચિત મંત્રણા કરવાની બહાલી આપી છે. આ હિલાચાલ અમેરિકા અને ઈઝરાયલનું ઈરાન સામેનું યુદ્ધ

(જુઓ પાનું ૨) ▸▸

## ટ્રમ્પ-મોદી વચ્ચે ફોન પર વાતચીત

નવી દિલ્હીઃ ભારતસ્થિત અમેરિકાના રાજદૂત સર્જિયો ગોરએ સોશ્યિલ મીડિયા પરની પૉસ્ટમાં લખ્યું હતું કે અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે પશ્ચિમ એશિયાની વર્તમાન પરિસ્થિતિ અંગે ચર્ચા કરી હતી જેમાં હોર્મુઝની સામુદ્રધુની ખુલ્લી રાખવાના મહત્ત્વનો પણ સમાવેશ થતો હતો.

મોદી અને ટ્રમ્પ વચ્ચે ફોન પર થયેલી આ વાતચીતને અતિ મહત્ત્વની માનવામાં આવે છે કેમ જે હોર્મુઝ સામુદ્રધુની બંધ થવાની અસર તેલ અને ગૅસની વૈશ્વિક કિંમત અને સપ્લાય ચેઈન પર પડી રહી હોવાને કારણે ટ્રમ્પે તાજેતરમાં જ હોર્મુઝ સામુદ્રધુની ખોલી નાખવાને મામલે ઈરાનને અલ્ટીમેટમ આપ્યું હતું.

મોદીએ કહ્યું હતું કે હોર્મુઝ સામુદ્રધુની આડેનો અવરોધ સ્વીકાર્ય નથી. મોદીએ સોમવારે લોકસભા અને મંગળવારે રાજ્યસભામાં પણ આ વાતનું પુનરાવર્તન કર્યું હતું.

મોદીએ કહ્યું હતું કે નાગરિકો, કમર્શિયલ જહાજો અને હોર્મુઝની સામુદ્રધુની પર કોઈ પણ પ્રકારનો હુમલો સ્વીકાર્ય નથી. ■

## ગુજરાતની વિધાનસભામાં ઐતિહાસિક યુસીસી બિલ મંજૂર

### ભાજપના ધારાસભ્યોએ જય શ્રીરામના નારા લગાવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે ૨૪ માર્ચ મંગળવારના રોજ ગુજરાત વિધાનસભામાં રજૂ કરેલું 'ગુજરાત સમાન નાગરિક સંહિતા ૨૦૨૬' (યુસીસી) વિધેયક મજૂર કરાયું હતું. વિધેયક રજૂ થતાં જ ભાજપના ધારાસભ્યોએ જય શ્રીરામના નારા લગાવ્યા હતા. બિલ પર ચર્ચા માટે ૬ કલાકનો સમય ફાળવવામાં આવ્યો હતો. 'ગુજરાત બિલ નંબર ૧૭ ઓફ ૨૦૨૬' તરીકે ઓળખાતા આ બિલ પર ગૃહમાં વિસ્તૃત ચર્ચા થઈ હતી. આ બિલને સર્વગ્રાહી ચર્ચા માટે ગૃહ સમક્ષ મૂકવામાં આવ્યું હતું. ગૃહમાં આ બિલ પર ચર્ચા દરમિયાન હલાલા મુદ્દે કૉંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા અને નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવી વચ્ચે શાબ્દિક ટપાટપી થઈ હતી.

આ બિલ કુલ ૪ ભાગમાં તૈયાર કરાયું છે, જેમાં ભાગ ૧ અને ભાગ બેમાં કુલ ૭ પ્રકરણમાં વિસ્તૃત માહિતી અને નિયમો દર્શાવાયા છે. આ બિલ વિધાનસભામાં પસાર થયા બાદ કાયદો બનશે અને બાદમાં ગુજરાતના તમામ નાગરિકોને આ કાયદો અનુસરવાનો રહેશે. આ સાથે જ યુસીસી

(જુઓ પાનું ૨) ▸▸

## ટ્રેનના આઠ કલાક પહેલા રિઝર્વ્ડ ટિકિટ કૅન્સલ કરી તો નો રિફન્ડ

નવી દિલ્હીઃ ભારતીય રેલવેએ મુસાફરોને મોટો ઝટકો આપ્યો છે. મંગળવારે રિફન્ડના નિયમોમાં સુધારાની જાહેરાત કરવામાં આવી. સુધારા મુજબ જો મુસાફરો ટ્રેનના સમય કરતા આઠ કલાક પહેલા તેમની ટિકિટ કૅન્સલ કરશે તો કેન્સલ ટિકિટ સામે કોઈ રિફંડ આપવામાં નહીં આવે.

રેલવે ટિકિટિંગ સર્વિસમાં કરવામાં આવેલા સુધારા અંગે વાત કરતા કેન્દ્રીય રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે એજન્ટો અને દલાલો દ્વારા ટિકિટ રોકી રાખવાની પ્રવૃત્તિને અટકાવવા માટે આ પગલા લેવામાં આવી રહ્યા છે.

સુધારેલી ટિકિટ પોલિસી મુજબ જો મુસાફરીના સમયના ૭૨ કલાકની પહેલા ટિકિટ રદ કરવામાં આવે તો મહત્તમ રિફંડ મળશે. જો ટિકિટ ૭૨થી ૨૪ કલાકની વચ્ચે રદ કરવામાં આવે છે, તો કુલ ભાડાની ૨૫ ટકા રકમ કાપવામાં આવશે. જો કે, જો ૨૪ થી આઠ કલાકની વચ્ચે ટીકીટ રદ કરવામાં આવશે તો ૫૦ ટકા રકમ કાપવામાં આવશે. આ ઉપરાંત તત્કાળ બુકિંગ માટે આધાર-બેઝ્ડ નિયમ લાગુ

(જુઓ પાનું ૨) ▸▸

## પાકિસ્તાનની મધ્યસ્થીઃ ઈસ્લામાબાદમાં અમેરિકા અને ઈરાન વચ્ચે વાટાઘાટો શક્ય

વૉશિંગ્ટનઃ મિડલ ઈસ્ટમાં સાથીદેશો વચ્ચે ચાલતા યુદ્ધને લીધે પાકિસ્તાન તંગદોર પર ચાલી રહ્યું છે ત્યારે તે યુદ્ધ લડી રહેલા ઈરાન અને અમેરિકા વચ્ચે મધ્યસ્થી કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. ઈરાન પછી સૌથી વધારે શિયાની વસતી પાકિસ્તાનમાં છે અને તે અખાતના દેશો સાથે ગાઢ નાતો ધરાવે છે. પાકિસ્તાને ગયા વર્ષે સઉદી અરેબિયા સાથે પારસ્પરિક સંરક્ષણ સંધી કરી હતી. ઈસ્લામાબાદ તેના સેનાપતિના તહેરાન સાથેના સારા સંબંધોનો ફાયદો ઉઠાવીને તેમ જ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ સાથેની ઉષ્માભર્યા સંબંધોના જોરે મધ્યસ્થી કરી રહ્યું છે.

પાકિસ્તાને ઈઝરાયલ અને અમેરિકાએ ઈરાન પર કરેલા આક્રમણની આલોચના કરી છે, પરંતુ એ સાથે પરિસ્થિતિ

(જુઓ પાનું ૨) ▸▸

## યુદ્ધની અસર લાંબો સમય રહેશેઃ મોદી

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પશ્ચિમ એશિયા સંકટને લઈને રાજ્યસભામાં પણ જાણકારી આપી હતી. તેમણે રાજ્યસભામાં કહ્યું હતું કે, ''આપણે બધા પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધ અને તેના પરિણામે સર્જાયેલી પરિસ્થિતિથી વાકેફ છીએ. આજે હું આ ભયંકર પરિસ્થિતિઓ પર સરકારનું વલણ રજૂ કરવા માટે સંસદના ઉપલા ગૃહ અને દેશવાસીઓ સમક્ષ હાજર થયો છું. આ યુદ્ધે સમગ્ર વિશ્વમાં ઊર્જા સંકટ પેદા કર્યું છે. આ પરિસ્થિતિ ભારત માટે પણ ચિંતાજનક છે.''

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે સરકારે પશ્ચિમ એશિયા સંકટની અસરનો સામનો કરવા માટે ઇંધણ, સપ્લાય ચેઈન અને ખાતરો જેવા ક્ષેત્રોમાં રણનીતિ બનાવવા માટે સાત અધિકાર પ્રાપ્ત સમૂહની

(જુઓ પાનું ૨) ▸▸

## ૧૩ વર્ષ કૉમામાં રહ્યા બાદ હરીશ રાણાને મળ્યું ઈચ્છામૃત્યુ

નવી દિલ્હીઃ ભારતમાં ઈચ્છામૃત્યુ (પેસિવ યુથેનેશિયા)ની મંજૂરી મેળવનારા પ્રથમ વ્યક્તિ હરીશ રાણાનું મંગળવારે ઓલ ઈન્ડિયા ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સિસ (એઈમ્સ) ખાતે નિધન થયું છે. તે ૨૦૧૩થી કૉમામાં હતો અને છેલ્લાં ૧૩ વર્ષથી લાઇફ સપોર્ટ પર રાખવામાં આવ્યો હતો. ૩૧ વર્ષીય હરીશ રાણાને ૧૪ માર્ચે ગાઝિયાબાદ સ્થિત તેમના ઘરેથી દિલ્હીના ડો. બી.આર. આંબેડકર ઇન્સ્ટિટ્યૂટ રોટરી કેન્સર હોસ્પિટલના પેલિએટિવ કેર યુનિટમાં દાખલ કરવામાં આવ્યા હતા. ૧૧ માર્ચે સુપ્રીમ કોર્ટે એક ઐતિહાસિક નિર્ણયમાં તેમને ઈચ્છામૃત્યુની મંજૂરી આપી હતી.

હરીશ રાણા પંજાબ યુનિવર્સિટીમાં બી.ટેકના વિદ્યાર્થી હતો. વર્ષ ૨૦૧૩માં ચોથા માળેથી પડી જવાના કારણે તેને માથામાં ગંભીર ઈજા થઈ હતી, ત્યારથી તે કૉમામાં હતો. દરમિયાન તેને કૃત્રિમ ન્યૂટ્રિશનલ અને સમયાંતરે ઓક્સિજન સપોર્ટ આપવામાં આવ્યો હતો.

ઈચ્છામૃત્યુ જાણી જોઈને કરવામાં આવતું એવું કામ છે જેમાં કોઈ દર્દીને તેને જીવતો રાખવા માટે જરૂરી લાઈફ સપોર્ટ અથવા સારવાર રોકીને અથવા હટાવીને મરવા દેવામાં આવે છે. સૂત્રોએ મંગળવારે જણાવ્યું હતું કે

(જુઓ પાનું ૨) ▸▸




તે કઈ રીતે કામ કરે છે:
• બેંકો ગ્રાહકોની KYC માહિતી મેળવે છે અને સેંટ્રલ KYC રેકોર્ડ રજીસ્ટ્રીમાં અપલોડ કરે છે (CKYCR)
• ગ્રાહકને એક 14 અંકનો નંબર ફાળવવામાં આવે છે
• આ 14 અંકના નંબર દ્વારા અન્ય નાણાકીય સંસ્થાઓ ગ્રાહકનાં હાલના KYC રેકોર્ડ મેળવી તેનો ઉપયોગ નવું ખાતું ખોલવા અને RE-KYC કરવા માટે કરી શકાય છે
આરબીઆઈ કહે છે... જાણકાર બનો, સતર્ક રહો!
તમારો CKYC નંબર મેળવવા:
તમારી બેંકનો સંપર્ક કરો **અથવા** મિસ્ડ કૉલ આપો 7799022129 પર **અથવા** વિઝિટ કરો https://ckycindia.in
વધુ જાણકારી માટે, https://rbikehtahai.rbi.org.in/CKYCR પર જાઓ
સત્તાવાર વોટ્સએપ નંબરો 99990 41935 / 99309 91935
જનહિતમાં પ્રકાશિત
ભારતીય રિઝર્વ બેંક
RESERVE BANK OF INDIA
www.rbi.org.in

## લડાઈ અટકી જવાની આશા વચ્ચે સેન્સેક્સમાં ૧૪૦૦ પોઈન્ટનો ઉછાળો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ પશ્ચિમ એશિયામાં ચાલી રહેલું યુદ્ધ ટ્રમ્પના કથન પ્રમાણે પાંચ દિવસ શાંત રહેશે એવી આશા વચ્ચે સેન્ટિમેન્ટમાં સુધારો આવતા વિશ્વબજાર પાછળ મંગળવારે સેન્સેક્સ ૧,૩૭૨.૦૬ પોઈન્ટ વધીને ૭૪,૦૬૮.૪૫ પોઇન્ટની સપાટી પર, જ્યારે નિફ્ટી ૩૯૯.૭૫ પોઈન્ટ વધીને ૨૨,૯૧૨.૪૦ પર બંધ થયો હતો. સોમવારે સેન્સેક્સમાં ૧૮૩૭ પોઇન્ટનો કડાકો નોંધાયો હતો.

અમેરિકા યુદ્ધમાંથી થોડો સમય માટે ખસી જશે એવા સંકેતને કારણે સેન્ટિમેન્ટમાં એવો સુધારો આવ્યો હતો કે, સેન્સેક્સની ત્રીસ સ્ક્રિપ્પ્સમાંથી ૨૮ સ્ક્રિપ વધી હતી અને માત્ર બે સ્ક્રિપ્પ્સમાં પીછેહઠ જોવા મળી હતી. બીએસઇનું માર્કેટ કેપિટલાઈઝેશન રૂ.૪૧૫.૨૧ લાખ કરોડ સામે રૂ.૭.૫૭ લાખ કરોડ વધીને રૂ.૪૨૨.૭૮ લાખ કરોડના સ્તરે પહોંચ્યું હતું.

ડોનલ્ડ ટ્રમ્પ દ્વારા જાહેરાત કરવામાં આવી હતી કે યુનાઇટેડ સ્ટેટ્સ ઇરાની ઊર્જા સુવિધાઓ પરના હુમલા અસ્થાયી રૂપે સ્થગિત કરશે અને વ્યૂહાત્મક રીતે મહત્ત્વપૂર્ણ સ્ટ્રેટ ઓફ હોર્મુઝને ફરીથી ખોલવાની સમયમર્યાદા

(જુઓ પાનું ૨) ▸▸

## રાજસ્થાન રૉયલ્સ આઈપીએલની પહેલી બિલ્યન ડૉલર ટીમ બની

### ૧.૬૩ બિલ્યન ડૉલર અથવા ૧૫,૨૯૦ કરોડ રૂપિયામાં વેચાઈઃ હવે આરસીબી કદાચ વધુ ઊંચા ભાવે ખરીદાશે?

નવી દિલ્હીઃ રાજસ્થાન રૉયલ્સ (આરઆર) ૧૯ વર્ષ જૂની ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)નું સૌપ્રથમ બિલ્યન ડૉલર ફ્રૅન્ચાઇઝી બન્યું છે. અમેરિકા-સ્થિત કાલ સોમાની નામના ઑન્ટ્રપ્રનરની આગેવાનીમાં કંપનીઓના સમૂહે રાજસ્થાન રૉયલ્સ ફ્રૅન્ચાઇઝી ૧.૬૩ બિલ્યન ડૉલર (અંદાજે ૧૫,૨૯૦ કરોડ રૂપિયા)માં ખરીદ્યું છે. જોકે હવે ડિફેન્ડિંગ ચૅમ્પિયન રૉયલ ચૅલેન્જર્સ બેંગ્લૂરુ (આરસીબી)ના ફ્રૅન્ચાઇઝીને ખરીદવા માટે પ્રયત્ન ચાલી રહ્યા છે એ સંબંધમાં કહેવાય છે કે આરસીબીના ફ્રૅન્ચાઇઝીને આરઆરથી પણ વધુ ઊંચા મૂલ્યમાં એટલે કે અંદાજે ૨.૦૦ બિલ્યન ડૉલર (આશરે ૧૮,૭૫૦ કરોડ રૂપિયા)માં ખરીદવામાં આવશે.

કાલ સોમાનીના નેતૃત્વ હેઠળની કંપનીઓના સમૂહમાં વૉલ્માર્ટ

(જુઓ પાનું ૨) ▸▸

## હિન્દુ, શીખ અને બૌદ્ધમાંથી ધર્માંતર કર્યું તો હોય અનુસૂચિત જાતિના લાભ નહીંઃ સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટે ચુકાદો આપ્યો છે કે હિન્દુ, બૌદ્ધ કે શીખ સિવાયના બીજા ધર્મ અંગીકાર કરનાર વ્યક્તિ અનુસૂચિત જાતિનો સભ્ય ન હોઈ શકે અને તેને આ જાતિના સભ્યોને મળતા લાભ ન મળી શકે.

જસ્ટિસ પ્રશાંત કુમાર અને જસ્ટિસ એન.વી. અંજારિયાની બેન્ચે આંધ્ર પ્રદેશ હાઈ કોર્ટના એ હુકમને માન્ય રાખ્યો હતો કે અનુસૂચિત વર્ગની વ્યક્તિ બીજો ધર્મ અંગીકાર કરે તો એ અનુસૂચિત જાતિના સભ્ય હોવાનો દરજ્જો તત્કાળ અને સંપૂર્ણપણે ગુમાવી દે છે. બેન્ચે કહ્યું હતું કે ક્લોઝ ત્રણના અમલથી જે વ્યક્તિ અનુસૂચિત જાતિનો સભ્ય નથી તેમને કાયદાને આધીન રક્ષણ કે અનામત કે

(જુઓ પાનું ૨) ▸▸

## પાકિસ્તાન જગતનો સૌથી વધુ પ્રદૂષિત દેશ, ભારત છઠ્ઠા નંબરે

### યુપીનું લોની શહેર વર્લ્ડનું સૌથી વધુ પૉલ્યુટેડ સિટી

નવી દિલ્હીઃ વિશ્વમાં પાકિસ્તાન સૌથી વધુ પ્રદૂષિત દેશ છે જયારે બીજા ક્રમે બાંગ્લાદેશ અને એના પછી તજિકસ્તાનનો નંબર આવે છે. ભારત છઠ્ઠા ક્રમાંક પર છે. જગતનાં શહેરોમાં સૌથી વધુ પૉલ્યુશન ઉત્તર પ્રદેશના લોનીમાં છે. ચીનનું હોતાન બીજા ક્રમે આવે છે જ્યારે મેઘાલયનું બર્નીહાટ ત્રીજા ક્રમાંક પર આવે છે. આઠમા વર્લ્ડ ઍર ક્વૉલિટી રિપોર્ટ (એક્યુઆર) મુજબ, ભારતનું લોની વિશ્વભરમાં સૌથી પ્રદૂષિત શહેર તરીકે ઓળખાયું છે, જ્યાં સરેરાશ પીએમ ૨.૫ સ્તર ૧૧૨.૫ માઇક્રોગ્રામ પરક્યુબિક મીટર હતું. દરમિયાન, પાકિસ્તાનને વિશ્વના સૌથી પ્રદૂષિત દેશ તરીકે સ્થાન આપવામાં આવ્યું હતું, જ્યાં પીએમ૨.૫ની સાંદ્રતા વિશ્વ આરોગ્ય સંગઠનના ભલામણ કરેલ સ્તર કરતા ૧૩ ગણી વધારે હતી. બાંગ્લાદેશ અને તજિકિસ્તાન પાકિસ્તાન પછી બીજા અને ત્રીજા ક્રમે સૌથી પ્રદૂષિત દેશો હતા, જ્યારે ભારત ૨૦૨૫માં છઠ્ઠા ક્રમે હતું. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# પેટ્રોલ-ડીઝલની બબાલ, મોદીએ વાસ્તવિકતા સ્વીકારીને સારું કર્યું

**અત્યાર** લગી ઓલ ઈઝ વેલની આલબેલ વગાડ્યા કરતી કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારે અંતે સ્વીકાર્યું કે, અમેરિકા-ઈઝરાયલના ઈરાન પરના આક્રમણને કારણે દુનિયાભરમાં ક્રૂડ ઓઈલની તંગી વર્તાઈ રહી છે અને ભારતમાં પણ સ્થિતિ વિકટ છે. મોદીએ એ પણ સ્વીકાર્યું કે, યુદ્ધના કારણે ભારતના વેપારને અસર થઈ છે કેમ કે વ્યાપારના માર્ગો પ્રભાવિત થઈ રહ્યા છે. નેચરલ ગેસ અને તેલ જેવી જરૂરી ચીજવસ્તુઓનો પુરવઠો પ્રભાવિત થઈ રહ્યો છે અને ફર્ટિલાઇઝર પણ ભારતમાં પૂરતા પ્રમાણમાં નથી આવી રહ્યા. હોર્મુઝ સ્ટ્રેટમાં ભારતનાં જહાજો અને ભારતીય ક્રૂ ફસાયેલા છે. મોદીએ એવો દાવો પણ કર્યો કે, ભારતે ક્રૂડ ઓઇલનો પુરવઠો સતત મળે એવી વ્યવસ્થા ગોઠવી છે. ભારતમાં એલપીજીનું ઉત્પાદન વધારવાનું કામ ચાલુ છે અને લોકો વધારે પ્રમાણમાં પીએનજી તરફ વળે એ માટેના પ્રયત્નો પણ ચાલુ છે.

મોદીએ રાજ્યસભામાં કરેલી વાતો તેમની સરકારના અગાઉના વલણથી વિરોધાભાસી છે કેમ કે, અત્યાર લગી કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારો લોકોને સતત સધિયારો આપ્યા કરતી હતી કે, આપણી પાસે પૂરતા પ્રમાણમાં પેટ્રોલ-ડીઝલ અને ગેસ છે જ તેથી કોઈએ ચિંતા કરવાની જરૂર નથી. પેટ્રોલ-ડીઝલ અને ગેસની તંગીની વાતો અફવાઓ છે તેથી અફવાઓથી દોરવાઈને લોહીઉકાળા કરશો નહીં. મોદીએ હવે લોકોને રિયાલિટી ચેક આપી દીધું તેના કારણે ઘણાંને આંચકો લાગ્યો છે પણ મોદીનું વલણ યોગ્ય છે કેમ કે લોકોને વાસ્તવિકતાથી વાકેફ કરવી જરૂરી છે.

મોદીનું નિવેદન એવા સમયે આવ્યું છે કે જ્યારે પેટ્રોલ પંપોની બહાર લાઈનો લાગી રહી છે, લોકો ગેસના બાટલા લેવા માટે પણ દોડધામ કરી રહ્યા છે. જેમની પાસે મહિનો ચાલે એટલો એલપીજી છે એ લોકો ઊંચા ભાવ આપીને પણ બબ્બે ત્રણ-ત્રણ બાટલા ખરીદીને સંગ્રહ કરી રહ્યા છે. પેટ્રોલ-ડીઝલમાં તો વધારે સંઘરાખોરી શક્ય નથી છતાં જે લોકો રોજનું પચાસ-સો રૂપિયાનું પેટ્રોલ ભરાવીને ગાડું ગબડાવતા હતા તે લોકો પણ ટાંકીઓ ફુલ કરાવી રહ્યા છે.

આ દોડાદોડીનું કારણ એ છે કે, લોકોને અત્યાર સુધી સરકારે કરેલી વાતો પર જરાય ભરોસો નથી. લોકોને સરકાર પર ભરોસો નથી તેનું કારણ સત્તામાં બેઠેલા લોકોની સાવ તળિયે ગયેલી વિશ્વસનિયતા છે. ભારતીયોની માનસિકતા રઘવાટ કરવાની છે અને બહુમતી લોકો એકલપેટા છે તેના કારણે પણ સમસ્યા છે જ પણ મુખ્ય કારણ તો સરકાર પર અવિશ્વાસ છે.

અત્યારે મોટા ભાગના લોકો કોરોનાકાળ વખતે કેન્દ્ર સરકારે કરેલી વાતોને યાદ કરીને એવું જ કહે છે કે, સરકારનો જરાય ભરોસો કરવા જેવો નથી. કોરોનાકાળ વખતે આ સરકાર એવું કહ્યા જ કરતી હતી કે, કોઈએ ચિંતા કરવાની જરૂર નથી ને સરકારે બધી વ્યવસ્થા કરી છે પણ કોરોનાના કેસો ધડાધડ વધવા માંડ્યા પછી સરકારે હાથ અધ્ધર કરી નાંખેલા. હોસ્પિટલોમાં પથારીઓ ખૂટી પડેલી ને લોકો નીચે પડીને તરફડતાં હતાં છતાં સરકારો કશું કરી શકતી નહોતી.

કોરોનાની બીજી લહેર વખતે તો ઓક્સિજનના મુદ્દે થયેલા કડવા અનુભવોને લોકો કદી નહીં ભૂલી શકે કેમ કે હજારો પરિવારોએ તેની કિંમત પોતાનાં સ્વજનોને ગુમાવીને ચૂકવી છે. એ વખતે પણ સરકાર એવું જ કહ્યા કરતી હતી કે, ઓક્સિજનની જરાય તંગી નથી અને જેમને જેટલો જોઈએ એટલો ઓક્સિજન મળી જશે. ખરેખર લોકોને ઓક્સિજનની જરુર પડી ત્યારે સરકાર કશું ના કરી શકી ને વાતો વાતો જ રહી ગઈ હતી. ઓક્સિજનના અભાવે લોકો ટપોટપ મરી રહ્યાં હતાં ને તેમનાં સ્વજનો લાચાર થઈને દરવાજે દરવાજે ઠોકરો ખાતાં હતાં. લોકોને એ વખતે ભાન થયેલું કે સત્તાધીશોની વાતો પર ભરોસો ના થાય ને એ લોજિક લોકો અત્યારે લગાવી રહ્યાં છે.

આ વખતે પણ સરકારે લોકોને ઠાલાં આશ્વાસનો આપ્યાં તેના કારણે સરકાર પરનો ભરોસો ડગ્યો છે. યુદ્ધ શરૂ થયું ત્યારે સરકાર કહેતી હતી કે, ગેસની ચિંતા કરવાની જરૂર નથી પણ અત્યારે ગેસની તકલીફ છે જ. રાંધણગેસની તકલીફ હજુ ઊભી થઈ નથી પણ ઈન્ડસ્ટ્રિયલ અને કમર્શિયલ ગેસની તંગી ઉભી થઈ જ ગઈ છે. ગેસના અભાવે સંખ્યાબંધ ફેક્ટરીઓ બંધ થઈ ગઈ છે. મોરબીનો સિરામિક ઉદ્યોગ તેનું સાવ પાસેનું ઉદાહરણ છે. રેસ્ટોરાં અને હોટલોને પણ ગેસ નથી મળી રહ્યો. પાંચ-પાંચ હજાર રૂપિયા ખર્ચવા છતાં ગેસનો બાટલો નથી મળતો એવી રાડારાડ થઈ જ રહી છે. તેના કારણે પણ પેટ્રોલ અને ડીઝલના મામલે સરકારની ખાતરી પર કોઈ ભરોસો કરતું નથી. સૌને એમ જ છે કે, સરકાર પોતાની નિષ્ફળતા ઢાંકવા માટે ડાહી ડાહી વાતો કરે છે પણ આપણા વાહનમાં પેટ્રોલ કે ડીઝલ ખૂટશે ત્યારે સરકાર ભરી નથી આપવાની તેથી આપણે અત્યારથી સાબદા થઈ જઈએ એમાં જ આપણી ભલાઈ છે. ચેતતા નર સદા સુખી. ખેર, નથી આપણે લોકોની માનસિકતા બદલી શકવાના કે નથી સરકારની વિશ્વસનિયતા સુધારી શકવાના પણ મોદીની કબૂલાતના કારણે સરકારની વિશ્વસનિયતા સુધરે એવી આશા રાખીએ.

મોદી સરકારે વાસ્તવવાદી બનવાની સાથે થોડાંક એવાં પગલાં લેવાની જરૂર છે કે જેના કારણે લાઈનો લાગતી બંધ થાય. આ લાઈનો લાગે છે તેનું કારણ એ છે કે, લોકોને ઘરેથી નોકરી-ધંધાના સ્થળે જવું પડે ત્યારે પેટ્રોલ-ડીઝલ નહીં હોય તો આપણે રઝળી પડીશું તેની ચિંતા છે. આ ચિંતા દૂર કરવા સરકારે ઠાલા સધિયારા આપવાના બદલે શક્ય હોય ત્યાં વર્ક ફ્રોમ હોમનો અમલ કરાવવો જોઈએ, સ્કૂલ-કોલેજોમાં મિનિ વેકેશન જાહેર કરી દેવું જોઈએ.

કેટલાક લોકો લોકડાઉન કરી દેવાની વાતો કરે છે પણ એટલા આકરા થવાના બદલે આ પ્રકારનાં બે-ત્રણ નાનાં નાનાં પગલાંથી જ ફરક પડી જશે. લોકો ઘરે રહીને કામ કરશે કે છોકરાં સ્કૂલ-કોલેજ નહીં જાય તો પેટ્રોલ-ડીઝલ ઓછાં વપરાશે અને વાહનોની ટાંકી ભરેલી હશે તો લોકો નવું ખરીદવાની ચિંતા નહીં કરે. પેટ્રોલ-ડીઝલની તંગી ઊભી થાય તો પણ આપણે પહોંચી વળીશું એવો લોકોને ભરોસો બેસશે તેથી લાઈનો આપોઆપ બંધ થઈ જશે. અમેરિકા ઢીલું પડ્યું છે એ જોતાં બહુ જલદી યુદ્ધ બંધ થાય એવી પ્રબળ શક્યતા છે તેથી એકાદ અઠવાડિયાં માટે પણ આ પ્રકારનાં પગલાંથી બધી આશંકાઓ દૂર થઈ જશે.

આ બહુ સામાન્ય પગલાં છે પણ આ પ્રકારની જાહેરાતોથી સરકાર સ્થિતિને બેકાબૂ બનતાં રોકી ના શકી ને પહેલાં લોકોને બેવકૂફ બનાવેલા એવી છાપ પડે તેથી સરકાર આ પગલાં લેતાં ખચકાતી હશે. સરકારે આ ખચકાટ દૂર કરીને લોકોના હિતમાં વિચારવું જોઈએ. દરેક મુદ્દાને પ્રતિષ્ઠાનો પ્રશ્ન બનાવવાના બદલે ક્યારેક પ્રેક્ટિકલી વર્તવામાં કશું ખોટું નથી.

## આજનું પંચાંગ

**પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા**

ઉત્તરાયણ - સૌરવસંતઋતુ, બુધવાર, તા. ૨૫-૩-૨૦૨૬, શુક્ર મેષમાં

- ભારતીય દિનાંક ૪, માહે ચૈત્ર, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, ચૈત્ર સુદ -૭
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે ચૈત્ર, તિથિ સુદ-૭
- પારસી શહેનશાહી રોજ ૧૩મો તીર, માહે ૮મો આવાં, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૧૩મો તીર, માહે ૯મો આદર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૫મો સ્પેન્દાર્મદ, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૫મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૭મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૭
- નક્ષત્ર મૃગશીર્ષ સાંજે ક. ૧૭-૩૨ સુધી, પછી આર્દ્રા
- ચંદ્ર વૃષભમાં સવારે ક. ૦૬-૧૬ સુધી, પછી મિથુનમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃષભ (બ, વ, ઉ), મિથુન (ક, છ, ઘ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૪૦, અમદાવાદ ક. ૦૬ મિ. ૪૦, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૯, અમદાવાદ ક. ૧૮ મિ. ૫૧, સ્ટા. ટા.
- -ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતીઃ સાંજે ક. ૧૭-૦૦, મધ્યરાત્રિ પછી ક. ૦૪-૩૧ (તા. ૨૬)
- ઓટઃ સવારે ક. ૧૦-૦૨, રાત્રે ક. ૨૩-૦૮
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ' નામ સંવત્સર, ચૈત્ર શુક્લ - સપ્તમી. ભદ્રા પ્રારંભ બપોરે ક. ૧૩-૪૯, શુક્ર મેષમાં ક. ૨૯-૦૮.
- શુભાશુભ દિનશુદ્ધિ : શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ પ્રતિષ્ઠા, ચંદ્ર-બુધ ગ્રહદેવતાનું પૂજન, ખેરનું વૃક્ષ વાવવું, પરદેશગમનનું પસ્તાનું, હજામત, વિદ્યારંભ, નવા વાસણ, બાળકને અન્નપ્રાશન, નામકરણ, દેવદર્શન, પ્રથમ વાહન, નૌકા બાંધવી, ખેતીવાડી, સ્થાવર મિલકતની લેવડદેવડ, સર્વશાંતિ, નામકરણ, દેવદર્શન, શ્રી વિષ્ણુસહસ્ર નામ પાઠ વાંચન.
- આચમનઃ સૂર્ય-શનિ યુતિ ભાવહીન, ચંદ્ર-નેપ્ચ્યૂન ચતુષ્કોણ કુટિલ ચિત્તવાળા, ચંદ્ર-શનિ ચતુષ્કોણ પુરુષાર્થી, ચંદ્ર-સૂર્ય ચતુષ્કોણ આરોગ્યની સાવચેતી જરૂરી, ચંદ્ર-રાહુ ચતુષ્કોણ નિષ્ફળતાનો ભય.
- ખગોળ જ્યોતિષઃ સૂર્ય-શનિ યુતિ, ચંદ્ર-નેપ્ચ્યૂન ચતુષ્કોણ, ચંદ્ર-શનિ ચતુષ્કોણ (તા. ૨૬), ચંદ્ર-સૂર્ય ચતુષ્કોણ (તા. ૨૬), ચંદ્ર-રાહુ ચતુષ્કોણ (તા. ૨૬) ચંદ્ર વિષુવવૃત્તથી ઉત્તરે ૨૮ અંશ, ૪ કળાના અંતરે રહે છે.
- ગ્રહગોચરઃ સૂર્ય-મીન, મંગળ-કુંભ, માર્ગી બુધ-કુંભ (બુધ દેખાશે), માર્ગી ગુરુ-મિથુન, શુક્ર-મીન/મેષ (શુક્ર પશ્ચિમમાં દેખાશે) માર્ગી શનિ-મીન (શનિ અસ્ત) રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર.

# કાશ્મીરનાં અલગતાવાદી નેતા આસિયા અંદ્રાબીને જનમટીપ

નવી દિલ્હીઃ દિલ્હીની અદાલતે કાશ્મીરી અલગતાવાદી નેતા અને દુખતરાન-એ-મિલ્લતનાં વડાં આસિયા અંદ્રાબીને દેશ સામે કાવતરું કરવાનો ગુનો કરવા બદલ જનમટીપની સજા ફટકારી છે. વધારાના સેશન્સ જજ ચંદરજિત સિંહે આસિયાનાં બીજા બે સહયોગી સોફી ફહમીદા અને નાહિદા નસરીનને પણ ૩૦ વર્ષની સજા કરી હતી.

અદાલતે આસિયાને અનલોફુલ એક્ટિવિટિઝ (પ્રિવેન્શન) ઍક્ટની કલમ ૧૮ (કાવતરા માટે સજા) અને પહેલાંના આઈપીસીના ૧૨૦બી (ફોજદારી કાવતરું) અને ૧૨૧એ હેઠળ જનમટીપની સજા ફટકારી હતી. ત્રણેયને ૧૪ જાન્યુઆરીએ દોષી જાહેર કરવામાં આવ્યા હતા.

નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીએ આસિયાને આજીવન સજા દેવાની માગણી કરી હતી. અદાલતે ૨૯૬ પાનાનો ચુકાદો આપ્યો છે. ચુકાદામાં કહેવામાં આવ્યું છે કે આ ત્રણેયે કાશ્મીરને ભારતથી અલગ પાડવાનું કાવતરું કર્યું હતું. (એજન્સી)

# લોકસભાએ ટ્રાન્સજેન્ડર સુધારા ખરડો પસાર કર્યો

નવી દિલ્હીઃ લોકસભાએ ટ્રાન્સજેન્ડર વ્યક્તિના રક્ષણ અને અધિકારોના કાયદામાં સુધારા કરતો ખરડો મંગળવારે પસાર કર્યો હતો. જોકે વિરોધ પક્ષે સૂચિત સુધારામાં કાયદાના દાયરામાંથી સામાજિક ઝુકાવની બાદબાકી થઈ હોવાનો આક્ષેપ કરીને ચિંતા વ્યક્ત કરી હતી. ટ્રાન્સજેન્ડર પર્સન્સ (પ્રોટેકશન ઑફ રાઈટ્સ) એમેન્ડમેન્ટ બિલ, ૨૦૨૬ની ચર્ચાનો જવાબ આપતા સામાજિક ન્યાય અને સશક્તીકરણ ખાતાના પ્રધાન વિરેન્દ્ર કુમારે કહ્યું હતું કે સૂચિત સુધારાનો હેતુ બાયોલોજિકલ બાબત (જૈવિક બાબત)ને લીધે બહિષ્કારનો સામનો કરતા લોકોને રક્ષણ આપવાનો છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે સુધારાને લીધે ટ્રાન્સજેન્ડર ઈસમને કાનૂની માન્યતા અને સંરક્ષણ મળવાનું ચાલુ રહેશે. ૨૦૧૯ના કાયદામાં બે વર્ષની સજાની જોગવાઈ હતી, પરંતુ નવા સુધારામાં ૧૪ વર્ષ જેલની સજાની જોગવાઈ છે. વિરોધ પક્ષોએ સૂચવેલા સુધારા લોકસભાએ મૌખિક મતદાનથી ફગાવી નાખ્યા હતા.

# યુદ્ધ માટે 'બલિનો બકરો' સંરક્ષણ પ્રધાનને બનાવવાની ફિરાકમાં ટ્રમ્પ

વૉશિંગ્ટનઃ અમારી સરકાર ઈરાન સાથે ફળદાયી વાટાઘાટમાં રોકાયેલી છે અને યુદ્ધનો જલદી જ અંત આવશે એમ અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે જણાવ્યું હોવા વચ્ચે યુદ્ધ માટે સંરક્ષણ પ્રધાન પૅટ હૅગસૅથને બલિનો બકરો બનાવવામાં આવે એવી શક્યતા છે.

આ યુદ્ધ ખરેખર કોણે શરૂ કરાવ્યું અને તેના માટે જવાબદાર કોણ એ પ્રકારની ચર્ચા અમેરિકામાં ચાલી રહી છે.

યુદ્ધ ચોથા અઠવાડિયામાં પ્રવેશ્યું છે અને ટ્રમ્પે યુદ્ધના પ્રથમ દિવસે એટલે કે ૨૮ ફેબ્રુઆરીએ કરેલા દાવા મુજબ આગળ નથી વધી રહ્યું.

યુદ્ધના ૨૪મા દિવસની મધરાતે ટૅનેસિમાં એ કાર્યક્રમ દરમિયાન ટ્રમ્પે સંરક્ષણ પ્રધાન પૅટ હૅગસૅટ સામે અંગૂલીનિર્દેશ કરતા કહ્યું હતું કે પૅટ મને લાગે છે કે ઈરાન વિરુદ્ધ યુદ્ધ છેડવા અંગે પ્રથમ બોલનાર તમે હતા અને તમે જ કહ્યું હતું કે ઈરાન પાસે અણુશસ્ત્રો ન રહેવા જોઈએ એટલે આપણે આ યુદ્ધ કરવું જોઈએ. (એજન્સી)

# ચૂંટણીઢંઢેરામાં એઆઈએડીએમકેની રેવડીની જાહેરાત

## રેશનકાર્ડધારકને એક ફ્રિજ અને દરેક પરિવારને ૧૦,૦૦૦ રૂપિયા

ચેન્નઈઃ અખિલ ભારતીય અન્ના દ્રવિડ મુનેત્ર કળગમ (એઆઈએડીએમકે)ના મહામંત્રી એડપ્પડી કે. પલાનિસ્વામીએ મંગળવારે જાહેરાત કરી હતી કે જો તેમની પાર્ટી ૨૦૨૬ની વિધાનસભા ચૂંટણીમાં સત્તા પર આવશે તો રેશનકાર્ડ ધારકોને મફત રેફ્રિજરેટર (ફ્રીજ) આપવામાં આવશે. આ ઉપરાંત, તેમણે તમિલનાડુમાં રેશનકાર્ડ ધારકોને દર મહિને એક કિલો દાળ અને એક લિટર ખાદ્યતેલ મફત આપવાનું તેમજ કરવેરાના બોજ અને ભાવવધારાનો સામનો કરવા માટે દરેક પરિવારને ૧૦,૦૦૦ રૂપિયાની એક વખતની આર્થિક સહાય આપવાનું વચન આપ્યું હતું. રાજ્યમાં આશરે ૨.૨૨ કરોડ રેશનકાર્ડ ધારકો છે જેમને તમિળનાડુમાં ૩૪,૭૭૩ વાજબી ભાવની દુકાનોના જાહેર વિતરણ પ્રણાલીના નેટવર્ક દ્વારા દર મહિને મફત ચોખા અને સબસિડીવાળા ભાવે ખાંડ, તુવેર દાળ અને પામોલિન તેલ જેવી ચીજવસ્તુઓ મળે છે. પલાનિસ્વામીની આ જાહેરાતો પક્ષના દિવંગત નેતા અને પૂર્વ મુખ્યમંત્રી જે. જયલલિતાના માર્ગ પર જ ચાલે છે, જેમણે ૨૦૧૧ની તમિલનાડુ વિધાનસભા ચૂંટણી પહેલા એઆઈએડીએમકેના ચૂંટણીઢંઢેરાના ભાગરૂપે મફત પંખા, મિક્સર અને ગ્રાઇન્ડર આપવાની લોકપ્રિય યોજનાની જાહેરાત કરી હતી. સત્તામાં આવ્યા પછી, તેમણે પૂર્વ મુખ્યમંત્રી સી. એન. અન્નાદુરાઈની જન્મજયંતિના અવસરે ૧૫ સપ્ટેમ્બર, ૨૦૧૧ના રોજ આ મફત ચીજવસ્તુઓના વિતરણની શરૂઆત કરી હતી. અહીં એઆઈએડીએમકેના રાજ્ય મુખ્યાલય ખાતે ૨૩ એપ્રિલની ચૂંટણી માટે પક્ષનો ચૂંટણી ઢંઢેરો જાહેર કરતા પલાનિસ્વામીએ જણાવ્યું હતું કે, મફત ફ્રીજનો હેતુ ગૃહિણીઓના ઘરકામના ભારણને ઓછું કરવાનો છે. પાર્ટીએ અગાઉ જ પાત્ર પરિવારોને વર્ષમાં ત્રણ મફત એલપીજી સિલિન્ડર આપવાનું વચન આપ્યું છે, અને જો જલ્લીકટ્ટુ રમત દરમિયાન આખલાઓને કાબૂમાં કરનારાઓનું મૃત્યુ થાય તો તેમના પરિવારોને ૧૦ લાખ રૂપિયાની સખાવતી સહાય આપવી એ ઢંઢેરામાં અસંખ્ય આશ્વાસનોમાં સામેલ હતું.

## પહેલા પાનાનું ચાલુ

### પાકિસ્તાનની મધ્યસ્થી

હળવી કરવાનો અનુરોધ કર્યો છે. પાકિસ્તાને વૉશિંગ્ટન અને તહેરાન વચ્ચેની વાતચીત ઈસ્લામાબાદમાં થાય એવી દરખાસ્ત મૂકી છે. સૂત્રો જણાવે છે કે પાકિસ્તાને આ ઑફર અમેરિકા અને ઈરાનને આપી છે. પાકિસ્તાનના લશ્કરી વડા અશીમ મુનીરે અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ સાથે રવિવારે વાતચીત કરી હતી, જ્યારે વડા પ્રધાન શાહબાઝ શરીફે સોમવારે ઈરાનના પ્રમુખ મસુદ પેઝેશ્કીયાન સાથે વાતચીત કરી હતી. શરીફ અને મસુદની વાતચીત બાદ ટ્રમ્પે ઈરાનના પાવરપ્લાન્ટ પર હુમલો કરવાનું અલ્ટિમેટમ મોકૂફ રાખ્યું હતું.

પાકિસ્તાનના વડા પ્રધાને કહ્યું છે કે પાકિસ્તાન શાંતિ સ્થાપવા સકારાત્મક ભૂમિકા ભજવવાનું ચાલુ રાખશે. (એજન્સી)

### યુદ્ધની અસર

રચના કરી છે. રાજ્યસભામાં એક નિવેદનમાં તેમણે કહ્યું હતું કે આ યુદ્ધે વૈશ્વિક સ્તરે ગંભીર ઊર્જા સંકટ પેદા કર્યું છે. તેમણે કટોકટીનો લાભ લેતા લોકોને પણ ચેતવણી આપી હતી અને રાજ્ય સરકારોને કાળાબજારી અને સંગ્રહખોરી કરનારાઓ પર રોક લગાવવા કહ્યું હતું. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે સરકાર તમામ ઉપલબ્ધ સ્રોતોમાંથી ગેસ અને ક્રૂડ તેલ મેળવવાનો પ્રયાસ કરી રહી છે અને આગામી દિવસોમાં પણ પ્રયાસો ચાલુ રહેશે. સાથે તેમણે કહ્યું કે ખાતરોના પૂરતા પુરવઠા માટે જરૂરી તૈયારીઓ કરવામાં આવી છે. સરકાર આ કટોકટીના દરેક બાબતોનો સામનો કરવા માટે એક વ્યાપક વ્યૂહરચના સાથે કામ કરી રહી છે - પછી ભલે તે તેના ટૂંકા ગાળાના, મધ્યમ ગાળાના અથવા લાંબા ગાળાનાં પરિણામો હોય. તેમણે વધુમાં જણાવ્યું હતું કે સરકારે પહેલાથી જ એક આંતર-મંત્રાલય સમૂહની રચના કરી છે, જે આયાત-નિકાસ કામગીરીમાં કોઈપણ મુશ્કેલીઓનું મૂલ્યાંકન કરવા માટે નિયમિતપણે બેઠકો કરે છે અને જરૂરી ઉકેલો શોધવા માટે સતત કામ કરે છે.

વડા પ્રધાને કહ્યું કે કોવિડ-૧૯ મહામારી દરમિયાન વિવિધ ક્ષેત્રોમાં પડકારોનો સામનો કરવા માટે નિષ્ણાંતો અને અધિકારીઓના સમૂહની રચના કરવામાં આવી છે. આવા સાત નવા સમૂહોની રચના કરવામાં આવી હતી. આ સમૂહોને સપ્લાય ચેઇન, પેટ્રોલિયમ અને ડીઝલ, ખાતરો, કુદરતી ગેસ અને ફુગાવા જેવા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર તાત્કાલિક અને લાંબા ગાળાની વ્યૂહરચના મારફતે માર્ગદર્શન આપીને પગલાં લેવાનું કામ સોંપવામાં આવશે. મને સંપૂર્ણ વિશ્વાસ છે કે આ સામૂહિક પ્રયાસો દ્વારા આપણે પ્રવર્તમાન પરિસ્થિતિઓને અસરકારક રીતે પાર પાડી શકીશું. આપણે દરેક પડકારનો સામનો ધીરજ, સંયમ અને શાંત મનથી કરવો જોઈએ.

સતત બદલાતી પરિસ્થિતિ વચ્ચે તેમણે નાગરિકોને ઉદભવતા દરેક પડકાર માટે તૈયાર રહેવા વિનંતી કરી હતી. તેમણે કહ્યું કે એવી પ્રબળ સંભાવના છે કે આ સંઘર્ષના પ્રતિકૂળ પરિણામો લાંબા સમય સુધી ચાલુ રહેશે.

### ટ્રમ્પ-ખામનેઈ

ચોથા અઠવાડિમાં પ્રવેશ્યું ત્યારે બની રહી છે.

આ યુદ્ધની અસર મિડલ ઈસ્ટમાં જ નહીં પરંતુ ઊર્જા કટોકટીના રૂપમાં આખા વિશ્વમાં અનુભવાઈ રહી છે. ગ્લોબલ એનર્જી સિક્યોરિટી અંગે ચિંતા ઊભી થઈ છે કારણ કે તેલ અને વાયુની રિફાઈનરી વગેરે પર હુમલા થઈ રહ્યા છે. દરમિયાન પાકિસ્તાન, તુર્કી, ઈજિપ્ત વગેરે દેશો અમરિકા અને ઈરાન વચ્ચે મધ્સસ્થી કરી રહ્યા છે. આ ત્રણે દેશોએ વાતચીત યોજવાની ઑફર આપી છે. ઈરાન વાતચીતની ના પાડે છે, પરંતુ ટ્રમ્પની ટિપ્પણી સૂચવે છે કે વાતચીતમાં પ્રગતિ થઈ રહી છે.

ટ્રમ્પે હોર્મુઝ ખોલો નહીં તો ઈરાનના પાવર પ્લાન્ટ પર હુમલો કરવાની ધમકી આપી છે. જોકે તેમણે પછી આ ધમકી પાંચ દિવસ માટે મોકૂફ રાખી છે. તહેરાને હોર્મુઝ બંધ કરતાં આખા વિશ્વમાં પેટ્રોલના ભાવ આસમાને ગયા છે. અમેરિક અને ઈરાન વચ્ચે કોઈ પણ વાતચીત થાય તો મંગળવાર પહેલાં ન થઈ શકે. આ વાતચીતનો માર્ગ પણ સહેલો નહીં હોય. ઈઝરાયલે ઈરાનના નેતાઓ પર વધુ હમલા કરવાની ધમકી આપી હોવાથી ઈરાન કયા નેતાને વાતચીતની સત્તા આપે છે એ જોવાનું રહે છે. ટ્રમ્પે ઈરાનને બે વાર મંત્રણાને બહાને દગો આપ્યો હોવાથી પણ ઈરાન છાશ ફૂંકી ફૂંકીને પી રહ્યું છે.

#### જીત નહીં મળે ત્યાં સુધી લડીશુંઃ ઈરાની સૈન્ય

મિડલ-ઈસ્ટમાં ચાલી રહેલા યુદ્ધ વચ્ચે ઈરાનની સેનાના ટોચના લશ્કરી કમાન્ડે મંગળવારે એક મોટી જાહેરાત કરી હતી. ઈરાની સેનાએ જણાવ્યું હતું કે તેમની સેના સંપૂર્ણ વિજય ના મળે ત્યાં સુધી લડાઈ ચાલુ રાખશે. ખાતમ-અલ-અનબિયા સેન્ટ્રલ હેડક્વાર્ટરના પ્રવક્તા મેજર જનરલ અલી અબ્દુલ્લાહી અલીબાદીએ જણાવ્યું હતું કે ઈરાનની શક્તિશાળી સેના દેશની અખંડિતતાની રક્ષામાં ગર્વ, વિજય અને અડગ છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે આ યુદ્ધ વિજય ના મળે ત્યાં સુધી ચાલુ રહેશે.

#### ઈરાને લારીજાનીના અનુગામીને નિમ્યા

ઈઝરાયલના હવાઈ હુમલામાં અલી લારીજાનીના મૃત્યુ બાદ ઇરાને મોહંમદ બાઘેર ઝોલઘદ્રને સુપ્રીમ નેશનલ સિક્યોરિટી કાઉન્સિલના નવા સચિવ બનાવ્યા છે. મોહંમદ રિવોલ્યુશનરી ગાર્ડના ભૂતપૂર્વ કમાન્ડર અને અનુભવી લશ્કરી અધિકારી છે. તેમની નિમણૂકને ઈરાનની કડક સુરક્ષા નીતિના સંકેત તરીકે જોવામાં આવે છે. ઈરાનની સરકારી ટીવી તરફથી નવા સચિવની ઓળખ મોહંમદ બાઘેર ઝોલઘદ્ર તરીકે કરવામાં આવી છે. મોહંમદ બાઘેર ગાર્ડમાં બ્રિગેડિયર જનરલના હોદ્દા સુધી પહોંચ્યા હતા. તેઓ ઇરાનની એક્સપીડિએન્સી કાઉન્સિલના સચિવ તરીકે સેવા આપી રહ્યા હતા.

### ગુજરાત વિધાનસભામાં

બિલ લાવનાર ગુજરાત ઉત્તરાખંડ બાદ બીજું રાજ્ય બન્યું છે. આ મહત્ત્વાકાંક્ષી બિલને પસાર કરાવવા માટે શાસક પક્ષ ભાજપ દ્વારા તમામ ધારાસભ્યોને વ્હીપ જાહેર કરીને હાજર રહેવા આદેશ અપાયો હતો.

ગુજરાત સમાન નાગરિક સંહિતા (યુસીસી) બિલ અંગે નાયબ મુખ્ય પ્રધાન અને ગૃહ પ્રધાન હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, ગુજરાત માટે આજે ઐતિહાસિક દિવસ છે. જે રાજ્યમાં સોનેરી દિવસ તરીકે યાદ રાખવામાં આવશે. દેશને આઝાદી મળ્યા પછી પણ વ્યક્તિગત કાયદાઓ સમાજ અને ધર્મના આધારે અલગ-અલગ રહ્યા હતા, જેના કારણે સૌથી વધુ નુકસાન બહેનો અને દીકરીઓને સહન કરવું પડ્યું હતું. હવે યુસીસી દ્વારા લગ્ન, વારસાગત અને અન્ય નાગરિક મુદ્દાઓમાં બધા માટે સમાન નિયમો લાગુ થશે. તેમણે ઉમેર્યું કે, મહિલાઓ આ દિવસની વર્ષોથી રાહ જોઈ રહી હતી અને આજે તેઓ મુખ્ય મંત્રીને અભિનંદન પાઠવી રહી છે.

યુસીસી કોઈ એક ધર્મ માટે નહીં, પરંતુ સમગ્ર સમાજ માટે સમાન ન્યાય આપતું કાયદારૂપ છે. વડા પ્રધાનના વિઝન મુજબ યુસીસી અમલમાં મૂકનાર ગુજરાત દેશનું બીજું રાજ્ય બનશે. સંઘવીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે તમામ પક્ષોના ધારાસભ્યો પોતાના વિસ્તારની મહિલાઓના હિત અને અધિકારોને ધ્યાનમાં રાખીને આ બિલને સમર્થન આપશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ વિધેયકનો મુખ્ય ઉદ્દેશ્ય તમામ ધર્મના નાગરિકો માટે લગ્ન, છૂટાછેડા, વારસાઈ અને લિવ-ઇન રિલેશનશિપ જેવા વિષયોમાં એકસમાન કાયદો લાવવાનો છે. લગ્ન અને છૂટાછેડાની નોંધણી હવે ફરજિયાત બનશે. લિવ-ઇન પાર્ટનર્સે રજિસ્ટ્રાર પાસે નિવેદન સબમિટ કરવું પડશે. આવા સંબંધોથી જન્મેલા બાળકોને કાયદેસર ગણવામાં આવશે અને તેમને તમામ કાયદાકીય સુરક્ષા મળશે. આ કાયદો ગુજરાતમાં રહેતા તમામ લોકો ઉપરાંત રાજ્યની બહાર રહેતા ગુજરાતના મૂળ રહેવાસીઓને પણ લાગુ પડશે.

ગુજરાત સરકાર દ્વારા સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ જસ્ટિસ રંજના પ્રકાશ દેસાઈની અધ્યક્ષતામાં એક ઉચ્ચ સ્તરીય નિષ્ણાત સમિતિની રચના કરવામાં આવી હતી.

### ટ્રેન ઉપડવાના

કરવામાં આવ્યો છે. તત્કાળ ટિકિટ બુકિંગની પ્રથમ ૩૦ મિનિટ માટે એજન્ટો પર પ્રતિબંધિત મુકવામાં આવ્યો છે. બિન-પ્રમાણિત (નકલી) યુઝર્સને દૂર કરવા માટે એન્ટિ-બોટ સિસ્ટમ લાગુ કરવામાં આવી છે. પ્રસ્થાનના ૩૦ મિનિટ પહેલા સુધી કાઉન્ટર ટિકિટ પર ટ્રાવેલનો ક્લાસ અપગ્રેડ કરાવી શકાશે.

### ૧૩ વર્ષ કૉમામાં

હોસ્પિટલમાં દાખલ કર્યા પછી હરિશને ન્યૂટ્રિશનલ સપોર્ટ ધીમે ધીમે હટાવી લેવામાં આવ્યો હતો. તેના પરિવારમાં તેના માતાપિતા, અશોક અને નિર્મલા રાણા છે. સર્વોચ્ચ અદાલતના ચુકાદા પછી હરીશના પરિવારે કહ્યું હતું કે આર્ટિફિશિયલ લાઈફ સપોર્ટ હટાવવાની પરિવારને કોઈ વ્યક્તિગત લાભ થશે નહીં પરંતુ વ્યાપક જાહેર હિતમાં આ નિર્ણય સમાન પરિસ્થિતિઓનો સામનો કરી રહેલા અન્ય લોકોને મદદ કરી શકે છે. તેના પિતાએ કહ્યું હતું કે પેસિવ યુથેનેશિયા વર્ષોની તકલીફ બાદ હરીશનું ગૌરવ પરત અપાવશે. સર્વોચ્ચ અદાલતે એઈમ્સ-દિલ્હીને નિર્દેશ આપ્યો હતો કે લાઈફ સપોર્ટને એક ખાસ યોજના હેઠળ હટાવવામાં આવે જેથી ગૌરવ જળવાઈ રહે.

### રાજસ્થાન રૉયલ્સ

ફૅમિલીના રૉબ વૉલ્ટન તથા હૅમ્પ ફૅમિલી (ફોર્ડ)નો સમાવેશ છે. સોમાની અમેરિકાના ઍરિઝોના-સ્થિત ટેક્નોલૉજી ક્ષેત્રના સાહસિક છે જેમણે ઇન્ટ્રાએજ, ટ્યુો.એઆઇ અને ઍકેડેમિયન સહિતની કંપનીઓ સ્થાપી છે.

#### બીજા કોણ દાવેદાર હતા?

પીટીઆઇના અહેવાલ મુજબ આરઆરને ખરીદવા માટેના અન્ય દાવેદારોમાં ટાઇમ્સ ઇન્ટરનેટના નેતૃત્વ હેઠળના કંપનીઓના સમૂહનો, આદિત્ય બિરલા ગ્રૂપનો અને મિત્તલ જૂથનો સમાવેશ હતો.

#### ડીલ ક્યારથી લાગુ ગણાશે?

આરઆરના વેચાણ માટે બીસીસીઆઇની પરવાનગી જરૂરી બનશે અને આ ડીલ ૨૦૨૬ની આઇપીએલ પછી લાગુ ગણાશે. આ ફ્રૅન્ચાઇઝીમાં બ્રિટન-સ્થિત ઉદ્યોગપતિ મનોજ બદાલેની ૬૫ ટકા ઇક્વિટી રહી છે. ભૂતકાળમાં આ ટીમની ઇક્વિટીમાં શિલ્પા શેટ્ટીના પતિ રાજ કુંદ્રાનો પણ હિસ્સો હતો.

માહિતગાર સૂત્રોએ જણાવ્યું હતું કે આરઆરના આ ડીલ પરથી બ્રૅન્ડ તરીકે આઇપીએલની ક્રિકેટજગતમાં કેટલી બધી લોકપ્રિયતા છે એનો અંદાજ આવે છે. આરઆરના નવા ડીલ સંદર્ભમાં આઇપીએલના અગાઉના મોટા સોદા તરીકે લખનઊ સુપર જાયન્ટ્સ (એલએસજી)નો ઉલ્લેખ કરવામાં આવી રહ્યો છે. ૨૦૨૧માં ઉદ્યોગપતિ સંજીવ ગોયેન્કાએ એલએસજી ફ્રૅન્ચાઇઝીને ૭,૦૦૦ કરોડથી પણ વધુ રૂપિયામાં ખરીદ્યું હતું. આરઆરના નવા ડીલની સત્તાવાર જાહેરાત ચાર-પાંચ દિવસમાં થશે એવી સંભાવના છે.

### લડાઈ અટકી જવાની

પાંચ દિવસ લંબાવશે, ત્યારબાદ વિશ્વભરના શેરબજારોમાં તેજી આવી હતી.

ભૂ-રાજકીય ચિંતાઓને હળવી કરવાને કારણે આ સુધારો થયો છે. વિશ્લેષકોએ નોંધ્યું હતું કે યુએસ અને ઇરાન વચ્ચેના તણાવમાં ઘટાડો થવાના પ્રારંભિક સંકેતોએ પાછલા સત્રમાં થયેલા તીવ્ર નુકસાન પછી રોકાણકારોનો વિશ્વાસ પુનઃસ્થાપિત કરવામાં મદદ કરી હતી. જોકે, તેમણે ચેતવણી આપી હતી કે આવા ઉછાળા શોર્ટ કવરિંગ અને સોદાબાજી ખરીદીને પ્રતિબિંબિત કરી શકે છે.

એશિયન બજારો પણ ઊંચા મથાળે બંધ થયા હતા, દક્ષિણ કોરિયા, જાપાન, ચીન અને હોંગકોંગના મુખ્ય સૂચકાંકો વધારો નોંધાવતા હતા. તેનાથી વિપરીત, યુરોપિયન બજારો મોટાભાગે નીચા વેપાર કરી રહ્યા હતા, જ્યારે સોમવારે યુએસ બજારો હકારાત્મક ક્ષેત્રમાં બંધ થયા હતા.

### હિન્દુ, શીખ,

સંસદ કે વિધાનસભામાં ઘડવામાં આવેલા કાયદાનો લાભ ન મળી શકે. બેન્ચે વધુમાં કહ્યું હતું કે ક્લોઝ ત્રણ નિરપેક્ષ છે અને એમાં કોઈ અપવાદ નથી. કોઈ વ્યક્તિ ક્લોઝ ત્રણમાં જણાવવામાં આવેલા ધર્મ સિવાયના ધર્મ કે પ્રણાલી અપનાવીને અનુસૂચિત જાતિના સભ્ય હોવાનો દાવો ન કરી શકે. આંધ્ર પ્રદેશ હાઈ કોર્ટે ૩૦ એપ્રિલ ૨૦૨૫એ ચુકાદો આપ્યો હતો કે કોઈ વ્યક્તિ ખ્રિસ્તી ધર્મ અપનાવે અને એની શ્રદ્ધાનું પાલન કરે તો એને અનુસૂચિત જાતિનો સભ્ય ગણી શકાય નહીં. (એજન્સી)

# મુંબઈમાં ત્રણ વર્ષમાં એમટીઆર-ટીબીમાં ૨૮ ટકાનો ઘટાડો, પણ...

મુંબઈ: મુંબઈમાં છેલ્લાં ત્રણ વર્ષમાં મલ્ટી-ડ્રગ રેઝિસ્ટન્ટ ટ્યુબરક્યુલોસિસ (એમટીઆર-ટીબી)ના કેસોમાં ૨૮ ટકાનો નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે, પરંતુ વાસ્તવમાં તપાસના દરમાં ઘટાડો થયો હોવાનું સામે આવી રહ્યું છે. આના કારણે આરોગ્ય ક્ષેત્રના નિષ્ણાતો અને ફ્રન્ટલાઈન કાર્યકરોએ એવી આશંકા વ્યક્ત કરી છે કે આ ઘટેલા આંકડા પાછળ અધૂરું નિદાન જવાબદાર હોઈ શકે છે.

ઉપલબ્ધ માહિતી અનુસાર ૨૦૨૨માં ૫,૬૯૮ એમડીઆર દર્દીઓ નોંધાયા હતા, જે ૨૦૨૫માં ઘટીને ૪૦૮૦ થઈ ગયા છે. આ ઘટાડાને સકારાત્મક માનવામાં આવે છે, પરંતુ તેની પાછળના કારણો પર પ્રશ્નાર્થ ચિહ્ન ઊભું થયું છે. કારણ કે કેટલાક આરોગ્ય કર્મચારીઓનું કહેવું છે કે, તપાસના પ્રમાણમાં ઘટાડો થવાને કારણે ઘણા દર્દીઓનું નિદાન થયું નથી.

દરમિયાન મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના ડેટા અનુસાર, ૨૦૨૫ માં ૧૩,૦૮,૨૦૦૦ જેટલા અત્યંત સંવેદનશીલ વ્યક્તિઓનું કોમ્યુનિટી ટીબી માટે સ્ક્રીનિંગ કરવામાં આવ્યું હતું. એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે નિદાન પ્રક્રિયામાં સુધારો થયો છે. ૨૦૨૫ માં ૫૪,૩૯૦ ટીબી દર્દીઓ પર છાતીનો એક્સ-રે કરવામાં આવ્યો હતો, જેમાં લગભગ ૪૪ ટકા કેસ મળી આવ્યા હતા. ■

# મલાડમાં જ્યોતિષીનું કુકર્મ: અશ્લીલ વીડિયો બનાવીને મહિલાનું જાતીય શોષણ

## સોશ્યલ મીડિયાના માધ્યમથી થઈ ઓળખાણ: આરોપીએ ૩૩ લાખ રૂપિયા પડાવ્યા

મુંબઈ: નાશિકના બહુચર્ચિત સ્વયંઘોષિત ન્યૂમરોલૉજિસ્ટ અશોક ખરાત પ્રકરણ જેવી જ ઘટના મુંબઈના મલાડ વિસ્તારમાં બની હતી. સોશ્યલ મીડિયાના માધ્યમથી ઓળખાણ થયા પછી અશ્લીલ વીડિયો બનાવીને મહિલાનું કથિત જાતીય શોષણ કરનારા જ્યોતિષીએ મહિલા પાસેથી ૩૩ લાખ રૂપિયા પડાવ્યા હતા. વધુ રૂપિયાની લાલચ કરવા જતાં જ્યોતિષીએ આખરે લૉકઅપભેગા થવું પડ્યું હતું.

પોલીસના જણાવ્યા મુજબ આરોપીની ઓળખ મીરા રોડમાં રહેતા અમર મહાગાવકર તરીકે થઈ હતી. આરોપી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની સુસંગત કલમો અને ઈન્ફર્મેશન ટેક્નોલૉજી ઍક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો.

ફરિયાદમાં જણાવાયું હતું કે ફેબ્રુઆરી, ૨૦૨૫માં મહિલાની ઓળખામ ફેસબુકના માધ્યમથી આરોપી સાથે થઈ હતી. તેણે પોતાની ઓળખ જ્યોતીષી તરીકે આપી હતી. બન્ને ઑક્ટોબર, ૨૦૨૫ સુધી સોશ્યલ મીડિયાના માધ્યમથી સંપર્કમાં હતા. બોરીવલીમાં રહેતી મહિલા ધીરે ધીરે આરોપી પર વિશ્વાસ કરવા લાગી હતી. આ વાતનો ફાયદો ઉઠાવી આરોપીએ મહિલાને મળવા રાજી કરી હતી.

નક્કી થયા પ્રમાણે મહિલા માર્વે બીચ નજીક આરોપીને મળવા ગઈ હતી. આરોપી તેને નજીકની એક હોટેલમાં લઈ ગયો હતો, જ્યાં તેની ઇચ્છા વિરુદ્ધ આરોપીએ તેની સાથે શારીરિક સંબંધ બાંધ્યો હતો. આ કૃત્યનો આરોપીએ વીડિયો પણ બનાવ્યો હતો.

ફરિયાદમાં આક્ષેપ કરાયો હતો કે આ વીડિયોની મદદથી આરોપી મહિલાને ધમકાવતો હતો. વીડિયો વાયરલ કરવાની ધમકી આપી તે મહિલાનું જાતીય શોષણ કરતો હતો. ડરી ગયેલી મહિલા પાસેથી તેણે સમયાંતરે ૩૩ લાખ રૂપિયા પણ પડાવ્યા હતા. ■

# ઉલ્હાસનગરમાં પડોશીની કરપીણ હત્યા કરનારા યુવકની ધરપકડ

થાણે: જૂના વિવાદમાં પથ્થર અને ઈંટ ફટકારી પડોશીની કરપીણ હત્યા કરવાના કેસમાં પોલીસે યુવકની ધરપકડ કરી હતી.

પોલીસના જણાવ્યા મુજબ સોમવારની બપોરે ઉલ્હાસનગરમાં બનેલી ઘટનામાં મૃત્યુ પામેલા શખસની ઓળખ પ્રવીણ આશિક વર્મા (૨૮) તરીકે થઈ હતી. જોકે હત્યા પાછળનો હેતુ સ્પષ્ટ થઈ શક્યો નહોતો. મુખ્ય આરોપી પપ્પી ઉર્ફે શુભમ અર્જુન પાટીલ (૨૬) અને વર્મા એક જ પરિસરમાં રહે છે. તેમની વચ્ચે અગાઉ પણ વિવાદ થયો હતો. સોમવારે પાટીલે તેના સાથી સાથે મળીને વર્માને બિરલા ગેટ નજીક આંતર્યો હતો. પછી તેના પર પથ્થર અને ઈંટથી હુમલો કર્યો હતો, એવું ઉલ્હાસનગર પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું.

આ હુમલામાં વર્માનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. વર્માના ભાઈએ નોંધાવેલી ફરિયાદને આધારે પોલીસે હત્યાનો ગુનો નોંધ્યો હતો. દરમિયાન બનાવની જાણ થતાં પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. વર્માના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હૉસ્પિટલમાં લઈ જવાયો હતો. પોલીસે પાટીલની ધરપકડ કરી હતી, જ્યારે ગુનામાં સંડોવાયેલા બીજા શકમંદની શોધ હાથ ધરી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું. ■

# શું ખડસેને ગૃહમાં આવતા રોકવા માટે મેલીવિદ્યાનો ઉપયોગ થયો છે?

## વિધાન પરિષદમાં એનસીપી નેતાનો સનસનાટીભર્યો આક્ષેપ!

મુંબઈ : અશોક ખરાત કેસને લઈને રાજકીય વર્તુળોમાં મંત્રતંત્રની ચર્ચા થઈ રહી છે ત્યારે વિધાન પરિષદમાં શંકા વ્યક્ત કરવામાં આવી હતી કે, શું કોઈએ એનસીપી શરદ પવાર જૂથના વિધાનસભ્ય એકનાથ ખડસે પર જાદુ કર્યો છે? રાજ્યના પ્રધાન અને ભાજપ નેતા ગિરીશ મહાજને એકનાથ ખડસેની ગેરહાજરીની ટીકા કરી હતી. ગૃહમાં તેના પ્રત્યાઘાત પડ્યા હતા. ગિરીશ મહાજન અને એકનાથ ખડસે વચ્ચેનો રાજકીય વિવાદ વકરી ગયો છે. તક મળતાં જ બંને એકબીજા પર ટીકા, ખોટા આરોપપ્રતિઆરોપ કરવાનું શરૂ કરી દે છે. રાજ્ય વિધાનસભા પરિષદમાં પણ રાજ્યપ્રધાન ગિરીશ મહાજને એકનાથ ખડસે પર જોરદાર પ્રહારો કર્યા હતા.

ગિરીશ મહાજને કહ્યું કે એકનાથ ખડસે ઘરેથી જ રસપ્રદ પ્રશ્નો પૂછે છે, પણ ગૃહમાં હાજર રહેતા નથી. તેઓ એક દિવસ પણ ગૃહમાં આવ્યા નથી. ખડસેએ પ્રશ્નો પૂછ્યા પછી ગૃહમાં આવવું જોઈએ. તેમણે વધુમાં કહ્યું કે એકનાથ ખડસે દ્વારા ઉઠાવવામાં આવેલા પ્રશ્નો દરરોજ ગૃહમાં ઉઠાવવામાં આવે છે. તેમણે પ્રશ્ન કર્યો કે શું અગ્રણી લોકોનો ઉપયોગ બ્લેકમેઇલિંગ માટે થઈ રહ્યો છે.

ત્યારબાદ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના વિધાનસભ્ય શશિકાંત શિંદેએ એકનાથ ખડસેનો બચાવ કર્યો હતો. તેમની ગેરહાજરી અંગે શિંદેએ કહ્યું કે તેમણે એકનાથ ખડસે સાથે ફોન પર વાત કરી હતી. ખડસેની તબિયત સારી નથી, તેથી તેઓ ગૃહમાં આવતા નથી. શિંદેએ આગળ કહ્યું કે તેઓ તપાસ કરશે કે શું કોઈએ તેમને બીમાર કે ગૃહમાં ન આવવા દેવા માટે જાદુટોણાનો ઉપયોગ કર્યો છે. ■

# મધ્ય રેલવે દ્વારા ઉનાળામાં લોકમાન્ય ટિળક ટર્મિનસ - નાગપુર અને પુણે - નાગપુર રૂટ પર સ્પેશ્યલ ટ્રેનો દોડાવાશે

મુંબઈ: મધ્ય રેલવે દ્વારા ઉનાળાના વેકેશનમાં વધતી જતી ભીડને ધ્યાનમાં રાખીને લોકમાન્ય ટિળક ટર્મિનસ - નાગપુર અને પુણે - નાગપુર આ બંને રૂટ પર સ્પેશિયલ ટ્રેનો શરૂ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

ટ્રેન નંબર ૦૧૦૨૧, આ સ્પેશિયલ ટ્રેન ત્રીજી એપ્રિલના રોજ લોકમાન્ય ટિળક ટર્મિનસથી વહેલી સવારે ૧૨.૫૫ વાગે ઉપડશે અને તે જ દિવસે બપોરે ૩.૪૪ વાગે નાગપુર પહોંચશે. તેવી જ રીતે ટ્રેન નંબર ૦૧૦૨૨, ત્રીજી એપ્રિલના રોજ નાગપુરથી રાતે ૮ વાગે ઉપડશે અને બીજા દિવસે સવારે અંદાજે ૧૧.૪૫ વાગે લોકમાન્ય ટિળક ટર્મિનસ પહોંચશે. આ ટ્રેનો બંને તરફથી થાણે તેમજ કલ્યાણ, ઇગતપુરી, નાશિક રોડ, મનમાડ, જળગાંવ, ભુસાવળ, મલકાપુર, શેગાંવ, અકોલા, મૂર્તિજાપુર, બડનેરા અને ધામણગાંવ, વર્ધા સ્ટેશનો પર થોભશે, તેવી માહિતી સામે આવી છે. ટ્રેન નંબર ૦૧૪૬૭ આ સ્પેશિયલ ટ્રેન શુક્રવાર, ત્રીજી એપ્રિલના રોજ પુણે સ્ટેશનથી બપોરે ૩.૫૦ વાગે ઉપડશે અને બીજા દિવસે સવારે ૬.૩૦ વાગે નાગપુર પહોંચશે. આ ઉપરાંત ટ્રેન નંબર ૦૧૪૬૮ આ સ્પેશિયલ ટ્રેન શનિવાર, ચોથી એપ્રિલના રોજ નાગપુરથી સવારે ૮ વાગે ઉપડશે અને તે જ દિવસે રાતે ૧૧.૩૦ વાગ્યા સુધીમાં પુણે પહોંચશે. આ ટ્રેન ઉરુલી, દૌંડ કોર્ડ લાઇન, અહેમદનગર, બેલાપુર અને કોપરગાંવ, મનમાડ, જલગાંવ, ભુસાવલ, મલકાપુર, શેગાંવ, અકોલા, બડનેરા, ધમણગાંવ અને વર્ધા સ્ટેશન પર થોભશે. ■

# ઉદ્ધવ ઠાકરેનો વિધાન પરિષદમાં કાર્યકાળ પૂરો, એકનાથ શિંદેએ સન્માન સાથે આપી વિદાય

મુંબઈ: ઉદ્ધવ ઠાકરે અને એકનાથ શિંદે વચ્ચે લગભગ પચીસ વર્ષ સુધી ગાઢ સાથીદારોનો સંબંધ રહ્યો. પરંતુ ૨૦૨૨માં, એકનાથ શિંદેએ ઠાકરેનો પક્ષ છોડીને ૪૦ વિધાનસભ્યો સાથે શિવસેના છોડવાનો નિર્ણય લીધો. ત્યારબાદ, એકનાથ શિંદેએ છેલ્લા ચાર વર્ષ સુધી નોંધપાત્ર રાજકારણ કર્યું, દાવો કર્યો કે અમે અસલી શિવસેના છીએ. આ દરમિયાન, ઠાકરે પરિવાર સાથે સંઘર્ષનો સમય પણ જોવા મળ્યો, પરંતુ એકનાથ શિંદેએ શક્ય તેટલા ઠાકરે પ્રત્યેની પોતાની લાગણીઓ જાળવી રાખી. આજે પણ, વિધાન પરિષદમાં ઉદ્ધવ ઠાકરેને શુભેચ્છા પાઠવતી વખતે, એકનાથ શિંદેએ તેમને સાહેબ તરીકે સંબોધ્યા હતા. વિધાન પરિષદના ૯ સભ્યોનો કાર્યકાળ પૂરો થઈ રહ્યો હતો, ત્યારે તેમનો વિદાય સમારંભ હોલમાં યોજાયો હતો. ઉદ્ધવ ઠાકરે (શિવસેના) સહિત વિધાન પરિષદમાં ૯ વિધાનસભ્યો, જેમ કે નીલમ ગોર્હે (શિવસેના શિંદે જૂથ), અમોલ મિટકરી (એનસીપી અજિત પવાર જૂથ), શશિકાંત શિંદે (એનસીપી શરદ પવાર જૂથ), રાજેશ રાઠોડ (કોંગ્રેસ), સંદીપ જોશી (ભાજપ), દાદારાવ કેચે (ભાજપ), રણજીતસિંહ મોહિતે-પાટીલ (ભાજપ) અને સંજય કીણેકર (ભાજપ)ની સભ્યપદની મુદત પૂરી થઈ ગઈ છે. એકનાથ શિંદેએ આ સભ્યોને તેમના ભાવિ જીવન માટે શુભકામનાઓ પાઠવી હતી. શિંદેએ ઉદ્ધવ ઠાકરે વિશે શું કહ્યું તેમાં ઘણા લોકોને ખાસ રસ હતો. એકનાથ શિંદેએ કહ્યું કે ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરે સાહેબ આ ગૃહમાંથી નિવૃત્ત થઈ રહ્યા છે. હું ભગવાનને પ્રાર્થના કરું છું કે તેઓ લાંબુ અને સ્વસ્થ જીવન જીવે અને ઉદ્ધવ ઠાકરેને તેમની ભાવિ રાજકીય સફર માટે શુભેચ્છા પાઠવી હતી. ■







LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## સંસ્થા સમાચાર

### શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજ સ્થાપના દિન રામનવમી નિમિત્તે ખાસ કાર્યક્રમ

શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજ દ્વારા રામનવમી તા. ૨૬મી માર્ચ ૨૦૨૬, ‘સમાજ’ના સ્થાપના દિન નિમિત્તે રજનીભાઈ આચાર્ય નિર્મિત ‘રામલીલા’ સંગીતમય ફિલ્મ સાંજે ૭.૦૦ કલાકે સમાજ ભવનમાં દર્શાવવામાં આવશે.

### મ્યુઝિક, ડાન્સને ઉદ્દેશ

એ.કે. મુન્શી યોજના જે દિવ્યાંગ બાળકો માટે સ્કૂલ ચલાવે છે, એણે એક યાદગાર ઇવેન્ટ નહેરુ ઓડિટોરિયમમાં આયોજિત કરી હતી. એ દરમિયાન ગાયક નીતિન મુકેશે એક એકથી ચડિયાતાં ગીતો ગાઈને કાર્યક્રમની શોભા વધારી હતી. સાથે જ સંગીત, ડાન્સ અને નેક ઉદ્દેશ આ ઇવેન્ટમાં ભળી ગયો હતો.

### નવી લાઈફ મેમ્બરશિપ

શ્રી માટુંગા ગુજરાતી સેવા મંડળ ૯૦ વર્ષથી સામાજિક સેવામાં કાર્યરત છે. હવે આ સંસ્થાએ નવા મેમ્બર બનાવવા માટે ફોર્મ બહાર પાડ્યા છે. ૧૫ એપ્રિલ સુધી આ ફોર્મ ભરીને આપવાના રહેશે. વર્ષમાં બે-ત્રણ વખત સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

# મુલુંડમાં બે જૂથ વચ્ચે અથડામણમાં ત્રણ જખમી

મુંબઈઃ મુલુંડમાં જૂની અદાવતમાં તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી ત્રણ જણને ગંભીર જખમી કરવામાં આવ્યા હોવાની ઘટના બનતાં પોલીસે બે આરોપીની ધરપકડ કરી હતી. પકડાયેલા આરોપીમાંથી એક એનસીપીના નેતાનો સગો હોવાનું સામે આવતાં આ ઘટનાને રાજકીય વળાંક મળે એવી શક્યતા છે.

મળતી માહિતી મુજબ ઘટના રવિવારની બપોરે રાહદારીઓની ભીડ વચ્ચે આ ઘટના બની હતી. ઘટનાને પગલે લોકોમાં ઘણી દહેશત ફેલાઈ ગઈ હતી. આ ભયાનક ઘટના નજીકમાં લાગેલા સીસીટીવી કૅમેરામાં કેદ થઈ હતી. કૅમેરાનાં ફૂટેજને આધારે પોલીસે તપાસ હાથ ધરી હતી. જૂની અદાવતને પગલે આ હુમલો કરાયો હોવાનું કહેવાય છે. બે જૂથ વચ્ચે થયેલી અથડામણમાં આરોપીઓએ તીક્ષ્ણ હથિયારના ઉપરાછાપરી ઘા ઝીંક્યા હતા, જેમાં ત્રણ જણ ઘવાયા હતા. સારવાર માટે તેમને હૉસ્પિટલમાં દાખલ કરાયા હતા.પકડાયેલા આરોપીઓમાં સુલતાન મલિક અને મહીપાલ સિંહનો સમાવેશ થાય છે. બન્નેને કોર્ટે બુધવાર સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હતી. આરોપી સુલતાન મલિક એનસીપીના અજિત પવાર જૂથના નેતાનો સગો હોવાનું કહેવાય છે. આ પ્રકરણે પોલીસ વધુ તપાસ કરી રહી છે.

# રોહિત શેટ્ટીના નિવાસસ્થાને ગોળીબાર માટે શૂટરને ત્રણ લાખની લાલચ અપાયેલી

## ગોલુ પંડિતની પૂછપરછમાં બિશ્નોઈ ગૅન્ગની કડી જોડાતી હોવાનો પોલીસનો દાવો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ફિલ્મમેકર રોહિત શેટ્ટીના જૂહુ ખાતેના નિવાસસ્થાન પર ગોળીબાર કરવાના કેસમાં ધરપકડ કરાયેલા આરોપી ગોલુ પંડિતની પૂછપરછથી લૉરેન્સ બિશ્નોઈ ગૅન્ગની કડી જોડાતી હોવાનો દાવો પોલીસે કર્યો હતો. ગોલુ પંડિત પૂછપરછમાં પૂરો સહકાર આપતો ન હોવા છતાં અનેક બાબતોનો ખુલાસો થઈ રહ્યો છે, જેમાં શૂટર દીપક શર્માને ગોળીબાર માટે ત્રણ લાખ રૂપિયાની લાલચ અપાઈ હોવાનું જાણવા મળ્યું હતું.

ક્રાઈમ બ્રાન્ચના અધિકારીના જણાવ્યા મુજબ આગરના મહાવીર નગર ખાતેથી પકડાયેલો પ્રદીપ રાધામોહન શર્મા ઉર્ફે ગોલુ પંડિત (૨૩) તપાસમાં સહકાર આપતો નથી, પરંતુ તેણે જે માહિતી આપી છે તેના પરથી આ ગોળીબારમાં બિશ્નોઈ ગૅન્ગની સંડોવણીની કડી જોડાઈ રહી છે. ગોલુ પંડિતે પોલીસને જણાવ્યું હતું કે બે વર્ષ અગાઉ તે બિશ્નોઈ ગૅન્ગમાં જોડાયો હતો. શુભમ લોણકર વિશે સોશ્યલ મીડિયામાં આવતી પોસ્ટથી પ્રેરાઈને તે ગૅન્ગમાં જોડાવા પ્રેરાયો હતો.

ગોલુ પંડિત બિશ્નોઈ ગૅન્ગના સભ્યો સાથે સતત સંપર્કમાં હતો. જોકે પોલીસે એવી પણ સ્પષ્ટતા કરી હતી કે ગોલુ પંડિત લૉરેન્સ બિશ્નોઈના સીધા સંપર્કમાં નહોતો. જે વ્યક્તિઓના માધ્યમથી તે બિશ્નોઈ ટોળકી સાથે સંકળાયેલો હતો તેમની પણ શોધ ચલાવાઈ રહી છે.

પોલીસના જણાવ્યા મુજબ રાજસ્થાનમાં ગોળીબારના કેસમાં ગોલુ પંડિત તિહાર જેલમાં બંધ હતો ત્યારે તેણે રોહિત શેટ્ટીના નિવાસસ્થાન પર ગોળીબાર કરનારા શૂટર દીપક રમેશચંદ્ર શર્મા (૨૦)નો સંપર્ક સાધ્યો હતો. શેટ્ટીના નિવાસસ્થાને ગોળીબાર માટે તેને ત્રણ લાખ રૂપિયા આપવાની લાલચ અપાઈ હતી.

ગોલુ પંડિત અને શૂટર દીપક આગરા જિલ્લાના એક જ પરિસર બાહ ગામના વતની હોવાથી બન્ને એકબીજાને સારી રીતે ઓળખતા હતા. બન્ને પાસે કોઈ નિશ્ચિત આવતનો સ્રોત નહોતો. દીપકનો પરિવાર ખેતીવાડી અને રોજિંદી મજૂરી પર આધાર રાખતો હતો. રૂપિયાની લાલચમાં તેને આ કાંડમાં સંડોવવામાં આવ્યો હતો.

ગોલુ પંડિતને પકડવા માટે ક્રાઈમ બ્રાન્ચે ખાસ્સી મહેનત કરવી પડી હતી. તપાસ માટે સતત આઠ દિવસ પોલીસ મોબાઈલ કૉલ રેકોર્ડની તપાસમાં હતી. પોલીસે ૧,૬૦૦ મોબાઈલ નંબરનું વિશ્લેષણ કર્યું હતું. તાજેતરના સમયગાળામાં ઍક્ટિવેટ થયેલાં શંકાસ્પદ સિમ કાર્ડની માહિતી, મોબાઈલ ટાવર લૉકેશન, સીડીઆર અને નેટવર્ક એનાલિસીસ પછી પોલીસ ગોલુ પંડિત સુધી પહોંચી હતી.

# પરિવારદીઠ ત્રણ સંતાનની ફરી ભલામણ કરી ભાગવતે

મથુરાઃ આરએસએસ વડા મોહન ભાગવતે મંગળવારે ભારતમાં ગેરકાયદે ઇમિગ્રેશન પર ચિંતા વ્યક્ત કરી હતી, લોકોને ઘૂસણખોરોને ઓળખવા અને અધિકારીઓને તેમની જાણ કરવા માટે નજીકથી નજર રાખવાની સલાહ આપી હતી. તેમણે ત્રણ બાળકોની નીતિ માટે પોતાના દબાણનો પણ પુનરોચ્ચાર કર્યો હતો, ઉચ્ચ જન્મ દરની જરૂરિયાત પર ભાર મૂક્યો, જ્યારે બળજબરીથી કરાતા ધર્મ પરિવર્તનને પણ નિરુત્સાહિત કર્યા હતા. અહીં એક આશ્રમનું ઉદ્ઘાટન કર્યા પછી બોલતા, ભાગવતે ગેરકાયદેસર ઇમિગ્રેશનના મુદ્દા પર પ્રકાશ પાડતા કહ્યું હતું કે, લોકોએ વિદેશીઓને ઓળખવા અને તેમને અહીં રોજગાર ન મળે તેની ખાતરી કરવા માટે નજીકથી નજર રાખવાની જરૂર છે.

કૌટુંબિક સ્વાસ્થ્ય અને વસ્તી પર, તેમણે કહ્યું કે ડોકટરો સારા કૌટુંબિક સ્વાસ્થ્ય માટે ત્રણ બાળકની ભલામણ કરે છે, કારણ કે બાળપણની ક્રિયાપ્રતિક્રિયાઓ વ્યક્તિઓને સામાજિક કુશળતા અને જૂથમાં સમાયોજિત કરવાની ક્ષમતા વિકસાવવામાં મદદ કરે છે.

તેમણે કહ્યું કે વસ્તી અભ્યાસ ચેતવણી આપે છે કે ત્રણથી નીચે પ્રજનન દર લાંબા ગાળાના જોખમો પેદા કરે છે.

ભાગવતે બળજબરીથી ધર્મ પરિવર્તનનો અંત લાવવાનું પણ આહ્વાન કરતા જણાવ્યું હતું કે સરકાર કાયદો બનાવી શકે છે, પરંતુ સમાજે આને જાતે જ બંધ કરવું જોઈએ. જે

# યુદ્ધની સમીક્ષાઃ આજે યોજાશે સર્વપક્ષી બેઠક

નવી દિલ્હીઃ પશ્ચિમ એશિયાની કટોકટીભરી વર્તમાન સ્થિતિની સમીક્ષા માટે સરકારે બુધવારે સર્વપક્ષીય બેઠક બોલાવી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

પશ્ચિમ એશિયાની કટોકટીભરી વર્તમાન સ્થિતિ અંગે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ લોકસભામાં સંબોધન કરવામાં આવ્યા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો હતો. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે કહ્યું હતું કે પશ્ચિમ એશિયાની વર્તમાન કટોકટીભરી સ્થિતિ લાંબો સમય ચાલે એમ છે. આ પરિસ્થિતિમાં રાષ્ટ્રએ કોરોના કાળની જેમ જ તમામ રીતે તૈયાર અને એકજૂટ રહેવું પડશે.

લોકસભામાં આપેલા નિવેદનમાં મોદીએ ઈંધણ, ખાતર, રાષ્ટ્રીય સુરક્ષા સહિતના વિવિધ ક્ષેત્ર પર પડનારી સંભવિત અસરો તેમ જ પશ્ચિમ એશિયાના દેશોમાં રહેતા ભારતીયો અંગે પણ ચિંતા વ્યક્ત કરી હતી.

આ મુશ્કેલ સમયમાં દેશની સામાન્ય જનતા અને પરિવારોને ઓછામાં ઓછી મુશ્કેલીઓનો સામનો કરવો પડે તેની ખાતરી કરતા સરકારે લીધેલાં પગલાંઓની વિગતો પણ તેમણે આપી હતી. આ મુદ્દે દેશની લોકસભામાંથી સર્વાનુમતિનો મત વિશ્વભરમાં ગૂંજવો જોઈએ, એમ તેમણે કહ્યું હતું.

માનવતા અને શાંતિ અંગેની ભારતની અડગ પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કરતા તેમણે કહ્યું હતું કે વાટાઘાટ તેમ જ મુત્સદ્દીગીરી જ આ સમસ્યાનો ઉકેલ લાવવાનો એકમાત્ર માર્ગ છે અને ભારતના તમામ પ્રયાસો યુદ્ધને શાંત પાડવાની અને શસ્ત્રવિરામની દિશામાં છે.

છેલ્લા પાનાનું ચાલુ

### નાશિકના ‘ગોડમેન’ની

સંચાલન કરવાનો છે. આઇપીએસ અધિકારી તેજસ્વિની સાતપુતેના નેતૃત્વ હેઠળની એસઆઈટી ખરાત વિરુદ્ધ છ કેસોની તપાસ કરી રહી છે. અધિકારીએ જણાવ્યું હતું કે તપાસ ટીમમાં ક્રાઈમ બ્રાન્ચના પાંચથી દસ અધિકારીઓનો સમાવેશ થાય છે, જેમાં મહિલા અધિકારીઓનો પણ સમાવેશ છે. મહારાષ્ટ્રના પોલીસ મહાનિર્દેશક (ડીજીપી) સદાનંદ દાતે અને રાજ્ય સરકાર જવાબદારી અને ઝડપી પ્રગતિ સુનિશ્ચિત કરવા માટે તપાસ પર નજર રાખી રહ્યા છે. (પીટીઆઈ)

### માતા-પિતાની સાથે

પર નિર્ભર હતા. તેથી આશ્રિત વ્યક્તિ તરીકે તેમને પણ વળતર મળવું જોઈતું હતું. લુઈસાના માતાપિતાએ અપીલકર્તા દંપતીના દાવાનો વિરોધ કર્યો અને દાવો કર્યો હતો કે સાસરિયાઓ કાયદેસરના વારસદાર નથી. વધુમાં અપીલકર્તાઓને તેમના પોતાના પુત્ર અને પૌત્રના મૃત્યુ માટે વળતર અને પુત્રની નોકરી સંબંધિત અન્ય લાભો પહેલાથી જ મળી ચૂક્યા છે, એમ દલીલ કરતી વખતે લુઈસાના માતાપિતાએ કોર્ટને જણાવ્યું હતું. જોકે કોર્ટે અપીલકર્તા સાસુ-સસરાની દલીલને માન્ય રાખી હતી. આપણા સમાજમાં લગ્ન પછી પણ દીકરી પોતાના માતા-પિતા અને સાસુ-સસરા બંનેની સંભાળ રાખતી હોય છે. તેથી મોટર વાહન અધિનિયમ હેઠળ માતા-પિતાના આ બંને જૂથોને ‘આશ્રિત’ તરીકે જ ગણવા જોઈએ, તેમ અદાલતે જણાવ્યું હતું. અપીલકર્તાઓને તેમના પુત્ર અને પૌત્રના મૃત્યુ બદલ અગાઉ થોડી રકમ મળી ચૂકી છે, માત્ર તે કારણોસર તેમને વળતર આપવાનો ઇનકાર કરી શકાય નહીં, તેવી ટિપ્પણી અદાલતે કરી હતી અને લુઈઝાના માતા-પિતાને મંજૂર કરવામાં આવેલા વળતરમાંથી ત્રીજો ભાગ અપીલકર્તા સાસુ-સસરાને આપવાનો આદેશ આપ્યો હતો.

### નીલમ ગોર્હે

કરવા માટે નોટિસ આપી છે, જેઓ જૂન ૨૦૨૨માં શિવસેનાના વિભાજન પછી ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળના પક્ષ સાથે જોડાયા હતા પરંતુ બાદમાં પક્ષ બદલીને મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળની શિવસેનામાં જોડાયા હતા.

સોમવારે, શિવસેના (યુબીટી)ના એમએલસી અનિલ પરબે ગોર્હે પર આરોપ લગાવ્યો કે તેમણે ગયા અઠવાડિયે જિલ્લા પરિષદ (ઝેડપી)ના પ્રમુખની ચૂંટણી દરમિયાન થયેલા હોબાળા બદલ આઈપીએસ અધિકારી અને સાતારા પોલીસ અધિક્ષક (એસપી)ને તુષાર દોશીને સસ્પેન્ડ કરવા માટે સરકારને વિનંતી કરીને તેમની સત્તાનો દુરુપયોગ કર્યો હતો.

સોમવારે ગૃહમાં ચર્ચા દરમિયાન, પ્રધાનો શંભુરાજ દેસાઈ (શિવસેના) અને મકરંદ પાટીલ (એનસીપી) ઉપરાંત બંને પક્ષોના અન્ય સભ્યોએ દોશીને સસ્પેન્ડ કરવાની માગણી કરી હતી. બંને પ્રધાનોએ આરોપ લગાવ્યો કે શુક્રવારે ઝેડ પ્રમુખની ચૂંટણી માટે યોજાયેલી મતદાન દરમિયાન સ્થાનિક પોલીસે તેમની સાથે છેડછાડ કરી હતી. ત્યારબાદ ગોર્હેએ કહ્યું હતું કે, ‘હું સરકારને સાતારા એસપી અને અન્ય લોકો (મતદારો અને પ્રધાનો) સાથે ગેરવર્તણૂંક કરનારાઓને સસ્પેન્ડ કરવાનો નિર્દેશ આપું છું.’

તેમણે એમ પણ કહ્યું હતું કે સરકારે આ મામલાની તપાસ શરૂ કરવી જોઈતી હતી, પરંતુ કેટલાક કારણોસર તે થયું નથી.

ગોર્હે વિરુદ્ધની નોટિસ પર શિવસેના (યુબીટી)ના સભ્યો અનિલ પરબ, સુનીલ શિંદે અને સચિન આહિર, કોંગ્રેસના ભાઈ જગતાપ, ધીરજ લિંગાડે અને સ્વતંત્ર એમએલસી સુધાકર અડબાલે દ્વારા સહી કરવામાં આવી હતી.

જોકે, એનસીપી (એસપી)ના શશિકાંત શિંદેએ નોટિસ પર સહી કરી ન હતી.

### સાતારા એસપીને

અધ્યક્ષનો આદર જાળવવો અને તેમના નિર્દેશોનું પાલન કરવું એ બધાની ફરજ છે, ત્યારે પ્રમુખ અધિકારીઓને ‘એક્ઝિક્યુટિવ’ ના વહીવટી નિર્ણયોમાં દખલ કરવાનો અધિકાર નથી. આ સમગ્ર વિવાદ સાતારા જિલ્લા પરિષદ પ્રમુખની ચૂંટણી પર થયેલી ચર્ચા પછી શરૂ થયો હતો, જેમાં ડેપ્યુટી સ્પીકર નીલમ ગોર્હેએ સીધા જ સાતારા પોલીસ અધિક્ષક તુષાર દોશીને સસ્પેન્ડ કરવાનો નિર્દેશ આપ્યો હતો. શિવસેના ઠાકરે જૂથના ધારાસભ્ય અનિલ પરબે આ અંગે પ્રશ્ન ઉઠાવ્યો હતો. આનો જવાબ આપતાં મુખ્ય પ્રધાને સ્પષ્ટતા કરી કે અધિકારીનું સસ્પેન્શન એ સંપૂર્ણપણે વહીવટી અધિકાર છે અને તે સરકારના કાર્યક્ષેત્રમાં આવે છે. તેથી, તેમણે એક રીતે એમ કહીને ડેપ્યુટી સ્પીકરના કાન આમળ્યા કે સ્પીકરે આવા નિર્ણયોમાં દખલ ન કરવી જોઈએ. કોઈપણ બાબતમાં અધિકારી જ્યારે પ્રધાનની બ્રિફિંગ માટે ઉપસ્થિત ન રહે તે સમયે સભાપતિએ આપેલ નિર્દેશ એ ગૃહનો નિર્દેશ મનાય છે. પદ પર હોય ત્યારે, અધ્યક્ષ પરિસ્થિતિ પ્રમાણે સૂચનાઓ આપી શકે છે. પરંતુ તે બ્રહ્મવાક્ય નથી, એમ મુખ્ય પ્રધાન ફડણવીસે સ્પષ્ટતા કરી. પ્રધાન એમ કહી શકે છે કે હું નિલંબિત કરીશ કેમકે સભાપતિએ નિર્દેશ આપ્યો હોય છે. જો હકીકતો સાચી હોય તો વહીવટીતંત્ર પગલાં લે છે, પરંતુ જો હકીકતો અલગ હોય તો ફેરફારો પણ કરી શકાય છે. જો તે સૂચનો પાળી શકાય તેમ ન હોય તો ગૃહને જાણકારી આપવી પડે છે. વહીવટીતંત્ર પાસે વિશિષ્ટ અધિકારો છે.

ભાજપના જૂથ નેતા પ્રવીણ દરેકરે વિધાન પરિષદના અધ્યક્ષ રામ શિંદે સમક્ષ પ્રશ્ન ઉઠાવ્યો હતો. આના પર શિંદેએ જાહેરાત કરી હતી કે ગોર્હેનો સસ્પેન્શન અંગેનો નિર્ણય અનામત રાખવામાં આવ્યો છે.

## જૈન મરણ

બિલખા નિવાસી હાલ ડોંબિવલી કિર્તીકુમાર રસિકલાલ દોશી (ઉં. વ. ૬૭) તા. ૨૩-૩-૨૬ના અવસાન પામેલ છે. તે સ્વ. વનીતાબેન રસિકલાલ નરભેરામ દોશીના સુપુત્ર. તે ઉષાબેનના પતિ. આશિષ, હિરલ હેતન જાગાણી અને નીધી વિજય વિશ્વાસના પિતા. સ્વ. બીપીનભાઇના નાનાભાઇ. સાધનાબેન અશોકકુમાર ચભાડીયા તે શૈલેષ અને દિપકભાઇના મોટા ભાઇ. તે વડોદરા (ચમારા) હાલ બોરીવલી સ્વ. શાંતિલાલ ત્રિકમભાઇ પટેલના જમાઇ. પ્રાર્થનાસભા રાખેલ નથી.

**મચ્છુકાંઠા વીશા શ્રીમાળી જૈન**

ટીકર નિવાસી હાલ ઘાટકોપર રંજનબેન ચંદ્રકાન્તભાઇ વનેચંદ મહેતાના સુપુત્ર હેમલભાઇના ધર્મપત્ની જોલી હેમલ મહેતા (ઉં. વ. ૫૨) તે જૈની-પ્વીશાના મમ્મી. પિયર પક્ષે સ્વ. ઉર્મિલાબેન ગુણવંતરાય પારેખની સુપુત્રી સોમવાર, તા. ૨૩-૩-૨૬ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થના તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**ઝાલાવાડી વિશા શ્રીમાળી સ્થા. જૈન**

વઢવાણ નિવાસી હાલ મીરારોડ, સ્વ. અરુણાબેન પ્રવિણચંદ્ર વોરાના પુત્ર નિશિત (ઉં. વ. ૪૬) તે નિકિતાના પતિ. વૃત્તિના પિતા. મેહુલ તથા જીજ્ઞા નિખિલકુમાર શાહના ભાઈ. કલ્પનાબેન પ્રવિણચંદ્ર શર્માના જમાઈ ૨૨/૩/૨૬ના રોજ અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલા. દશા. શ્રી. શ્વે. મૂ. જૈન**

જોરાવરનગર નિવાસી હાલ પાર્લા, રસીલાબેન સૌભાગ્યચંદભાઈ શાહ (ઉં. વ. ૮૪) તે હિતેષભાઇ, જાગૃતિબેન, મનીષાબેનના માતુશ્રી. સોનલબેન, સ્વ.રશ્મિભાઈ, રાજેશભાઈના સાસુ. સ્વ. લાભુબેન, સ્વ. મહાસુખભાઈ, સ્વ. ન્યાલચંદભાઈ, સ્વ. ભોગીભાઈ, સ્વ. અરવિંદભાઈના ભાભી. સ્વ. ઇન્દિરાબેન, સ્વ. નયનબેન, જ્યોત્સ્નાબેન, તરૂલતાબેનના જેઠાણી. જવેરબેન ભુરાલાલ કોઠારીની સુપુત્રી. સુમતિભાઈ ધીરજલાલ કોઠારી અને ભોગીલાલભાઈ, મહેન્દ્ર, સૂર્યકાંત અને મહેશભાઈની બેન. મંગળવાર ૨૪-૦૩-૨૬ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

લીંબડી નિવાસી હાલ ઘાટકોપર (મુંબઇ) પૂનમચંદ હરખચંદ તલસાણિયા (ઉં. વ. ૧૦૦) તે અ. સૌ. સ્વ. સરલાબેનના પતિ. દિલીપભાઇ, ગં. સ્વ. જ્યોતિબેન, પ્રીતિબેનના પિતાશ્રી. તે કિરણબેન, સ્વ. પ્રદીપકુમાર, બિનેશકુમારના સસરા. તે સ્વ. કાંતિલાલ, ચંદ્રકાંતભાઇ, ડો. ભરતભાઇ, સ્વ. સુશીલાબેન, પ્રેમિલાબેન, ગં. સ્વ. સરોજબેનના મોટાભાઇ. તે દર્શિતા વિશાલકુમાર દોશી, ડો. ડીન્કી વિશાલકુમાર ઠક્કરના દાદા. તે નૈતિકના મોટા નાના તા. ૨૨-૩-૨૬ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ઠે. એ/૨૦૨, પદ્મપ્રભુ, સાઇનાથ નગર, ઘાટકોપર (વેસ્ટ).

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

સમાઘોઘાના અ. સૌ. હીના (હંસા) પરેશ સોની (ઉં. વ. ૬૩) તા. ૨૨-૩ના અવસાન પામ્યા છે. મંજુલાબેન જગશી મુરજીના પુત્રવધૂ. પરેશના પત્ની. શશીન, ઇશિતાના મમ્મી. નાગલપુર રાજબાઇ મગનલાલ નરશીના પુત્રી. રમેશ, હિતેન, ટોડા વીણા વિનોદ પોપટલાલ, નવાવાસ લતા રમણીક ઝવેરચંદના બેન. પ્રા. શ્રી માટુંગા ક. શ્વે. મૂ. સંઘની નારાણજી શામજી વાડી, (ટા.૪થી ૫.૩૦).

## પારસી મરણ

જરુ બેહરામ દારૂવાલા તે મરહુમ બેહરામના ધનીયાની. તે મરહુમો દીનુ ફિરોઝ દારૂવાલાના દીકરી. તે દારાયસ ને આબાનના માતાજી. તે શોભા ને જમશેદના સાસુજી. તે દિલનાઝ, આયેશા ને ઝીનીયાના મમઇજી. તે જેમઝ ને સેમસનના મોટા મમઇજી. (ઉં. વ. ૯૦) રે. ઠે. એફ-૧૦, રમેશ નિવાસ, ૫૧-સી, ભુલાભાઇ દેસાઇ રોડ, મુંબઇ-૪૦૦૦૨૬. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૫-૩-૨૬ને દીને બપોરે ૩.૪૦ વાગે ઓલબલેસ બંગલીમાં છેજી.

અસપી એરચ ખંબાતા તે મરહુમો પીરોજા એરચશા ખંબાતાના દીકરા. તે મરહુમો પીરોજા એરચશા ખંબાતાના દીકરા. તે નરગીસ તથા મરહુમો દોલત ને વીરાના ભાઇ. તે ખુશરૂ, કેશમીરા, દીલનાઝ, નાઝનીન, ઝુબીન ને વીરાફના મામા. (ઉં. વ. ૭૭) રે. ઠે. શેઠ જમશેદજી તાતા બિલ્ડિંગ, ફલેટ નં-૩ ભોંયતળિયે, એસ. વી. રોડ, મુંબઇ-૪૦૦૦૫૦. ઉઠમણાની ક્રિયાઃ તા. ૨૫-૩-૨૬ના દીને બપોરે ૩.૪૦ અંધેરી પટેલ અગિયારીમાં છેજી.

ટેહમી મીનુ ઊમરીગર તે મરહુમ મીનુ દારબશા ઊમરીગરના વિધવા. તે મરહુમ રોહીન્ટનના માતાજી. તે મરહુમો પીલામાય તથા દારાબશા દોરાબજી ઊમરીગરના વહુ. તે મરહુમો બાનુબાઇ તથા બમનશાહ મંચેરશાહ દારૂવાલાના દીકરી. તે પેરીન, મની, પીલુ તથા મરહુમો જાંગુ તથા રતીના બહેન. તે ખોરશેદ કેરસી ઊમરીગરના જેઠાણી. (ઉં. વ. ૭૭) રે. ઠે. બિલ્ડિંગ નં-૭, ૩જે માળે, ભરૂચા બાગ, એસ. વી. રોડ, અંધેરી પશ્ચિમ, મુંબઇ-૪૦૦૦૫૮. ઉઠમણાંની ક્રિયા : તા. ૨૬-૩-૨૬ને બપોરે ૩.૪૫ કલાકે અંધેરી મધે પટેલ અગિયારીમાં.

ઝરીન નરીમાન પાવરી તે નરીમાનના ધન્યાની. તે મરહુમો વીરા ફિરોઝ પંથકીના દીકરી. તે એરવદ ફિરદોસના માતાજી. તે કૈઝીન ના સાસુજી. તે એરવદ ઝરીર ના બહેન. તે મરહુમ રતી એરવદ બરજોર પાવરીના વહુ. (ઉં. વ. ૭૪) રે. ઠે. ૫/૭, જહાંગીર મેન્શન, ૬ઠ્ઠે માળે, સીનેમા રોડ, મરીન લાઇન્સ, મેટ્રો સિનેમા આગળ, મુંબઇઃ ૪૦૦૦૨૦. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૬-૩-૨૬ના દીને બપોરે ૩.૪૦ વાગે ઉપરની હોડીવાળા બંગલીમાં છેજી.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

વંડા નિવાસી હાલ વાલકેશ્વર સ્વ. લાભુબેન નાગરદાસ જેઠાલાલ પટેલના સુપુત્ર સતીષભાઇ નાગરદાસ પટેલ (ઉં. વ. ૮૨) તે ચંદ્રીકાબેનના પતિ. શ્વેતા-કેયુરભાઇ શાહ તથા પ્રાંજલ-નિકીતાના પિતાશ્રી. તે સુરેખાબેન ભૂપેન્દ્રભાઇ શાહ, સુચેતાબેન નવીનભાઇ શેઠ તથા રૂપાબેન હિતેનભાઇ મહેતાના ભાઇ. કાંતિલાલ ગીરધરલાલ દોશી (સાયન)ના જમાઇ. મિતી, દિવ્યજ, ધૈર્ય તથા હિયાના દાદા તા. ૨૩-૩-૨૬ સોમવારના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી દેરાવાસી જૈન**

છત્રાસા નિવાસી હાલ જમશેદપુર સ્વ. સરલાબેન કાંતીભાઇ દેસાઇના સુપુત્ર વિનોદભાઇ (ઉં. વ. ૬૫) તે કાજલબેનના પતિ. નીપુણ, નિરાલીના પિતા. અ. સૌ. રચનાના સસરા. સ્વ. ચંદ્રીકાબેન મગનલાલ રૂપાલીના જમાઇ. મીનાબેન રજનીકાંત કોઠારી, રૂપા રાજેશભાઇ શ્રોફ, પરીતા ભરતભાઇ દેસાઇ, સંગીતા શ્રેણીક ઘાટલીયાના ભાઇ તા. ૨૧-૩-૨૬ અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૨૬-૩-૨૬ના ગુરુવારના જમશેદપુર મુકામે રાખેલ છે. સવારના ૧૦થી ૧૧. ઠે. જૈન ભવન, સાકચી, જમશેદપુર.

### રખડતા શ્વાનનો

સારવાર દરમિયાન તેનું મૃત્યુ થયું હતું. મૃત્યુ અહેવાલમાં કારણ રેબીઝ હોવાનું જણાવાયું છે, બાળકી જ્યાં રહેતી હતી તે હાઉસિંગ સોસાયટીના સેક્રેટરી શ્રુતિ શેનોયે જણાવ્યું હતું.

વસઈ-વિરાર મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય વિભાગના તબીબી અધિકારી ડો. ભક્તિ ચૌધરીએ પ્રાથમિક તપાસની જાહેરાત કરી.

અમે છોકરીના નજીકના પરિવારના સભ્યો અને અન્ય બાળકોની તપાસ કરી રહ્યા છીએ જેઓ બાળકીના સંપર્કમાં હતા. અમે માતાપિતાને સતર્ક રહેવાની અપીલ કરીએ છીએ, કારણ કે બાળકો ઘણીવાર ઇન્જેક્શનના ડરને કારણે નાના પ્રાણીઓના કરડવા અથવા ખંજવાળ છુપાવે છે, એમ ડો. ચૌધરીએ જણાવ્યું હતું. (પીટીઆઈ)

### ‘આ’ વ્યક્તિએ

વિગતવાર નિવેદન આપતાં તેમણે ઘણી બાબતોનો ખુલાસો કર્યો છે. તેમણે ખરાતની છેતરપિંડી કેવી રીતે પ્રકાશમાં આવી તે અંગે માહિતી આપી હતી. ફડણવીસે માહિતી આપી છે કે આ કેસમાં આઠ મહિલાઓના ૩૫ વીડિયો મળી આવ્યા છે.

દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું કે, શિરડી પોલીસમાં ફરિયાદ દાખલ કરવામાં આવી છે કે ૧૮ ફેબ્રુઆરીએ એક મહિલાએ વોટ્સએપ પર એક અશ્લીલ ફોટો શેર કર્યો હતો અને તેને વાયરલ કરવાની ધમકી આપી હતી. મહિલાએ ધમકી આપનાર વ્યક્તિનો નંબર આપ્યો ન હતો, પરંતુ કેસની ગંભીરતાને ધ્યાનમાં રાખીને તપાસ શરૂ કરવામાં આવી છે. આરોપી નીરજ જાધવની શોધ કરતી વખતે, અશોક ખરાત સાથે સંબંધિત યોગેશ ભાલેરાવ નામના સાક્ષીએ કેટલાક વીડિયો બતાવ્યા. એવું બહાર આવ્યું છે કે ખરાતે તંત્ર મંત્રનો ઉપયોગ કરીને મહિલાઓ સાથે અશ્લીલ કૃત્યો કર્યા હતા. દેવેન્દ્ર ફડણવીસે વધુમાં જણાવ્યું હતું કે, અશોક ખરાત ૮ મહિલાઓના ૩૫ વીડિયો બનાવ્યા હતા. તે વીડિયોમાં ખરાતે મહિલાઓનું જાતીય શોષણ કર્યું હતું અને તેમની સાથે અશ્લીલ કૃત્યો કર્યા હતા.

ખરાતે સાક્ષીને મારી નાખવાની ધમકી આપી હતી જેણે પોલીસને વીડિયો બતાવવાની હિંમત કરી હતી. તેથી, તે સરળતાથી વીડિયો આપવા તૈયાર ન હતો. પોલીસે તેને સલામતીની ખાતરી આપી હતી, ત્યારબાદ સાક્ષીએ વીડિયો આપ્યો હતો. એવો ડર હતો કે આરોપી અશોક ખરાત બીજા દેશમાં ભાગી જશે. તેથી, પોલીસે એરપોર્ટ ઓથોરિટીને લુકઆઉટ નોટિસ જારી કરી અને તેના વિદેશ પ્રવાસ પર પ્રતિબંધ મૂક્યો.

મીરગાંવમાં આરોપીના ફાર્મહાઉસમાં સર્ચ દરમિયાન આરોપીના બે લેપટોપ, એક ડીવીઆર, એક એર રિવોલ્વર, ૨૧ જીવંત કારતૂસ, પાંચ ફાયરિંગ કારતૂસ અને ખરીદેલા ખાતરની ઝેરોક્ષ કોપી જપ્ત કરવામાં આવી હતી. દેવેન્દ્ર ફડણવીસે વિધાનસભામાં માહિતી આપી હતી કે મોબાઇલ જપ્ત કરીને સાયબર પોલીસને મોકલી દેવામાં આવ્યો છે અને ડેટા એકત્રિત કરવાનું કામ ચાલી રહ્યું છે.

નાસિક સેશન્સ કોર્ટે આજે મહિલાઓ વિરુદ્ધ અત્યાચારના કેસના સંદર્ભમાં સ્વ-ઘોષિત જ્યોતિષી કેપ્ટન અશોક ખરાતને ૨૯ માર્ચ સુધી પોલીસ કસ્ટડીમાં મોકલ્યા છે. અશોક ખરાતની પોલીસ કસ્ટડી આજે પૂરી થઈ ગઈ છે. તેથી, અશોક ખરાતને આજે બપોરે ૩.૫૦ વાગ્યે ફરીથી કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા.

પોલીસે અત્યાર સુધીની તપાસમાં શું બહાર આવ્યું છે તેની કોર્ટને માહિતી આપી હતી. વધુ તપાસ માટે પોલીસ કસ્ટડી પણ માંગવામાં આવી હતી. આ વખતે, કોર્ટે અશોક ખરાતને પાંચ દિવસ, એટલે કે ૨૯ માર્ચ સુધી પોલીસ કસ્ટડીમાં રિમાન્ડ પર મોકલ્યા છે.

## હિન્દુ મરણ

**કપોળ**

ભાવનગરવાળા હાલ ભાયંદર સ્વ. ઠાકોરદાસ ત્રિભોવનદાસ મોદીના સુપુત્ર ભરતભાઇ (ઉં. વ. ૭૯) તે રોહિણીબહેનના પતિ. કેયુરના પિતા. પ્રિયંકાના સસરા. સ્વ. પ્રતાપરાય, સ્વ. હર્ષદરાય તથા ગં. સ્વ. હંસાબેન વિઠ્ઠલદાસ કરવતના ભાઇ. જશવંતરાય ગોરધનદાસ દલાલના જમાઇ. સોમવાર, તા. ૨૩-૩-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. સર્વ લૌકિક વ્યવહાર બંધ છે.

**ભાવનગરી મોચી**

સનાળા નિવાસી હાલ બોરીવલી સ્વ. ધીરુભાઇ લવજીભાઇ ચૌહાણ તા. ૨૩-૩-૨૬ના રામચરણ પામેલ છે (ઉં.વ. ૭૫) તે મંજુલાબેનના પતિ. અશોકભાઇ, રાજેશભાઇ, સ્વ. હંસાબેન, સ્વ. ધનશ્યામભાઇના પિતાશ્રી. મનસુખ, સ્વ. રમેશભાઇ, મહેશભાઇ, કમળાબેનના ભાઇ. માયાબેન, નીતાબેન, મુકેશકુમારના સસરા. ગુદરણા નિવાસી ગલાભાઇ હરીભાઇ વનરાના જમાઇ. મિતેષ, વિવેક, મિત, અંજલી, ક્રિશા, વિધીના દાદા. પ્રાર્થનાસભા ૪થી૬, તા. ૨૬-૩-૨૬ ગુરુવારના ઠે. કચ્છી કડવા પાટીદાર વાડી , દોલતનગર, રતનનગર, સેન્ટ ઝેવિયર્સ સ્કૂલની બાજુમાં, બોરીવલી (ઇસ્ટ), લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**કપોળ**

સિહોરવાળા, હાલ નાલાસોપારા, સ્વ. તારાબેન ગુલાબરાય કરશનજી મહેતાના સુપુત્ર નવનીત (ઉં. વ. ૮૩) તા. ૨૦/૩/૨૬ના રોજ શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. જીતેન્દ્ર, પ્રવિણ, ભરત તથા મધુબેન હરેશભાઈ ગોરડીયાના ભાઈ. સ્વ. વસંતબેનના દેર. ભાવના તથા છાયાના જેઠ. હિરેન, ધ્રુવ, સમીરના મોટાકાકા. સેજલ, અંજલી, રિધ્ધિના કાકાજીસસરા. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**લાડ વાણીયા**

ગામ નવસારી હાલ કાંદિવલી, ગૌરાંગ વસંતલાલ કાપડિયા (ઉં. વ. ૭૪) ૨૨/૩/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે ભારતીબેનના પતિ. સ્વ. મંજુલાબેન વસંતલાલ કાપડિયાના પુત્ર. સ્વ. ગિરીજાલક્ષ્મી રમણીકલાલ સરવૈયાના જમાઈ. હિમાની, દિશા, હર્ષના પિતા. મેહુલ કિનારીવાલા, હિતેશ કોઠાવાલા, સુજલના સસરા. સ્વ. મીનાક્ષી, સ્વ. રોહિણી, સંધ્યા તથા વિપુલના ભાઈ. તેમની પ્રાર્થનાસભા ૨૫/૩/૨૬ના રોજ ૫ થી ૭. શેઠિયા બેન્કવેટ, ગ્રાઉન્ડ ફ્લોર, રઘુલીલા મોલ, પોઇસર ડેપો બાજુમાં, કાંદિવલી વેસ્ટ.

**કપોળ**

પાલીતાણાવાળા હાલ કાંદિવલી, ગં. સ્વ. સુશીલાબેન રસિકલાલ હકાણી (ઉં. વ. ૮૦) ૨૩/૩/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. દેવેન્દ્ર, સ્વ. અજય, પરાગના માતુશ્રી. પ્રિતિ, તૃપ્તિના સાસુ. ખ્યાતિ ભાવિક, વિવેક જુલી, ધ્રુવના દાદી. સ્વ. તારાબેન લક્ષ્મીદાસ પારેખના દીકરી. દિપક તથા બીનાના બહેન. તેમની પ્રાર્થનાસભા ૨૬/૩/૨૬ના ૫ થી ૭. બોરીવલી કપોળવાડી, જી એચ હાઈસ્કૂલની સામે, બોરીવલી ઈસ્ટ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપોળ**

અમરેલીવાળા હાલ બોરીવલી, સ્વ. જીતેન્દ્ર મગનલાલ ગાંધી અને પ્રફુલ્લા જીતેન્દ્ર ગાંધીના પુત્ર દેવાંગ ગાંધી (ઉં. વ. ૫૩) તે નિશા હિતેન ગોરડિયા, અમીશા મેહુલ મહેતાના ભાઈ. રાહુલ, જય, વિહા, વિધિના મામા તા. ૨૨ માર્ચ, ૨૬ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**લુહાર સુથાર**

ગામ ક્રાકચ હાલ અંધેરી, ગિરધરભાઈ વાલજીભાઈ પરમાર (ઉં. વ. ૭૦) ૨૨/૩/૨૬ના રામશરણ પામેલ છે. તે સ્વ. વિમળાબેનના પતિ. સ્વ. શાંતાબેન વાલજીભાઇ પરમારના પુત્ર. સ્વ. કેશવભાઈ, સ્વ. ભગવાનભાઇ, જેન્તીભાઇ, દલપતભાઈ, સ્વ. લીલાબેન નરોત્તમભાઈ હરસોરા, વિજયાબેન વનમાળીભાઈ મકવાણા, ઉષાબેન પ્રદીપભાઈ સોલંકીના ભાઈ. દાઠાવાળા હાલ મુંબઈ સ્વ. બાબુભાઇ પાંચાભાઈ ચિત્રોડાના જમાઈ. તેમની સાદડી ૨૬/૩/૨૬ના રોજ ૫ થી ૭. લુહાર સુથાર વેલ્ફેર સેન્ટર, કાર્ટર રોડ ૩, અંબામાતા મંદિર પાસે, બોરીવલી ઈસ્ટ.

**વૈષ્ણવ**

નરેશ નટવરલાલ પારીખ તા. ૨૧ માર્ચ ૨૦૨૬ના રોજ અવસાન થયું છે. પત્નીઃ અનિસ પારીખ, માતા-પિતાઃ સ્વ. નટવરલાલ અને સ્વ. લીલાબેન પારીખ, ભાઈઃ સ્વ. અશોક પારીખ, જીવિતભાઈ, મુકેશ પારીખ, બહેનોઃ સ્વ. પ્રવીણાબેન, સ્વ. હંસાબેન, જીવિતબહેન, અંજનાબેન. કોઈ વિધિ રાખવામાં આવેલ નથી.

**શાકદ્વિપએય બ્રાહ્મણ**

સ્વ. રમેશ ચંદુલાલ પાંડે, સ્વ. ચંદુલાલ અને સ્વ. કાંતાબેનના સુપુત્ર. સ્વ. મીનાક્ષીબેનના પતિ. ઑમ, લેખિની, પ્રેમના પિતાશ્રી. ભારતીબેન શર્મા, સ્વ. ત્રિલોક પાંડેના ભાઈ. જ્યોતિબેન પાંડે, સંતોષકુમાર શર્માના સસરા. તા. ૨૩ માર્ચ ૨૬ના શ્રીજીશરણ પામ્યા છે. પ્રાર્થનાસભા ગુરુવાર ૨૬ માર્ચ ૨૬ સાંજે ૫ થી ૭. નિવાસસ્થાનઃ પહેલે માળે - એફજી વિંગ, તારાબાગ, ચર્નીરોડ રાખેલ છે.

**કચ્છી બ્રહ્મક્ષત્રિય**

મૂળ રામપર વેકરાના હાલે મીરારોડ, ગં.સ્વ. જયાબેન ધીરજલાલ દુબલ (ઉં. વ.૭૮) તા.૨૧/૩/૨૬ શનિવારના રામશરણ પામેલ છે. તે સ્વ. ધીરજલાલ જેરામ દુબલના પત્ની. સ્વ. જેરામભાઈ વિશ્રામ દુબલના પુત્રવધૂ. હરિરામના વહુ. જયેન્દ્રના ભાભી. મનીષ, મનોજ અને નીતાબેન અમીત રાજાવાઢાના માતૃશ્રી. રોહીણીબેન, સબાનાબેન અને અમીતભાઈ વિશ્રામ રાજાવાઢાના સાસુમા. સ્વ.રંભાબેન નાનજીભાઈ વિશનજી સોનેજીના પુત્રી. તેમની બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૫/૩/૨૬ બુધવારના સાંજે ૪ થી ૫. પાંજીવાડી, કાંજૂરમાર્ગ પૂર્વ. દશાવ પ્રથા બંધ છે.

**કચ્છી લોહાણા**

ગં. સ્વ. હીરુબેન તુલસીદાસ (ઉં. વ. ૮૭) તે સ્વ. શાંતાબેન મુલજી લીલાધર ચંદીયાના સુપુત્રી. તે વેલજી, સ્વ. કમુબેન, શરદભાઇ મજીઠીયાના બેન. તથા પ્રીતિ, નીપા, પ્રજ્ઞા તથા રાજુના ફોઇબા. તથા ચેતન ચંદે, મનીષ કોટક, સંદેશ વૈદ્ય તથા વિપુલાના ફોઇ સાસુ તા. ૨૩-૩-૨૬ સોમવારના રામશરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર અને પ્રાર્થનાસભા રાખેલ નથી.

## મુસ્લિમ મરણ

**દાઉદી વ્હોરા**

અબ્દુલ્લાભાઇ લાલા, તે અબ્દી અલી લાલાના દીકરા. બિલકિસબેનના શૌહર. સુલતાનભાઇ ગોલવાલાના જમાઇ. અઝગરભાઇ અને રુખસાનાબેનના ભાઇ. સમીર અને સાજિદ લાલાના વાલિદ તથા સમીરા અને ફાતિમાના સસરાજી તા. ૨૪ માર્ચ ૨૬ના મુંબઇ મુકામે ઇંતકાલ પામ્યા છે. ઠે. બંદૂકવાળા બિલ્ડિંગ, બ્રિટિશ હાઉસ, હોટેલ લેન, ફોર્ટ, મુંબઇ-૪૦૦૦૦૧.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

### નવી મુંબઈ ટ્રાફિક મુક્ત થશે

# થાણે બેલાપુર હાઈવે પર ત્રણ ફ્લાયઓવર, બે સબવે બનાવવાનો પ્લાન

નવી મુંબઈ: છેલ્લાં કેટલાક દિવસોથી નવી મુંબઈમાં વધતી જતી ટ્રાફિકની સમસ્યાનો ઉકેલ લાવવા માટે નવી મુંબઈ મહાનગરપાલિકાએ એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે, જે અંતર્ગત, થાણેથી બેલાપુર હાઈવે પર ત્રણ નવા ફ્લાયઓવર બનાવવામાં આવશે.

પ્રાપ્ત માહિતી અનુસાર થાણે-બેલાપુર હાઈવે પર રબાલે, પાવણે અને તુર્ભે ખાતે આ ફ્લાયઓવર બાંધવામાં આવશે. આ ઉપરાંત પામ બીચ રોડના અંતિમ ભાગમાં ડબલ અંડરપાસ બનાવવામાં આવશે. સિગ્નલ મુક્ત વાહનવ્યવહાર માટે કિલ્લે જંક્શન ખાતે અંડરપાસનો પ્રસ્તાવ મંજૂર કરવામાં આવ્યો છે.

છેલ્લાં કેટલાક દિવસોમાં નવી મુંબઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ, અટલ સેતુ અને ઐરોલી ખાડી લિંક બ્રિજ આ રૂટ પર નવી મુંબઈ આવતા વાહનોની સંખ્યામાં વધારો થયો છે. વધુમાં પુનર્વિકાસ પ્રોજેક્ટને કારણે ટ્રાફિક પર દબાણ પણ વધી રહ્યું હોવાથી આ નિર્ણય લેવામાં આવ્યો છે.સબવે અને ત્રણ ફ્લાયઓવર પ્રોજેક્ટ્સની અમલવારી 'એન્યુટી મોડલ' પદ્ધતિથી કરવામાં આવશે. આ પ્રોજેક્ટ માટેના કુલ ખર્ચના ૩૦ ટકા રકમ કામ દરમિયાન કોન્ટ્રાક્ટરને આપવામાં આવશે. જ્યારે બાકીના ૭૦ ટકા ખર્ચની રકમ પ્રોજેક્ટ પૂર્ણ થયા પછી ચૂકવવામાં આવશે.

સમગ્ર પ્રોજેક્ટનું કામ પૂર્ણ થયા પછી, ૧૦ વર્ષમાં આ રકમ ચૂકવવામાં આવશે એવું જણાવવામાં આવ્યું છે. ■

# મહારાષ્ટ્રથી ગુજરાતના વનતારામાં પચીસ દીપડાઓનું સ્થળાંતરઃ પ્રધાન

મુંબઈ: મહારાષ્ટ્રના વન ખાતાના પ્રધાન ગણેશ નાઈકે એવી માહિતી આપી હતી કે રાજ્ય સરકારે રિલાયન્સ ફાઉન્ડેશનને ગુજરાતના જામનગરમાં આવેલા વનતારા સુવિધામાં દીપડાઓને સમાવવા માટે કહ્યું હતું અને ૨૫ દીપડાઓને ત્યાં સ્થળાંતરિત કરવામાં આવશે.

૧૦ વર્ષમાં રાજ્યમાં દીપડાઓની વસ્તી ચાર ગણી વધી છે. રાજ્યમાં સાત-આઠ વર્ષ પહેલાં ૧૦૧ દીપડા હતા, પરંતુ હવે ૪૪૪ દીપડા છે, એમ નાઈકે સોમવારે વિધાનસભામાં મહારાષ્ટ્રમાં લાગુ કરાયેલા વન્યજીવન સંરક્ષણ કાયદાના સુધારા પર બોલતા કહ્યું હતું.

ગયા અઠવાડિયે વિધાનસભા દ્વારા સુધારો બિલ પસાર કરવામાં આવ્યો હતો અને સોમવારે કાઉન્સિલે તેને મંજૂરી આપી હતી.

પચીસ દીપડાઓને વનતારા મોકલવામાં આવ્યા છે. અમે (દીપડાઓને લઈ જવાની) માગણી કરી હતી કારણ કે પુણે જિલ્લામાં ૧૫૦ દીપડા હતા, નાઈકે જણાવ્યું હતું. રાજ્ય સરકારે ૫૦ દીપડાઓને વનતારા સ્થાનાંતરિત કરવા માટે કરાર પર હસ્તાક્ષર કર્યા છે.

માનવ-દીપડા સંઘર્ષના કિસ્સાઓમાં, મુખ્ય વન્યજીવન વોર્ડન કેન્દ્ર સરકારની પરવાનગી વિના કલમ ૧૨ હેઠળ દીપડાઓની વસ્તીનું વ્યવસ્થાપન અથવા સ્થળાંતર માટે પગલાં લઈ શકતા નથી, તેથી વન્યજીવન સંરક્ષણ અધિનિયમમાં સુધારો લાવવામાં આવ્યો છે.

આ અત્યંત નિયંત્રિત, બોજારૂપ પ્રક્રિયા સમય માગી લે તેવી છે અને રાજ્યમાં માનવ-દીપડા સંઘર્ષનો સામનો કરવાના પ્રયાસોમાં વિલંબ કરે છે, એમ નાઈકે જણાવ્યું હતું.આ બિલ મુખ્ય વન્યજીવન વોર્ડનને રાજ્ય સરકારની પરવાનગીથી દીપડાઓના વૈજ્ઞાનિક વ્યવસ્થાપન માટે જરૂરી પગલાં લેવા સક્ષમ બનાવશે, જેમાં સ્થાનાંતરણ અને વસ્તી વ્યવસ્થાપનનો સમાવેશ થાય છે. ■

# વડાલામાં ભાજપના નેતાની ઑફિસમાં તોડફોડ

મુંબઈ: વડાલા પરિસરમાં ચાર દિવસ અગાઉ જ શરૂ કરવામાં આવેલા ભાજપના પદાધિકારીના જનસંપર્ક કાર્યાલયમાં સોમવારની રાતે તોડફોડ કરવામાં આવી હતી. આર. કે. માર્ગ પોલીસે આ પ્રકરણે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.વડાલામાં ભાજપના પદાધિકારી વિજયસિંહ ગાયકવાડના જનસંપર્ક કાર્યાલયનું ગૂડીપડવાને દિવસે ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. સોમવારની રાતે ૧૦.૩૦ વાગ્યાની આસપાસ આ કાર્યાલયમાં તોડફોડ કરવામાં આવી હતી. તોડફોડની ઘટના સીસીટીવી કૅમેરામાં કેદ થઈ હતી.પોલીસના જણાવ્યા મુજબ પ્રાથમિક તપાસમાં મુખ્ય આરોપી તરીકે કૈલાસ પઠારેનું નામ સામે આવ્યું છે. રેકોર્ડ પરના આરોપી કૈલાસે દારૂના નશામાં નજીવા વિવાદમાં તોડફોડ કરી હોવાનું કહેવાય છે. કાર્યાલયના કાચ તોડવામાં આવ્યા હતા અને ખુરશી સહિતના સામાનને નુકસાન પહોંચાડવામાં આવ્યું હતું.તોડફોડ બાદ આરોપી કૈલાસ ફરાર થઈ ગયો હતો. પોલીસ તેની શોધ ચલાવી રહી છે. આ ઘટના પાછળ રાજકીય અદાવત કારણભૂત હોવાની ચર્ચા અગાઉ થઈ હતી, પરંતુ પોલીસે સ્પષ્ટતા કરી હતી કે આમાં કોઈ રાજકીય વિવાદ નથી. માત્ર નજીવા ઝઘડામાં નશામાં ચૂર આરોપીએ તોડફોડ કરી હોવાનું તપાસમાં જણાયું છે. ■

# થાણે પરિવહન બોર્ડે ₹ ૭૯૧.૮૬ કરોડનું બજેટ રજૂ કર્યું

## ઈ-બસ કાફલાના વિસ્તરણનું લક્ષ્ય

થાણે: મહારાષ્ટ્રના થાણે શહેરના નાગરિક પરિવહન ઉપક્રમે ૨૦૨૬-૨૭ માટે રૂ. ૭૯૧.૮૬ કરોડનું બજેટ રજૂ કર્યું હતું. બજેટમાં મુસાફરો માટે ભાડામાં કોઈ વધારો કર્યા વિના ઇલેક્ટ્રિક બસો વધારવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે.

ટીએમટીના મેનેજર બાલચંદ્ર બેહરેએ સોમવારે બજેટ રજૂ કર્યું, જેમાં ઉપક્રમને ટેક્નોલોજી-સંચાલિત મલ્ટિમોડલ ટ્રાન્સપોર્ટ સિસ્ટમમાં રૂપાંતરિત કરવાના વિઝનની રૂપરેખા આપવામાં આવી હતી. પીએમ-ઈબસ સેવા યોજના હેઠળ ૨૦૨૬-૨૭ માં ૧૦૦ એર-કન્ડિશન્ડ ઇલેક્ટ્રિક બસો ટીએમટી કાફલામાં સામેલ થવાની ધારણા છે અને ૧૫મા નાણા પંચના એનસીએપી અનુદાન દ્વારા ૧૬૦ વધારાની એસી ઇ-બસો માટે ટેન્ડર પ્રક્રિયા ચાલી રહી છે. માર્ચ ૨૦૨૭ સુધીમાં, ટીએમટીના કાફલામાં ૩૭૦ નવી બસો લાવવાનું લક્ષ્ય છે, જેમાં ૨૭૦ એસી ઇ-બસ અને ૧૦૦ સીએનજી નોન-એસી બસોનો સમાવેશ થાય છે. ઉપક્રમ બસ સંચાલન અને જાહેરાતોમાંથી કુલ રૂ. ૧૮૨.૨૭ કરોડની આવકની અપેક્ષા રાખે છે અને વધતા ઇંધણ ખર્ચ અને વરિષ્ઠ નાગરિકો અને મહિલાઓ માટે સબસિડીવાળી મુસાફરીને કારણે થતી ખાધને પહોંચી વળવા માટે થાણે મહાનગરપાલિકા પાસેથી રૂ. ૫૩૮.૨૯ કરોડની ગ્રાન્ટની વિનંતી કરી છે. ■



# ડાઇવર્સિફિકેશનમાંથી ડિસિપ્લિનઃ શા માટે મલ્ટી એસેટ ફન્ડ્સ પોર્ટફોલિયોમાં મહત્ત્વના બની રહ્યા છે

**આશિષ નાયક, ફન્ડ મેનેજર, એક્સિસ મ્યુચ્યુઅલ ફન્ડ**

વર્ષો સુધી મલ્ટી એસેટ ફંડ્સ મ્યુચ્યુઅલ ફંડો સમાચારોમાં રહેતા નહોતા. તેમને એક સ્માર્ટ પરંતુ મર્યાદિત વિકલ્પ તરીકે જોવામાં આવતા હતા, જે મુખ્યત્વે એવા રૂઢિચુસ્ત રોકાણકારો માટે યોગ્ય હતા જેઓ વધુ જોખમ લીધા વિના ઇક્વિટીમાં થોડું રોકાણ કરવા માગતા હતા. હવે આ માન્યતા બદલાઈ રહી છે. ફેબ્રુઆરી ૨૦૨૬માં મલ્ટી એસેટ એલોકેશન ફંડ્સમાં અંદાજે રૂ. ૮,૫૦૦ કરોડનો ચોખ્ખો પ્રવાહ આકર્ષાયો હતો. AMFI ના ડેટા અનુસાર આ શ્રેણીમાં કુલ એસેટ અંડર મેનેજમેન્ટ અંદાજે રૂ.૧.૮૩ લાખ કરોડે પહોંચી છે, જ્યારે ફોલિયોની સંખ્યા લગભગ ૪૯.૧ લાખ છે. આ આંકડા નાના નથી, તેઓ એક એવી શ્રેણીની વાર્તા કહે છે જે ભારતીય રોકાણકારોના પોર્ટફોલિયોમાં સતત પોતાનું મહત્ત્વનું સ્થાન બનાવી રહી છે.

આ મ્યુચ્યુઅલ ફન્ડને નોંધપાત્ર બનાવે છે તે છે તેની સાતત્યતા. AMFI ના ડેટા મુજબ, મલ્ટી એસેટ એલોકેશન ફંડ્સે ફેબ્રુઆરી ૨૦૨૬માં સતત ચોથા મહિને હાઇબ્રિડ કેટેગરીના ઇનફ્લોમાં નેતૃત્વ કર્યું છે.

**એક જ ફંડ, ત્રણ મુખ્ય સ્તંભઃ** મૂળભૂત રીતે, મલ્ટી એસેટ ફંડ ત્રણ અલગ-અલગ એસેટ ક્લાસમાં રોકાણ કરે છેઃ ઇક્વિટી, ડેટ (ઋણ) અને કોમોડિટીઝ (સામાન્ય રીતે સોનું અથવા ચાંદી). આર્થિક ચક્રના જુદા જુદા તબક્કે આ દરેક એસેટ ક્લાસ અલગ રીતે વર્તે છે. કોર્પોરેટ કમાણી વધી રહી હોય ત્યારે ઇક્વિટી સારું પ્રદર્શન કરે છે, જ્યારે વ્યાજ દરો ઊંચા હોય અથવા બજારો અનિશ્ચિત હોય ત્યારે ડેટ (ઋણ) આકર્ષક બને છે અને જ્યારે ફુગાવો (મોંઘવારી) વધતો હોય અથવા વૈશ્વિક જોખમોને કારણે રોકાણકારો સાવધ બને ત્યારે સોનાના ભાવમાં વધારો થાય છે. એક જ માળખામાં આ ત્રણેય એસેટ ક્લાસ હોવાથી, બજારની બદલાતી પરિસ્થિતિ મુજબ ફંડ મેનેજર તેમાં ફેરફાર કરી શકે છે, જેના માટે રોકાણકારે પોતે કોઈ પગલાં લેવાની જરૂર રહેતી નથી.

**રોકાણકારોએ શું ધ્યાનમાં રાખવું જોઈએ**

બધા જ મલ્ટી એસેટ ફંડ્સ એકસરખી રીતે બનાવવામાં આવતા નથી. કેટલાક ફંડ્સમાં ઇક્વિટી તરફ વધુ ઝુકાવ છે, જ્યારે અન્ય ફંડ્સ વધુ સંતુલિત અથવા રૂઢિચુસ્ત હોય છે. ફંડ મેનેજર દ્વારા એસેટ એલોકેશન માટે લેવામાં આવતા નિર્ણયોની ગુણવત્તાનું મહત્ત્વ અહીં વધી જાય છે. રોકાણકારોએ ફન્ડોએ તેજીના બજારમાં કેવું પ્રદર્શન કર્યું હતું એ જોવા ઉપરાંત એ પણ જોવું જોઈએ કે ભૂતકાળનાં ચક્રોમાં તેણે કેવી કામગીરી કરી છે. ટૂંકા ગાળાના વળતર કરતા પ્રક્રિયામાં સાતત્યતા વધુ મહત્ત્વ છે.

Axis Bank Ltd. is not liable or responsible for any loss or shortfall resulting from the operation of the scheme. Mutual Fund Investments are subject to market risks, read all scheme related documents carefully.

# સામાજિક જવાબદારી અને આરોગ્ય સેવાને ટેકો આપવા ગાંધાર ફાઉન્ડેશન પ્રતિબદ્ધ

મુંબઈ: મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના દિવંગત પિતાની યાદમાં સ્થાપવામાં આવેલાં ધ ગંગાધર રાવ ફડણવીસ મેમૉરિયલ ડાયગ્નોસ્ટિક સેન્ટરે સરળતાપૂર્વક મળી રહે તેવી ગુણવત્તાસભર આરોગ્ય સેવાને વધુ મજબૂત કરવાની દિશામાં મહત્ત્વનાં પગલાં લીધાં છે.



ગાંધાર ફાઉન્ડેશને ગંગાધર રાવ ફડણવીસ મેમેરિયલ ડાયગ્નોસ્ટિક સેન્ટરને પચીસ ડાયાલિસિસ મશીન અને મહત્ત્વના તબીબી ઉપકરણો ડોનેટ કરીને સીમાચિહ્નરૂપ યોગદાન આપ્યું છે.

આ માત્ર યોગદાન નથી, પરંતુ સામાજિક જવાબદારી અને ગુણવત્તાસભર આરોગ્ય સેવાને ટેકો આપવાની ગાંધાર ફાઉન્ડેશનની અડગ પ્રતિબદ્ધતાનું સાચું પ્રતિબિંબ પાડે છે.

ફાઉન્ડેશનના અધ્યક્ષ રમેશ પારેખનું દૂરંદેશીભર્યું નેતૃત્વ આ ઉદાર કાર્યના કેન્દ્રમાં છે. તેમનાં નૈતિક મૂલ્યો, દૂરંદેશી અને હકારાત્મક સામાજિક અસર ઊભી કરવાની તેમની પ્રતિબદ્ધતા આ અર્થપૂર્ણ પ્રયાસોનું મુખ્ય ચાલક બળ છે. તેમના માર્ગદર્શન હેઠળ ગાંધાર ફાઉન્ડેશને સામાજિક સેવાને ક્ષેત્રે સાતત્યપૂર્ણ રીતે કરુણા, જવાબદારી અને ઘેરી પ્રતિબદ્ધતા દર્શાવી છે.

બાવીસ માર્ચે નાગપુર ખાતે યોજાયેલા ઉદ્ઘાટન સમારોહમાં હાજર રહેવા મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે રમેશ પારેખને વ્યક્તિગત આમંત્રણ આપ્યું એ ખરેખર ગૌરવ લેવા જેવી વાત છે. આ બાબત તેમની વિશ્વસનીયતાનું પ્રતિબિંબ પાડે છે. ■

### નાગપુરમાં ઝડપથી ફેલાતા વાયરસનો ભય

# એક રાતમાં ૧૦૦૦ મરઘાંનાં મોત

નાગપુરઃ એક તરફ ઈરાન-ઈઝરાયલ યુદ્ધના કારણે પહેલાથી જ નાના-મોટા વ્યાપારી તણાવ હેઠળ જીવી રહ્યા છે, ત્યાં બીજી તરફ નાગપુરમાં અચાનક રાતોરાત ૧૦૦૦ મરઘા મૃત્યુ પામ્યા હોવાથી નાગપુરમાં ટેન્શનમાં વધારો થયો છે. સરકારી ઈંડા સેવન કેન્દ્રમાં બર્ડ ફ્લૂએ દસ્તક દીધી હોવાનું કહેવાઇ રહ્યું છે, જેના કારણે નાગપુરમાં ભારે ગભરાટ ફેલાયો છે. ૧૦૦૦ મરઘીઓના અચાનક મોતને કારણે તંત્ર સતર્ક થઈ ગયું છે અને પ્રતિબંધાત્મક પગલાં લેવાનું શરૂ કરી દેવામાં આવ્યું છે. નાગપુરના સેમિનરી હિલ્સ સ્થિત કેન્દ્રીય સરકારી ઈંડા સેવન કેન્દ્રમાં સોમવારે મોડી રાતે બર્ડ ફ્લૂ ફાટી નીકળ્યો હોવાની માહિતી મળી હતી. આશરે ૧૦૦૦ મરઘાનાં મોત થયા બાદ ભોપાળની 'સીએસઆઇઆર-નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ હાઈ સિક્યુરિટી એનિમલ ડિસીઝ' લેબોરેટરીએ આ ચેપની પુષ્ટિ કરી હતી. પ્રતિબંધાત્મક ઉપાયો અને વહીવટી કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી હતી. ■

# કૉંગ્રેસી નેતાએ મહારાષ્ટ્રમાં છોકરીઓની સલામતીનો મુદ્દો ઉઠાવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ચંદ્રપુર જિલ્લામાં છ સગીર છોકરીઓ ગુમ થયાના કેસને ટાંકીને કોંગ્રેસ વિધાનસભા પક્ષના નેતા વિજય વડેટ્ટીવારે મંગળવારે એવો દાવો કર્યો હતો કે, મહારાષ્ટ્રમાં કાયદો અને વ્યવસ્થા કથળી ગઈ છે.

રાજ્ય વિધાનસભામાં સ્થગન પ્રસ્તાવ દ્વારા આ મુદ્દો ઉઠાવતા, તેમણે એવી માગણી કરી હતી કે તાત્કાલિક એક વિશેષ શોધ ટીમ બનાવવામાં આવે અને છોકરીઓની સલામતી સુનિશ્ચિત કરવા માટે શાળાઓ અને કોલેજોમાં જાગૃતિ લાવવાના પગલાં લેવામાં આવે.

વડેટ્ટીવારે ચંદ્રપુરના બ્રહ્મપુરીમાં તાજેતરમાં નોંધાયેલા એક કેસનો ઉલ્લેખ કર્યો જ્યાં ધોરણ ૧૦ અને ૧૨માં અભ્યાસ કરતી છ સગીર છોકરીઓ ગુમ થઈ ગઈ હતી.

'અત્યાર સુધી ફક્ત બે છોકરીઓને શોધી શકાઈ છે, જ્યારે ચાર હજી પણ ગુમ છે. સરકાર સીસીટીવી સિસ્ટમ પર કરોડો ખર્ચ કરે છે, પરંતુ તાલુકા સ્તરે આ પદ્ધતિઓ ક્યાં છે?' એમ તેમણે પૂછ્યું હતું.

કોંગ્રેસના નેતાએ પોલીસની તૈયારી પર વધુ સવાલ ઉઠાવતા કહ્યું હતું કે, 'જ્યારે છોકરીઓનું અપહરણ થઈ રહ્યું છે અને તેમના મોબાઇલ ફોન બંધ આવે છે, ત્યારે પોલીસ તંત્ર શું કરી રહ્યું છે?'

વડેટ્ટીવારે મરાઠવાડા ક્ષેત્રમાં કમોસમી વરસાદ અને કરા પડવાની વાત પર પ્રકાશ પાડ્યો અને કહ્યું હતું કે નાંદેડ, હિંગોલી, ધારાશિવ અને છત્રપતિ સંભાજીનગરમાં હજારો હેક્ટર રવિ પાકને ભારે નુકસાન થયું છે.

કમોસમી વરસાદ અને કરા પડવાથી ખેડૂતો નુકસાન સહન કરી રહ્યા છે, છતાં સરકાર લોન માફી અંગે 'ખોખલા દાવા' કરી રહી છે. ઘણી જગ્યાએ, નુકસાનનું મૂલ્યાંકન પણ શરૂ થયું નથી, એવો તેમણે દાવો કર્યો હતો.

પ્રતિકૂળ હવામાનને કારણે બે માનવ મૃત્યુ અને ૪૧ પશુધનના મૃત્યુ નોંધાયા છે, એમ તેમણે જણાવ્યું હતું અને તાત્કાલિક સર્વેક્ષણ કરીને અસરગ્રસ્ત ખેડૂતોને તાત્કાલિક નાણાકીય સહાયની માગણી કરી હતી. ■

# વસઈ-વિરાર પાલિકાની હૉસ્પિટલમાં એક્સપાયર્ડ દવાનો સંગ્રહ મળ્યો

## તપાસ સમિતિની રચના કરાઈ

પાલઘરઃ વસઈ-વિરાર શહેર મ્યુનિસિપલ કોર્પોરેશને મંગળવારે એક સત્તાવાર પ્રકાશનમાં જણાવ્યું હતું કે નિરીક્ષણ બાદ સિવિલ હૉસ્પિટલમાં એક્સપાયર્ડ થયેલી દવાઓનો સંગ્રહ કરવા માટે જવાબદાર લોકોને નોટિસ ફટકારવામાં આવી છે.

મંગળવારે અધિકારીઓએ જણાવ્યું હતું કે સર ડી. એમ. પેટિટ હૉસ્પિટલમાં એક્સપાયર્ડ દવાઓ મળી આવી હોવાના મીડિયા અહેવાલો બાદ કોર્પોરેશને એક તપાસ સમિતિની રચના કરી હતી.એડિશનલ કમિશનર દીપક સાવંતની આગેવાની હેઠળની સમિતિએ હૉસ્પિટલના દવાના સ્ટોરેજનું નિરીક્ષણ કર્યું અને જાણવા મળ્યું કે દવાઓ યોગ્ય રીતે સંગ્રહિત નહોતી અને ૧૦ પ્રકારની દવાઓની મુદત પૂરી થઈ ગઈ હતી. મુદત પૂરી થઈ ચૂકેલી દવાઓ અને માન્ય સ્ટોક એકસાથે રાખવામાં આવ્યો હતો. નાગરિક સંસ્થાએ સંબંધિત અધિકારીઓને નોટિસ ફટકારી છે અને તે મુજબ આગળની કાર્યવાહી કરવામાં આવશે, એમ પ્રકાશનમાં જણાવાયું છે.(પીટીઆઈ) ■

# બીકેસીમાં નકલી પોલીસની રેઇડઃ વેપારીની ૧૨ લાખની રોકડની લૂંટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ હોલસેલમાં કપડાંની ડીલને બહાને નાગપુરના વેપારીને ૧૨ લાખ રૂપિયા સાથે બાન્દ્રા-કુર્લા કોમ્પ્લેક્સ (બીકેસી) ખાતે બોલાવ્યા પછી નકલી પોલીસની રેઇડ કરી લૂંટ ચલાવવામાં આવી હોવાની ઘટના સામે આવી હતી. આ પ્રકરણે પોલીસે સાત આરોપી વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

બીકેસી પોલીસના જણાવ્યા મુજબ પોલીસના સ્વાંગમાં રેઇડ કરનારા ચાર શખસ સહિત સાત જણ વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો હતો, જેમાંથી ત્રણની ઓળખ સાહિલ, નિહાલ બંસલ અને રોહન અગ્રવાલ તરીકે થઈ હતી.

આ પ્રકરણે નાગપુરમાં રહેતા અને એક્સાઈઝ ઑફિસરના પુત્ર નીલેશ ગાયકવાડે ફરિયાદ નોંધાવી હતી. ગાયકવાડે કપડાંનો વ્યવસાય શરૂ કરવાનું નક્કી કર્યું હતું અને આ માટે તેણે પરિવારજનો અને મિત્રો પાસેથી ૧૨ લાખ રૂપિયાની સગવડ કરી હતી. ઑક્ટોબર, ૨૦૨૫માં હોલસેલમાં કપડાં ખરીદવાને ઇરાદે દિલ્હી ગયેલા ગાયકવાડનો ભેટો આરોપી સાહિલ સાથે થયો હતો.

વાતચીત દરમિયાન ગાયકવાડનો વિશ્વાસ સંપાદન કરી સાહિલે તેના સાથી નિહાલ બંસલની મુંબઈમાં ગાર્મેન્ટ ફૅક્ટરી હોઈ હોલસેલના ભાવે કપડાં અપાવવાની ખાતરી આપી હતી. પરિણામે ગાયકવાડ બંસલના સંપર્કમાં રહ્યો હતો અને ૧૫ માર્ચે ડીલ ફાઈનલ કરવા મુંબઈ આવ્યો હતો.ચર્ચા દરમિયાન બંસલે માલની પૂરી રકમ રોકડમાં ચૂકવવાની સૂચના આપી હતી. નક્કી થયા મુજબ ૧૮ માર્ચે ગાયકવાડ સાંતાક્રુઝની એક હોટેલ નજીક પહોંચ્યો હતો, જ્યાં બંસલના માણસના સ્વાંગમાં રોહન અગ્રવાલ તેને મળ્યો હતો. કપડાંની ડિલિવરી ફાઈનલ કરવા અગ્રવાલ ગાયકવાડને બીકેસી લઈ ગયો હતો.પોલીસ ફરિયાદ અનુસાર બીકેસીમાં એક કારખાના નજીક ચર્ચા ચાલતી હતી ત્યારે ઈનોવા કારમાં ચાર શખસ ત્યાં આવી પહોંચ્યા હતા. પોલીસની રેઇડ પડી હોવાનું કહીને આરોપીઓએ ધમાચકડી મચાવી હતી. હંગામા દરમિયાન ડરનો માહોલ ઊભો કરી સાતેય આરોપી રોકડ લઈ રફુચક્કર થઈ ગયા હતા.

બાદમાં ગાયકવાડે બંસલનો સંપર્ક સાધવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તેનો મોબાઈલ સ્વિચ ઑફ્ફ આવતો હતો. પોતે છેતરાયો હોવાની જાણ થતાં ગાયકવાડે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. પોલીસ સીસીટીવી કૅમેરાનાં ફૂટેજને આધારે તપાસ કરી રહી છે. ■

# બારામતીમાં બિનહરીફ પેટાચૂંટણી માટે કોંગ્રેસ અને શિવસેના યુબીટી સાથે વાટાઘાટો કરાશેઃ તટકરે

મુંબઈઃ એનસીપીના નેતા સુનીલ તટકરેએ મંગળવારે જણાવ્યું હતું કે પાર્ટી મહારાષ્ટ્રમાં બારામતી વિધાનસભા મતવિસ્તારની આગામી પેટાચૂંટણી બિનહરીફ થાય તે સુનિશ્ચિત કરવા આતુર છે અને જરૂર પડ્યે વિરોધ પક્ષો સાથે વાટાઘાટો શરૂ કરશે.તત્કાલીન નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર અને ભાજપના વિધાનસભ્ય શિવાજી કર્ડિલેના મૃત્યુને કારણે પુણેમાં બારામતી અને અહિલ્યાનગરના રાહુરીમાં પેટાચૂંટણી ૨૩ એપ્રિલે યોજાશે.

પત્રકારો સાથે વાત કરતા, તટકરેએ જણાવ્યું હતું કે નાયબ મુખ્ય પ્રધાન છઠ્ઠી એપ્રિલે બારામતી બેઠક પરથી પોતાનું ઉમેદવારીપત્ર ભરશે.

તટકરેએ કહ્યું કે તેઓ વરિષ્ઠ નેતા પ્રફુલ પટેલ સાથે દિલ્હીમાં કોંગ્રેસના નેતાઓ સાથે ચર્ચા કરશે અને શિવસેના (યુબીટી)ના વડા ઉદ્ધવ ઠાકરેને પણ મળશે.'જો જરૂર પડશે તો, પ્રફુલ પટેલ અને હું દિલ્હીમાં કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓ સાથે ચર્ચા કરીશું જેથી ખાતરી કરી શકાય કે પેટાચૂંટણી બિનહરીફ થાય. અમે ઇચ્છીએ છીએ કે અજિત પવારના કમનસીબ મૃત્યુના સંજોગોને ધ્યાનમાં રાખીને આ પેટાચૂંટણી બિનહરીફ થાય,' એમ તેમણે કહ્યું હતું.

તેમણે એનસીપી (એસપી)ના નેતા સુપ્રિયા સુળેનો આભાર માન્યો કે તેમનો પક્ષ ઉમેદવાર ઉભા રાખશે નહીં, પરંતુ નોંધ્યું કે કોંગ્રેસે સંકેત આપ્યો છે કે તેઓ ચૂંટણી લડી શકે છે.એનસીપીના દિગ્ગજ નેતા અજિત પવાર (૬૬)નું આ વર્ષે ૨૮ જાન્યુઆરીએ બારામતીમાં વિમાન દુર્ઘટનામાં મૃત્યુ થયું હતું. ■

# હાફકિન રસીના સ્ટ્રેનને ખાનગી કંપનીને ટ્રાન્સફર કરવાની શક્યતા સામે કૉંગ્રેસી નેતાની ચેતવણી

મુંબઈઃ મહારાષ્ટ્ર કોંગ્રેસ વિધાનસભા પક્ષના નેતા વિજય વડેટ્ટીવારે મંગળવારે હાફકિન ઇન્સ્ટિટ્યૂટમાંથી એક દુર્લભ, મહત્વપૂર્ણ રસીના સ્ટ્રેનને ખાનગી કંપનીને સોંપવાના કથિત પગલાનો વિરોધ કર્યો અને આરોપ લગાવ્યો કે તેનાથી જાહેર આરોગ્ય પર પ્રતિકૂળ અસર પડી શકે છે અને ગરીબો માટે રસીઓ મોંઘી થઈ શકે છે.

વડેટ્ટીવારે રાજ્ય વિધાનસભામાં માહિતી આપતા મુદ્દો ઉઠાવ્યો જેમાં રિલાયન્સ લાઇફ સાયન્સિસ દ્વારા ડીપીટી (ડિપ્થેરિયા, પટર્યુસિસ, ટિટાનસ) રસીના સ્ટ્રેન મેળવવાના પ્રસ્તાવ પછી શરૂ કરાયેલી પ્રક્રિયા સામે વાંધો ઉઠાવ્યો અને હાફકિન સંસ્થા દ્વારા દાખવવામાં આવેલી ઉતાવળ પર પ્રશ્ન ઉઠાવ્યો.

૧૮૯૯ માં સ્થાપિત હાફકિન સંસ્થા દેશની સૌથી જૂની બાયોમેડિકલ સંશોધન સંસ્થાઓમાંની એક છે. તેનું નામ પ્લેગ રસીની શોધ કરનાર વૈજ્ઞાનિક ડો. વાલ્ડેમાર મોર્ડેકાઈ હાફકિન પરથી રાખવામાં આવ્યું છે.

આ સંસ્થા ચેપી રોગોના વિવિધ પાસાઓની તાલીમ, સંશોધન અને પરીક્ષણ સહિત અનેક કાર્યો કરે છે.

વડેટ્ટીવારે દાવો કર્યો હતો કે, હાફકિન પાસે રહેલી ડીપીટી રસીનો પ્રકાર એક અત્યંત દુર્લભ અને ઐતિહાસિક જૈવ-સંસાધન છે જેની બજાર કિંમત કરોડોમાં છે. આમ છતાં, સંસ્થાએ પૂરતી ચર્ચા કર્યા વિના ઉતાવળે રસી ખાનગી કંપનીને ટ્રાન્સફર કરવાની પ્રક્રિયા શરૂ કરી છે.

કોંગ્રેસના નેતાએ વધુમાં પ્રશ્ન કર્યો કે સ્વતંત્ર રીતે રસી બનાવવામાં સક્ષમ જાહેર સંસ્થા આટલી કિંમતી સંપત્તિ ખાનગી સંસ્થાને સોંપવાનું કેમ વિચારે છે.

વ્યાપક અસરોની ચેતવણી આપતા વડેટ્ટીવારે દાવો કર્યો કે, જો આ રસી ખાનગી કંપનીના હાથમાં જશે, તો હાલમાં સસ્તા દરે ઉપલબ્ધ રસીઓ મોંઘી થઈ શકે છે, જે સામાન્ય નાગરિકોને સીધી અસર કરશે અને જાહેર આરોગ્ય વ્યવસ્થાને નબળી પાડશે.

તેમણે મહત્વપૂર્ણ જૈવિક સંસાધનોના નિયંત્રણ અંગે પણ ચિંતા વ્યક્ત કરી હતી. (પીટીઆઈ) ■

### ઉરણથી અલીબાગ ફક્ત ૩૦ મિનિટમાં

# મુંબઈ અને અલીબાગને જોડતા નવા બ્રિજનું કામ શરૂ

મુંબઈઃ અલીબાગના રહેવાસીઓ માટે આનંદના સમાચાર છે. ઉરણથી અલીબાગ વચ્ચેનો બે કલાકનો પ્રવાસ હવે માત્ર ૩૦ મિનિટમાં પૂર્ણ થશે. મુંબઈ અને અલીબાગને જોડતા એક નવા બ્રિજનું કામ શરૂ કરવામાં આવ્યું છે.

મહારાષ્ટ્રના પશ્ચિમ કિનારાના ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ હેઠળ ૨ કિમી લાંબો ફોર-લેન બ્રિજ બનાવવામાં આવી રહ્યો છે, જે ઉરણના કરંજા અને અલીબાગના રેવસને સીધો જોડશે. આમ મુસાફરોનો સમય બચશે.


હાલમાં ઉરણથી અલીબાગ સુધી મુસાફરી કરવા માટે મુસાફરોને ૭૦ કિમીનો રૂટ વાપરવો પડે છે, જેમાં બે કલાકથી વધુ સમય લાગે છે. જોકે ફેરી સર્વિસ ૧૫ મિનિટમાં ઝડપી પ્રવાસની સુવિધા આપે છે, પરંતુ ચોમાસા દરમિયાન તે બંધ રહે છે. તેથી આ સમયે અલીબાગના રહેવાસીઓને રસ્તા માર્ગે જ મુસાફરી કરવી પડે છે.

નવો બ્રિજ જવાહરલાલ નેહરુ પોર્ટ ટ્રસ્ટ અને અલીબાગ વચ્ચેનું અંતર લગભગ ૫૫ કિલોમીટરથી ઘટાડીને ૩૦ કિલોમીટર કરશે, જેનાથી મુસાફરો અને માલસામાન વાહનો બંનેની અવરજવર સરળ બનશે, જેનાથી પ્રાદેશિક જોડાણમાં પણ સુધારો થવાની અપેક્ષા છે.

આ પ્રોજેક્ટમાં ધરમતાર ખાડી પર બે કિમી લાંબો મુખ્ય બ્રિજ બનાવવામાં આવશે. બ્રિજની કુલ લંબાઈ ૧૦.૬૫ કિમી છે. આ પ્રોજેક્ટ મહારાષ્ટ્ર રાજ્ય માર્ગ વિકાસ નિગમ દ્વારા અમલમાં મૂકવામાં આવી રહ્યો છે. આ પ્રોજેક્ટ માટે આશરે ૮ કિમી જમીન સંપાદનની જરૂર પડશે. એકવાર જમીન સંપાદનનો મુદ્દો ઉકેલાઈ જશે, પછી પ્રોજેક્ટને ગતિ મળશે. ■

# ભિવંડીમાં બાળકી સાથે દુષ્કર્મઃ પ્રૌઢ વિરુદ્ધ ગુનો

થાણેઃ ભિવંડીમાં પોતાના ઘરે બોલાવીને ૧૦ વર્ષની બાળકી સાથે વારંવાર દુષ્કર્મ કરનારા પ્રૌઢ વિરુદ્ધ પોલીસે ગુનો નોંધ્યો હતો.ભોઈવાડા પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે આરોપીએ ડિસેમ્બર, ૨૦૨૫થી ચાલુ વર્ષના ફેબ્રુઆરી દરમિયાન બાળકીનું જાતીય શોષણ કર્યું હતું. અમુક લાલચો આપી આરોપી બાળકીને ભિવંડીના નિઝામપુરા વિસ્તારમાં આવેલા પોતાના ઘરે લઈ જતો હતો અને પછી તેની સાથે દુષ્કર્મ કરતો હતો. બાળકીના પરિવારે કરેલી ફરિયાદને આધારે પોલીસે રવિવારે આરોપી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૬૪ અને ૭૪ તેમ જ પોક્સો ઍક્ટની જોગવાઈ હેઠળ ગુનો નોંધ્યો હતો. (પીટીઆઈ) ■









# મુંબઈ સમાચાર

આયોજિત

# માતૃભાષા ભાગવત સપ્તાહ

**૨ એપ્રિલથી ૮ એપ્રિલ**



અનંત શ્રી વિભૂષિત પશ્ચિમામ્નાય દ્વારકાશારદાપીઠાધીશ્વર જગદ્‌ગુરુ શંકરાચાર્ય સ્વામીશ્રી સદાનંદ સરસ્વતીજી મહારાજ | વૈષ્ણવ હૃદયસમ્રાટ વૈષ્ણવાચાર્યશ્રી ૧૦૮ યદુનાથજી મહોદયશ્રી (કડી-અમદાવાદ) | શ્રી વલ્લભકુલભૂષણ વૈષ્ણવાચાર્ય પૂજ્ય પાદ ગોસ્વામી ૧૦૮ શ્રી વ્રજરાજકુમારજી મહારાજશ્રીનું | રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજસાહેબનું

**માર્ગદર્શન**

મહાનગરમાં વ્રજનો લય
સંપૂર્ણ મુંબઈ કૃષ્ણમય
તમામ માતૃભાષાનો જય



## પરમપૂજ્ય રમેશભાઈ ઓઝા ભાઈશ્રી

**સનાતન નગરીઃ**
સ્વ. શ્રી બાળાસાહેબ ઠાકરે ક્રીડાસંકુલ,
(ચીકુવાડી પ્લેગ્રાઉન્ડ) બોરીવલી (પશ્ચિમ)

**ભાગવત કથાઃ** બપોરે ૩.૩૦થી ૬.૩૦
**પ્રસાદઃ** સાંજે ૬.૩૦ વાગ્યાથી ૭.૩૦ વાગ્યા સુધી
**માતૃભાષા મહોત્સવ અને સાંસ્કૃતિક કાર્યક્રમોઃ** રાત્રે ૭.૩૦થી ૧૦.૦૦

૨૦૪ વર્ષની યુવાવયના એશિયાના સૌથી જૂના અખબાર 'મુંબઈ સમાચાર'ની અલૌકિક-અદ્‌ભુત પહેલ

Supported by:
adani



SKYLINE INFRA FORGE
**શ્રી સૌરભ મહેતા**
(મુખ્ય મનોરથી)



gandhar Group of Companies
**શ્રી રમેશભાઈ પારેખ**
(સહ મનોરથી)

- તમામ દર્શનાર્થીઓ માટે પ્રસાદની વ્યવસ્થા
- ૨ લાખ સ્કે. ફૂટના એરકન્ડિશન્ડ ડોમમાં ભાગવત કથા
- પોથીના મનોરથીઓને વિશેષ પ્રસાદ અને ભાગવત શ્રવણની વ્યવસ્થા

## જીવંત પ્રસારણ

મુંબઈ સમાચાર
YouTube ગુજરાતી

આસ્થા
ધર્મ સંદેશ
આસ્થા ભજન

વસુધૈવ કુટુંબકમ્
॥ Sandipani ॥

DANUBE PROPERTIES DUBAI
Real Estate Partners:

**દરરોજના કાર્યક્રમ**



દીપ્તિ ભાગવત
સંજીવની ભેલાંડે
નચિકેત દેસાઈ
હેમંત બર્વે
અજિત પરબ
અને પલ્લવી કેળકર

**તા. ૨** માતૃભાષા માનવંદનાઃ મરાઠી સંગીત સંધ્યા



**તા. ૩** પદ્મશ્રી કૈલાસ ખેરનો 'કૈલાસા' કોન્સર્ટ અને કૈલાસા લાઈવ



**તા. ૪** ગીતા રબારીનો સંગીત જલસો



**તા. ૭** કીર્તિદાન ગઢવીનો ડાયરો

**ઉત્સવ, મનોરથ, ઝાંખી અને અન્ય સેવાઓ નોંધાવવાના**

**અંતિમ દિવસ**

સંપર્કઃ
વિપુલ પારેખ ૯૩૨૨૫૦૫૦૩૦
યોગેશ પંડ્યા ૭૭૧૦૮૧૬૩૪૦
કિશોર જાની ૯૮૧૯૯૧૦૦૩૯

**આયોજક**

## મુંબઈ સમાચાર પ્રેરિત માતૃભાષા પ્રતિષ્ઠાન

★ શ્રી નીલેશ દવે

| | | | | |
|---|---|---|---|---|
| ★ શ્રી પરાગ શાહ | ★ શ્રી સંતોષ સિંહ | ★ શ્રી મુકેશ પટેલ | ★ શ્રી રાજુ સાવલા | ★ શ્રી અરવિંદ શાહ |
| ★ શ્રી જિજ્ઞેશ ભુતા | ★ શ્રી જસ્મીન શાહ | ★ શ્રી જિતેન્દ્ર મહેતા | ★ શ્રી જગદીશ ઓઝા | ★ શ્રી ભાર્ગવ પટેલ |
| ★ શ્રી નિરવ મહેતા | ★ શ્રી જિજ્ઞેશ હિરાણી | ★ શ્રી શોભિત દેસાઈ | ★ શ્રી મિલન ત્રિવેદી (રાજકોટ) | ★ શ્રી દુષ્યંત સોની (દુબઈ) |

વિશેષ આભારઃ ★ શ્રી સંજય ઉપાધ્યાય ★ શ્રી અસીત કુમાર મોદી ★ શ્રી જે. ડી. મજેઠિયા ★ શ્રી સંજય છેલ ★ શ્રી મુકેશ મહેતા ★ શ્રી ભૂપેન્દ્ર મહેતા ★ શ્રી વિપુલ પારેખ ★ શ્રી વિરલ ચિતલિયા ★ શ્રીમતી માધવી ભુતા

AJMERA BUILT ON TRUST
MICL LIVE BETTER
Showglitz Events & Entertainment Private Limited
HEM AGARBATTI
MUNJAL
hitech events & exhibition
માતૃભાષા વંદના
ARVINDBHAI KHATRI SONS
BRIGHT OUTDOOR MEDIA LIMITED
Neela Film Productions
NATUREPURE Wellness Pvt. Ltd.
WellPure | Keshasvi
APAR ADVERTISERS PRIVATE LIMITED
NEELKANTH Building Trust Since 1938 Formerly known as: Velji Harkha Patel & Sons.
SURBHI GROUP Redefining Urban Lifestyle Contact - +91 98218 85998/
SILVER BUILDING LANDMARKS SINCE 1986

# દેશમાં પ્રથમવાર કંડલા પોર્ટ પર સફળતાપૂર્વક પાર પડાયું ‘ટ્રિપલ બૅન્કિંગ’ ઑપરેશન

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કંડલા મહાબંદરે સમુદ્રી વ્યાપારના ક્ષેત્રમાં એક નવો ઈતિહાસ રચી દીધો છે. અત્યંત જોખમી અને ટેક્નિકલી જટિલ ગણાતું ‘ટ્રિપલ બૅન્કિંગ શિપ-ટુ-શિપ’ ઓપરેશન કંડલાના મધદરિયે સફળતાપૂર્વક પાર પાડવામાં આવ્યું છે. ભારતભરમાં કંડલા એવું પ્રથમ બંદર બન્યું છે જ્યાં આટલી તીવ્ર ભરતી અને ઓટની પરિસ્થિતિ હોવા છતાં એકસાથે ત્રણ જહાજો વચ્ચે કાર્ગો ટ્રાન્સફર કરવાની સિદ્ધિ હાંસલ કરી હોય.

સામાન્ય રીતે જ્યારે અફાટ સમુદ્રની વચ્ચે એક મોટા જહાજમાંથી બીજા જહાજમાં માલસામાન ટ્રાન્સફર કરવામાં આવે તેને ‘એસટીએસ’ ઓપરેશન કહેવાય છે, પરંતુ આ વખતે કંડલામાં એક ડગલું આગળ વધીને, એકસાથે ત્રણ વિશાળ જહાજોને એકબીજા સાથે જોડી દેવામાં આવ્યા હતા. આ પ્રક્રિયામાં મુખ્ય જહાજમાંથી કુલ ૧,૧૭,૦૦૦ ટન કાર્ગો ડિસ્ચાર્જ કરવામાં આવ્યો હતો. વચલા જહાજના માધ્યમથી આ માલ ત્રીજા જહાજમાં લોડ કરાયો હતો, જેમાં એકલા ત્રીજા જહાજમાં જ ૭૭,૦૦૦ ટન માલ ભરવામાં આવ્યો હતો.

કંડલા બંદર તેના દરિયાઈ કરંટ અને સતત બદલાતા પાણીના સ્તર (ભરતી-ઓટ) માટે જાણીતું છે. આવા સંજોગોમાં ત્રણ તોતિંગ જહાજોને સમાંતર સ્થિર રાખવા એ એન્જિનિયરિંગ અને નેવિગેશનની દ્રષ્ટિએ મોટો પડકાર હતો. જરા પણ ક્ષતિ થાય તો જહાજો એકબીજા સાથે અથડાવાની અને કરોડોના નુકસાનની ભીતિ રહેતી હોય છે. જોકે, પોર્ટ ઑથોરિટીની અત્યંત ચોકસાઈ અને આધુનિક ટૅકનોલૉજીના કારણે આ પડકારને સફળતામાં ફેરવી દેવાયો હતો.

આ નવી પદ્ધતિના અમલથી મોટા જહાજોને હવે જેટી (બર્થ) સુધી આવવાની જરૂર રહેશે નહીં, લોજિસ્ટિક્સ પ્રક્રિયા ઝડપી બનશે અને બંદર પર ટ્રાફિકનું ભારણ ઘટશે અને વધુ માલવાહક જહાજો હેન્ડલ કરી શકાશે.

# ગુજરાતમાં ફરી તાપમાનનો પારો ઊંચકાયો, આગામી દિવસોમાં ગરમી વધવાની સંભાવના

અમદાવાદ: ગુજરાતમાં ગયા અઠવાડિયે વાતાવરણમાં પલટો આવતા અને વરસાદી માહોલ જામતા બે-ચાર દિવસ માટે ગરમીથી રાહત મળી હતી, પરંતુ ફરી તાપમાનનો પારો ઊંચકાયો છે અને હજુ ગરમીમાં વધારો થવાની સંભાવના હોવાનું હવામાન ખાતાના સૂત્રોએ જણાવ્યું હતું.

રાજ્યમાં અમરેલી સૌથી વધુ ગરમ મથક સાબિત થયું હતું. અમરેલીમાં ૩૭.૩ ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું. જ્યારે વડોદરા ૩૭ ડિગ્રી સાથે બીજા ક્રમાંકે અને અમદાવાદ ૩૬.૯ ડિગ્રી સાથે ત્રીજા ક્રમાંકે હતું. આ ઉપરાંત રાજકોટ, ડાંગ, દોહાદ, ડીસા, સુરત ૩૬ ડિગ્રી આસપાસ તાપમાને તપ્યા હતા. ભુજમાં બે ડિગ્રી ઓછી ૩૪ ડિગ્રી ગરમી નોંધાઈ હતી. નલિયાનું મહત્તમ તાપમાન ૩૩ ડિગ્રી નોંધાયું હતું. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી બે દિવસોમાં ગરમીનો પા ો હજુ ૨થી ૩ ડિગ્રી ઊંચો ચડશે. ત્યારબાદ ગરમીમાં ખાસ ફેરફાર નોંધાશે નહીં.

# મુખ્ય પ્રધાને કહ્યું ગેસ-પેટ્રોલની અછત નથી, અફવાઓથી દૂર રહો

## સરકારની બાંહેધરી છતાં બીજા દિવસે પણ પેટ્રોલ પંપ બહાર વાહનોની કતારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં સતત બીજા દિવસે પણ પેટ્રોલ પંપ બહાર વાહનોની લાઈનો લાગી હતી. મોટાભાગનાં શહેરોમાં લોકો પેટ્રોલ-ડિઝલ માટે લાંબી લાઈનો લગાવી ઊભા હતા. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે લોકોને જણાવ્યું હતું કે રાજ્યમાં પેટ્રોલ-ડિઝલ કે ગેસની કોઈ અછત નથી અને અફવાઓનો ભોગ બની લાઈનમાં ઊભા રહેશો નહીં. સોમવારે નાયબ મુખ્ય પ્રધાને પણ સ્પષ્ટતા કરી હતી કે આવી કોઈપ્રકારની અછત રાજ્યમાં નથી. છતાં લોકોએ બીજા દિવસે પણ પેટ્રોલ પંપ બહાર લાઈનો લગાવી હતી. અમદાવાદ, વડોદરા, રાજકોટ, જામનગર સહિતનાં શહેરોમાં હજુ લોકોમાં પેનિક જોવા મળ્યું હતું.

મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે એક કાર્યક્રમ દરમિયાન મંચ પરથી જણાવ્યું હતું કે કોઈપણ જાતની અફવામાં દોરાઈને ગેસ, પેટ્રોલ કે કોઈપણ વસ્તુની લાઇનમાં ઊભા રહેવાની જરૂર નથી. કોઈપણને તકલીફ પડે નહિ તેવું કેન્દ્ર સરકાર પણ ધ્યાન આપી રહી છે અને રાજ્યની સરકાર પણ પૂરતું ધ્યાન આપી રહી છે. રાજ્યમાં ડીઝલ, પેટ્રોલ કે ગેસની કોઈ અછત નથી. બધાને પૂરતું મળી રહ્યું છે અને મળી રહેવાનું પણ છે. સોમવારે અમદાવાદ, રાજકોટ સહિતનાં અમુક શહેરોમાં અમુક પેટ્રોલપંપમાં પુરવઠો ખૂટી ગયો હતો ત્યારબાદ મીડિયા અને સોશિયલ મીડિયામાં આ વાત ફેલાતા લોકોમાં ભય જાગતા પેટ્રોલ-ડિઝલ માટે લાંબી લાઈનો લાગી હતી. જે મંગળવારે પણ જોવા મળી હતી. સોમવારે નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીએ લોકોને અપીલ કરી હતી કે અછતની કોઈ સ્થિતિ નથી અને લોકો અફવાઓને ન માને અને અફવા ફેલાવે પણ નહીં.

આ સાથે અન્ન, નાગરિક પુરવઠા વિભાગના અધિક મુખ્ય સચિવ મોના ખાંધારે પણ સોમવારે જણાવ્યું હતું કે, રાજ્યના તમામ પેટ્રોલ પંપો પર જરૂરિયાત મુજબનો પેટ્રોલ અને ડીઝલનો જથ્થો પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે, જેથી નાગરિકોએ પેટ્રોલ પંપ પર લાંબી લાઈનો લગાવવાની અને પેનિક થવાની જરૂર નથી. આ ઉપરાંત રાજ્યમાં પૂરતો ઇંધણનો ‘બફર સ્ટોક’ પણ ઉપલબ્ધ છે, જેથી કોઈએ ગભરાવાની કે ખોટી ઉતાવળ કરવાની કોઈ જરૂર નથી.

# ઈંધણના પેનિક બાઈંગ વચ્ચે સરકારે કેન કે બેરલ પર મૂક્યો પ્રતિબંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: પશ્ચિમ એશિયામાં સર્જાયેલી યુદ્ધની સ્થિતિની અસર ભારતભરમાં દેખાઈ રહી છે. અગાઉ ગેસ સિલિન્ડરની અછતને લીધે લોકોમાં ચિંતાનો માહોલ હતો ત્યારે હવે ગુજરાતમાં પેટ્રોલ-ડિઝલની અછતની અફવાઓને કારણે લોકો પેટ્રોલપંપ બહાર લાઈનો લગાવી ઊભા છે. રાજ્ય સરકારે કોઈપણ પ્રકારની અછત ન હોવાની સ્પષ્ટતા કરી છે, પરંતુ લોકો પેનિક બાઈંગ કરી રહ્યા હોવાથી અન્ન અને નાગરિક પુરવઠા વિભાગે જાહેરાત કરી હતી કે રાજ્યમાં પેટ્રોલ પંપો પર માત્ર વાહનોની ટાંકીમાં જ ઈંધણ ભરી શકાશે. જે લોકો કેન અથવા બેરલ લઈ ઇંધણ લેવા આવશે, તેમને મળશે નહીં.

રાજ્ય સરકાર ઉપરાંત ઇંધણ પૂરું પાડતી કંપનીઓએ પણ લોકોને અફવાઓનો શિકાર ન બનવા અને લાંબી લાઈનો ન લગાવવા અપીલ કરી હતી. આ સાથે જે કોઈ વિક્રેતા કૃત્રિમ અછત ઊભી કરશે અથવા સંગ્રહખોરી કરશે તેમની સામે પણ નિયમોનુસાર પગલા લેવામાં આવશે, તેમ પણ સરકારે પરિપત્ર દ્વારા સ્પષ્ટ કર્યું હતું.

# સૌરાષ્ટ્રના રાજકોટમાં ભૂકંપનો આંચકો, શહેરથી સાત કિ.મી. દૂર કેન્દ્રબિંદુ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સૌરાષ્ટ્રના પાટનગર ગણાતા રાજકોટમાં સાંજના સમયે ભૂકંપનો હળવો આંચકો નોંધાયો હતો. રાજકોટ શહેર અને તેની આસપાસના વિસ્તારોમાં સાંજે ૫.૪૧ વાગ્યા આસપાસ ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. ગાંધીનગર ઇન્સ્ટિટ્યૂટ ઑફ સિસ્મોલોજિકલ રિસર્ચ દ્વારા ભૂકંપના આંચકાની પૃષ્ટિ કરવામાં આવી હતી. અહેવાલો અનુસાર રાજકોટ અને આસપાસના વિસ્તારોમાં સાંજે ૫.૪૧ વાગ્યે ભૂકંપનું હળવું કંપન અનુભવાયું હતું. ભૂકંપનું કેન્દ્રબિન્દુ શહેરથી ૭ કિલોમીટર દૂર મવડી અને વાવડી ગામ વચ્ચે નોંધાયું હોવાનું જાણવા મળ્યું હતું, જેની તીવ્રતા ૩.૨ માપવામાં આવી હતી.

જોકે લોકોને આંચકાનો ખાસ અનુભવ ન થયો હોવાનું જણાવી રહ્યા છે. આંચકાથી કોઈ જાનહાનિ કે માલહાનિના અહેવાલો નથી.

# મુખ્ય પ્રધાને તમામ જિલ્લાના કલેક્ટર સાથે કરી સમીક્ષા બેઠક

અમદાવાદ: રાજ્યના ઘણા શહેરોમાં પેટ્રોલ-ડીઝલ અને ગૅસ સિલિન્ડરની અછતની અફવાઓ વચ્ચે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે તમામ જિલ્લાના કલેક્ટર સાથે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી સમીક્ષા બેઠક યોજી હતી. આ બેઠકમાં રાજ્યમાં પેટ્રોલ, ડીઝલ અને એલપીજી જથ્થાની વર્તમાન સ્થિતિની સર્વગ્રાહી સમીક્ષા કરી હતી. સમગ્ર રાજ્યમાં હાલ એલપીજી, પીએનજી અને પેટ્રોલ-ડીઝલની સ્થિતિ સામાન્ય છે અને પુરવઠો પૂરતા પ્રમાણમાં છે.

રાજ્યના અમુક સ્થળોએ અફવાઓના કારણે વેચાણમાં થોડો ઉછાળો જોવા મળ્યો હતો.

# વડોદરા શહેરમાં વીજ બિલના ૧૧ કરોડ વસૂલવા એમજીવીસીએલના ૪૫૫ કર્મીઓ મેદાને

અમદાવાદ: ગુજરાત વીજ કંપની લિમિટેડ એમજીવીસીએલ દ્વારા વડોદરામાં વીજ બિલની વસૂલાત માટે ખાસ ડ્રાઈવ શરૂ કરવામાં આવી છે. શહેરમાં લગભગ ૧૧ કરોડ રૂપિયા જેટલી રકમ ગ્રાહકો પાસે બાકી હોવાથી તંત્રએ કડક વલણ અખત્યાર કર્યું છે. બરોડા સીટી સર્કલ દ્વારા મંગળવારે વીજ બિલ વસૂલાત માટે ‘મેગા ડિસ્કનેક્શન ડ્રાઈવ’ શરૂ કરવામા આવી છે. આ ડ્રાઈવમાં ૪૫૫ કર્મચારીઓ જોડાયા છે. વડોદરા સર્કલના ૨૩ સબ ડિવિઝનમાં વહેલી સવારથી સામુહિક કાર્યવાહી શરૂ કરાઇ છે. શહેરમાં ૮.૨૦ લાખ વીજ ગ્રાહકોનો લક્ષ્યાંક પૂર્ણ કરવા માટે ૩૧ માર્ચ સુધી આ કવાયત ચાલું રહેશે.

એમજીવીસીએલ બરોડા સિટી સર્કલ હેઠળ ૨૩ સબડિવિઝન ઓફિસો છે, જે તમામ સબડિવિઝનમાં આ ડ્રાઈવ ચાલુ છે. બાકી લાઈટ બિલ ૩૧ માર્ચ સુધીમાં ૩.૩૧ કરોડથી વધુ ન રહે અને તે કરતાં પણ ઓછું રહે તે નિર્ધાર સાથે કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. આ મેગા ડ્રાઈવ માટે કોઈપણ પ્રકારનો પોલીસ બંદોબસ્ત માગવામાં આવ્યો નથી. બરોડા સિટી સર્કલમાં લગભગ ૮.૨૦ લાખ ગ્રાહકો છે.


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

BRIHANMUMBAI MAHANAGARPALIKA

એસેસમેન્ટ અને કલેકશન વિભાગ

ઓક્શન વેચાણ

(કર બાકી રકમની વસૂલાત માટે)

લાંબી નોટિફિકેશન

મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ, ૧૮૮૮ની કલમ ૨૦૬ (૨) હેઠળ અને સ્થાવર મિલકતના વેચાણ માટે મ્યુનિસિપલ નિયમનમાં નિર્ધારિત કરેલ રીતમાં.

મિલકતની વિગતો નીચે મુજબ છેઃ-

| ક્ર. નં. | વૉર્ડ નામ | SAC નં. | આકારણીઓનું નામ & મિલકતનું સરનામું | મિલકતનું વર્ણન | બિલ્ડિંગ નામ & સરનામું | જમીન/ બિલ્ડિંગ/ યુનિટનો વિસ્તાર (ચો.મી.) | ૩૧.૦૩.૨૦૨૬ સુધીનો મિલકત વેરો | દંડ | બાકીની રકમ (રૂ.) |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | LX | LX1206418000000 | ડીબીએસ રિયલ્ટી પ્રાઈવેટ લિમિટેડ<br>ડી.બી.એસ. હાઉસ ચાંદીવલી ફાર્મ, ચાંદીવલી સંઘર્ષ નગર, ગામ ચાંદીવલી, મુંબઈ ૪૦૦ ૦૭૨ | જમીનનો પ્લોટ | ડીબીએસ રિયલ્ટી, ૪થો માળ, વિંગ-૧૫, ગેટ નંબર ૦૨, TEN BKC, OFF N. ધર્માધિકારી માર્ગ, કલાનગર, બાંદ્રા (ઈ.), મુંબઈ ૪૦૦ ૦૫૧ | 4363.11 | 49477008 | 157074560 | 206551568 |
| ૨ | LX | LX1206418850000 | ડીબીએસ રિયલ્ટી પ્રાઈવેટ લિમિટેડ<br>ડી.બી.એસ. હાઉસ ચાંદીવલી ફાર્મ, ચાંદીવલી સંઘર્ષ નગર, ગામ ચાંદીવલી, મુંબઈ ૪૦૦ ૦૭૨ | જમીનનો પ્લોટ | ડીબીએસ રિયલ્ટી, ૪થો માળ, વિંગ-૧૫, ગેટ નંબર ૦૨, TEN BKC, OFF N. ધર્માધિકારી માર્ગ, કલાનગર, બાંદ્રા (ઈ.), મુંબઈ ૪૦૦ ૦૫૧ | 4499.65 | 52745140 | 172358246 | 225103386 |
| ૩ | LX | LX1206418260000 | ડીબીએસ રિયલ્ટી પ્રાઈવેટ લિમિટેડ<br>ડી.બી.એસ. હાઉસ ચાંદીવલી ફાર્મ, ચાંદીવલી સંઘર્ષ નગર, ગામ ચાંદીવલી, મુંબઈ ૪૦૦ ૦૭૨ | જમીનનો પ્લોટ | ડીબીએસ રિયલ્ટી, ૪થો માળ, વિંગ-૧૫, ગેટ નંબર ૦૨, TEN BKC, OFF N. ધર્માધિકારી માર્ગ, કલાનગર, બાંદ્રા (ઈ.), મુંબઈ ૪૦૦ ૦૫૧ | 4363.11 | 49477008 | 156917273 | 206394281 |
| ૪ | LX | LX1206418180000 | ડીબીએસ રિયલ્ટી પ્રાઈવેટ લિમિટેડ<br>ડી.બી.એસ. હાઉસ ચાંદીવલી ફાર્મ, ચાંદીવલી સંઘર્ષ નગર, ગામ ચાંદીવલી, મુંબઈ ૪૦૦ ૦૭૨ | જમીનનો પ્લોટ | ડીબીએસ રિયલ્ટી, ૪થો માળ, વિંગ-૧૫, ગેટ નંબર ૦૨, TEN BKC, OFF N. ધર્માધિકારી માર્ગ, કલાનગર, બાંદ્રા (ઈ.), મુંબઈ ૪૦૦ ૦૫૧ | 4363.11 | 49477008 | 157146365 | 206623373 |
| ૫ | GS | GS1300880180000 | ધ ન્યૂ સન મિલ્સ કંપની લિમિટેડ<br>૧૦૪૦, ૧૦૪૨એ, ૧૦૪૭સી અને ૧૦૪૭ડી, એન.એ. જોશી માર્ગ, લોઅર પરેલ, મુંબઈ ૪૦૦ ૦૧૩ | જમીનનો પ્લોટ | મેસર્સ. શુભમ ફેબ્રિક્સ એલએલપી, ૨૧૬ ટાર્ડિયો એર કન્ડીશન માર્કેટ, તારદેવ, મુંબઈ ૪૦૦ ૦૩૪ | 4891.34 | 40551729 | 22189356 | 62741085 |
| ૬ | GS | GS1200110090000 | અંબિકા સિલ્ક મિલ્સ કંપની લિમિટેડ<br>સેનાપતિ બાપટ માર્ગ, લોઅર પરેલ, મુંબઈ ૪૦૦ ૦૧૧ | દુકાન/ વાણિજ્યિક | અંબિકા સિલ્ક મિલ્સ કંપની લિમિટેડ, 114 સેનાપતિ બાપટ માર્ગ, મહાલક્ષ્મી, મુંબઈ ૪૦૦ ૦૧૧ | 1502.45 | 60764155 | 51440440 | 112204595 |
| ૭ | MW | MW0802350300000 | મે. જય માતાદી કન્સ્ટ્રકશન પ્રા. લિ.<br>CTS NO. 303, 303/1 to 45, ગામ ચેમ્બુર, V. N. પૂરવ માર્ગ, સિંધી સોસાયટી, ચેમ્બુર, મુંબઈ-૪૦૦ ૦૭૧ | જમીનનો પ્લોટ | મે. જય માતાદી હોમ કન્સ્ટ્રકશન પ્રાઈવેટ લિમિટેડ, 6ઠ્ઠો માળ, સરસ બાગ સામે પંજાબવાડી, સાયન, ટ્રોમ્બે રોડ, દેવનાર, મુંબઈ ૪૦૦ ૦૮૮. | 2901.48 | 16824262 | 19151638 | 35975900 |
| ૮ | MW | MW0802350480000 | મે. જય માતાદી કન્સ્ટ્રકશન પ્રા. લિ.<br>CTS NO. 303, 303/1 to 45, ગામ ચેમ્બુર, V. N. પૂરવ માર્ગ, સિંધી સોસાયટી, ચેમ્બુર, મુંબઈ-૪૦૦ ૦૭૧ | જમીનનો પ્લોટ | મે. જય માતાદી હોમ કન્સ્ટ્રકશન પ્રાઈવેટ લિમિટેડ, 6ઠ્ઠો માળ, સરસ બાગ સામે પંજાબવાડી, સાયન, ટ્રોમ્બે રોડ, દેવનાર, મુંબઈ ૪૦૦ ૦૮૮. | 2736.98 | 17184054 | 16195748 | 33379802 |
| ૯ | MW | MW0802350640000 | મે. જય માતાદી કન્સ્ટ્રકશન પ્રા. લિ.<br>CTS NO. 303, 303/1 to 45, ગામ ચેમ્બુર, V. N. પૂરવ માર્ગ, સિંધી સોસાયટી, ચેમ્બુર, મુંબઈ-૪૦૦ ૦૭૧ | જમીનનો પ્લોટ | મે. જય માતાદી હોમ કન્સ્ટ્રકશન પ્રાઈવેટ લિમિટેડ, 6ઠ્ઠો માળ, સરસ બાગ સામે પંજાબવાડી, સાયન, ટ્રોમ્બે રોડ, દેવનાર, મુંબઈ ૪૦૦ ૦૮૮. | 5890.46 | 29524134 | 29001916 | 58526050 |
| ૧૦ | PN | PN2301410090000 | શ્રી યેલપ્પા ભીમા પવાર નેશનલ (ગ્રીન્ડલેઝ બેંક લિમિટેડના NFE દિનશા એસ્ટેટના જો કોઈ હોય તો સહ-માલિકો. એકમાત્ર ટ્રસ્ટીઓ, સ્વ. શ્રી એફ. ઈ. દિનશા ટ્રસ્ટના, OCC શ્રી બી. પી. પવા પીપીટીવાયના ધારક OCC: શ્રી શંકર મહાદેવ એસ. હેકોકર નેશનલ<br>M/S વાડર S.R.A. કો-ઓપ. હા. સો. લિ. CTS No. 502 (PART) 4A અને 4B રાણીસતી માર્ગ, મલાડ (પૂર્વ), મુંબઈ ૪૦૦ ૦૯૭ | મિક્ષ્ડ મિલકત | M/S વાડર S.R.A. કો-ઓપ. હા. સો. લિ. CTS No. 502 (PART) 4A અને 4B રાણીસતી માર્ગ, મલાડ (પૂર્વ), મુંબઈ ૪૦૦ ૦૯૭ | 2218.15 | 4231840 | 6620749 | 10852589 |
| ૧૧ | GS | GS1200150120000 | રઘુવંશી મિલ્સ લિમિટેડ<br>સેનાપતિ બાપટ માર્ગ, મહાલક્ષ્મી, મુંબઈ ૪૦૦ ૦૧૩ | દુકાન/ વાણિજ્યિક | રઘુવંશી મિલ્સ લિમિટેડ 496 સેનાપતિ બાપટ માર્ગ, મહાલક્ષ્મી, મુંબઈ ૪૦૦ ૦૧૩ | 2613.76 | 277157001 | 96064547 | 373221548 |
| ૧૨. | PN | PN2301620490000 | નાગનાથ યલ્લાપા પવાર, PO રામજીભાઈ શાહ<br>મેસર્સ વાડર S.R.A કો-ઓપ. હા.સો. લી. CTS નં. ૫૦૨ (ભાગ), ૦૧ રાની સતી માર્ગ, મલાડ (પૂર્વ), મુંબઈ ૪૦૦ ૦૯૭ | રહેઠાણ | મેસર્સ વાડર એસ.આર.એ. કો-ઓપ. હાઉસિંગ સોસાયટી લિમિટેડ સીટીએસ નં. ૫૦૨ (ભાગ), ૦૧, રાણી સતી માર્ગ, મલાડ (પૂર્વ), મુંબઈ ૪૦૦ ૦૯૭ | 1331.2 | 3292091 | 9517047 | 12809138 |
| ૧૩. | PN | PN2301240150000 | નેશનલ એન્ડ ગ્રીન્ડલેઝ બેંક લિમિટેડ, એફઈ દિનશા ટ્રસ્ટના ટ્રસ્ટી, ટી ડી મિસ્ત્રી<br>ઓમકાર 4બી સીએચએસ ક્વૉરી રોડ, ધનજીવાડી, મલાડ (ઈ), મુંબઈ ૪૦૦ ૦૯૭ | મિક્ષ્ડ મિલકત | ત્રંબક ધોંડુ મિસ્ત્રી ડી એન પટેલ સીએચએલ નંબર ૧૧, ભોંયતળિયે, ધનજી વાડી, મલાડ પૂર્વ, મુંબઈ ૪૦૦ ૦૯૭ | 2011.35 | 3517961 | 5908099 | 9426060 |
| ૧૪. | NX | NX0504680030000 | તોભા એન લધાના ટ્રસ્ટીઓ<br>કિરોલ રોડ, રામદેવ હાઈટ્સ, નાથાની રોડ, ઘાટકોપર સ્ટેશન, ઘાટકોપર વેસ્ટ, ઘાટકોપર-કિરોલ-કુર્લા, કુર્લા, મુંબઈ ૪૦૦ ૦૮૬ | જમીનનો પ્લોટ | ટ્રસ્ટી, થોભણ લાધા બ્રધર્સ ટ્રસ્ટ, થોભણ લાધા વાડી, ત્રીજો માળ કામા લેન કીરોલ રોડ, ઘાટકોપર પશ્ચિમ મુંબઈ ૮૬ | 1447.25 | 16293066 | 12068127 | 28361193 |
| ૧૫. | MW | MW0603640030000 | મેસર્સ એચ આર બહરી ટી આર બહરી ફકીર્ક હેન્ડ મારવાહ બલદેવરાજ બહરી અને ચંદર સહગલ<br>ગામ અંબાપાડા, માહુલ વિલેજ રોડ, ચેમ્બુર, મુંબઈ ૪૦૦ ૦૭૪ | જમીનને પ્લોટ | ધી સેક્રેટરી ધ માહુલ સી બ્રિઝ કો.ઓપ. એચ.એસ.જી.સોસા. લિમિટેડ, એ બિલ્ડિંગ માહુલ, ચેમ્બુર, મુંબઈ-૪૦૦૦૭૪ | 3743.40 | 4805272 | 2588842 | 7394114 |
| ૧૬ | LX | LX1206418930000 | ડીબીએસ રિયલ્ટી પ્રાઈવેટ લિમિટેડ<br>ચાંદીવલી ફાર્મ, ચાંદીવલી સંઘર્ષ નગર, ગામ ચાંદીવલી, મુંબઈ ૪૦૦ ૦૭૨ | જમીનનો પ્લોટ | ડીબીએસ રિયલ્ટી ડીબીએસ રિયલ્ટી ૪થો માળ, વિંગ-૧૫, ગેટ નંબર ૦૨, TEN BKC, OFF N. ધર્માધિકારી માર્ગ, કલાનગર, બાંદ્રા (ઈ.), મુંબઈ ૪૦૦ ૦૫૧ | 890.88 | 10442956 | 34135030 | 44577986 |
| ૧૭ | MW | MW0206550050000 | શ્રી એલ્ફ્રેડ ગેરાડ ડી’મેલો<br>પ્લોટ નંબર 172, મહર્ષિ દયાનંદ સરસ્વતી માર્ગ, સેન્ટ્રલ એવેન્યુ, ચેમ્બુર (ઈ.) મુંબઈ ૪૦૦ ૦૭૧ | જમીનનો પ્લોટ | શ્રી E G ડી’મેલો એલ્ફ્રેડો પ્લોટ નંબર 172, સેન્ટ્રલ એવેન્યુ રોડ, ચેમ્બુર, મુંબઈ ૪૦૦ ૦૭૧ | 1125.4 | 13110962 | 6557674 | 19668636 |

આથી તમામ સંબંધિત માલિકો/કરદાતાઓને સૂચિત કરવામાં આવે છે કે તેઓ બાકી રહેલ મિલકત વેરાની વસૂલાત રકમ ૨૧ દિવસની અંદર ચાર્જ સાથે ચૂકવી દે. જો તે ચૂકવવામાં ન આવે તો ઓક્શન કરવામાં આવશે.

સહી/-

Dy. એસેસર અને કલેક્ટર/કમ્પ્યુટર

PRO/3386/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો

# શું યુદ્ધની અગનજવાળા સ્વાસ્થ્ય સેવાને દઝાડશે?

**યુદ્ધની મિસાઇલો વૈશ્વિક અર્થતંત્ર અને પર્યાવરણના સ્વાસ્થ્ય સાથે માનવ આરોગ્ય સેવા પર પણ આઘાત કરી રહી છે. ભારતમાં ખાસ કરીને એમઆરઆઇ સર્વિસીસ, કેન્સર ડિટેક્શન અને ન્યુરોલોજિકલ નિદાન વિક્ષેપિત થવાનો ભય ઊભો થઇ રહ્યો છે! જો યુદ્ધ લાંબું ચાલશે તો કોરોનાકાળની જેમ મૃત્યુદર ઝડપથી વધવાની ભીતિ તબીબી ક્ષેત્રે ધીમા સ્વરે ચર્ચાઇ રહી છે.**



કવર સ્ટોરી
નિલેશ વાઘેલા
feedback@bombaysamachar.com

ઈરાન-ઇઝરાયલ સંઘર્ષ હવે લશ્કરી પરિણામો કે ભૂરાજકીય વ્યૂહરચનાનો મુદ્દો નથી રહ્યો. તે હવે ઝડપથી ગ્લોબલ હેલ્થકેર સેક્ટરમાં કટોકટી સર્જે એવા ભણકારા વાગી રહ્યા છે. યુદ્ધની શરૂઆત બોમ્બમારા, મિસાઇલોને કારણે જાનહાનિથી થઇ હતી, પરંતુ હવે તેની લહેરની આડઅસર ઘર સુધી પહોંચી છે અને ઝડપથી હોસ્પિટલ સુધી પહોંચવાની શક્યતા છે. માત્ર અસરગ્રસ્ત વિસ્તારોમાં જ નહીં પરંતુ અનેક દેશની હોસ્પિટલ મુશ્કેલીમાં ઘેરાઇ ગઇ છે. જ્યારે યુદ્ધગ્રસ્ત વિસ્તારોની હોસ્પિટલ દર્દીઓથી ઊભરાઇ રહી છે, ત્યારે બાકીનું વિશ્વ ઠપ્પ થયેલી મેડિકલ સપ્લાઇ ચેઇનના વિક્ષેપ સાથે ઝઝુમી રહ્યું છે.

વર્તમાન સમયમાં ચાલુ યુદ્ધ દરમિયાન આરોગ્યસંભાળ સુવિધાઓ કોલેટરલ નુકસાનનું એક સ્વરૂપ બની ગઇ હોય તેવું લાગે છે. વિડંબના એ છે કે હોસ્પિટલ્સ અને ક્લિનિક્સ દર્દીઓ માટે સલામત જગ્યાઓ હોવા જોઈએ; જો કે, એક યા બીજી રીતે, તેમના પર હુમલો થઈ રહ્યો છે. યુદ્ધગ્રસ્ત વિસ્તારોમાં, હોસ્પિટલોને લશ્કરી ઝોન અને બેઝમાં રૂપાંતરિત કરવામાં આવી છે; અન્યત્ર, આવશ્યક સેવાઓમાં ઘટાડો કરવામાં આવ્યો છે, જેના કારણે ફક્ત થોડી સુવિધાઓ કાર્યરત રહી છે.

યુદ્ધ દરમિયાન કઈ આરોગ્યસંભાળ સેવાઓ પ્રભાવિત થઈ રહી છે?

ચાલુ ઈરાન-ઈઝરાયલ યુદ્ધના ઓછા જાણીતા, છતાં અત્યંત ગંભીર પરિણામો હવે ભારતના આરોગ્યસંભાળ ક્ષેત્રના એક મોટા હિસ્સા એવા એમઆરઆઇ સર્વિસીસ, કેન્સર ડિટેક્શન અને ન્યુરોલોજિકલ નિદાન વિક્ષેપિત થવાનો ભય છે. અહેવાલો અનુસાર, મધ્ય પૂર્વમાં વિક્ષેપોને કારણે વૈશ્વિક સ્તરે સર્જાયેલી હિલીયમની અછત, એમઆરઆઇ સપ્લાય ચેઇન પર દબાણ લાવી શકે છે, જેનાથી સ્કેન મોંઘા થઈ શકે છે અને નિદાનમાં વિલંબ થઈ શકે છે. ગભરાટનું કોઈ તાત્કાલિક કારણ ન હોવા છતાં, નિષ્ણાતો ચેતવણી આપે છે કે જો સંઘર્ષ લાંબો સમય ચાલુ રહેશે, તો તબીબી નિદાન પર અસર ટૂંક સમયમાં નોંધપાત્ર બની શકે છે.

**હિલીયમની અછતઃ** યુદ્ધનું એક મહત્ત્વપૂર્ણ નકારાત્મક પરિણામ હિલીયમની અછત છે. વિશ્વમાં ઉત્પાદિત હિલીયમના પુરવઠામાંથી લગભગ ત્રીજા ભાગ જેટલું ઉત્પાદન કતાર બનાવે છે. ન્યુરોલોજીકલ નિદાન, બાયોપ્સી અને એમઆરઆઇ સેવાઓ માટે હિલીયમ જરૂરી છે. ભારતીય આરોગ્યસંભાળ ક્ષેત્રને પણ આ બાબતે ફટકો પડ્યો છે અને આગળ જતાં તેનો ખર્ચ બમણો થતાં અથવા સેવાઓ બંધ થવાની પૂરી શક્યતા છે.

**પાવર આઉટેજઃ** બીજી સંભવિત ગૂંચવણ જે ઊભી થઈ શકે છે તે છે પાવર આઉટેજ. હોસ્પિટલ સેવાઓની વાત કરીએ તો, વીજળી ગુલ થઈ જવી જીવલેણ સાબિત થઈ શકે છે, ખાસ કરીને જ્યારે દર્દી વેન્ટિલેટર જેવા જીવનરક્ષક ઉપકરણો પર નિર્ભર હોય. આવી સ્થિતિમાં, મૂળભૂત આરોગ્યસંભાળ પણ અપ્રાપ્ય બની શકે છે.

**દવાની અછતઃ** દવાની અછત એ ચાલુ યુદ્ધનું બીજું એક નેગેટિવ પરિણામ છે. આમાં સપ્લાય ચેઇનમાં વિક્ષેપો અને કેન્સરની દવાઓ, ડાયાલિસિસ પુરવઠો, સર્જિકલ સાધનો, એનેસ્થેસિયા અને ઇંધણની ગંભીર અછતનો સમાવેશ થાય છે. ઇંધણની અછત એમ્બ્યુલન્સ સેવાઓ અને હોસ્પિટલ જનરેટર પર પ્રતિકૂળ અસર કરી શકે છે.

**સ્પેશિયલાઇઝ્ડ હેલ્થકેરઃ** યુદ્ધકાળમાં ઇમર્જન્સી રિસ્પોન્સને પ્રાધાન્ય મળતાં વિશેષ આરોગ્યસંભાળ પણ પાછળ ધકેલાવાની શક્યતા રહે છે. આમાં ડાયાબિટીસ અને હાયપરટેન્શન જેવી ક્રોનિક પરિસ્થિતિની સારવાર અને વ્યવસ્થાપનમાં વિક્ષેપ અને મેટર્નલ કેર, ઓન્કોલોજી અને ડાયાલિસિસ જેવી વિશેષ સેવાઓમાં વિક્ષેપનો સમાવેશ થાય છે.

ઇમર્જન્સી અથવા જરૂરિયાતમંદ લોકો માટે જગ્યા બનાવવા માટે દર્દીઓને હોસ્પિટલોમાંથી સામાન્ય કરતાં વહેલા રજા આપવામાં આવી શકે છે. આનાથી ફક્ત તાત્કાલિક મૃત્યુદરનું જોખમ વધવાની શક્યતા તો છે જ, પરંતુ એ જ સાથે તેને કારણે લાંબા ગાળાની સ્વાસ્થ્ય ગૂંચવણોમાં પણ વધારો થઇ શકે છે.

**મેડિકલ ટૂરિઝમ પર અસરઃ** ભારત તબીબી પર્યટન માટે એક મુખ્ય કેન્દ્ર છે અને હવે તેના પર અખાતી યુદ્ધના નકારાત્મક પરિણામો જોઈ રહ્યું છે. આના કારણોમાં હવાઈ ક્ષેત્ર પરના પ્રતિબંધો અને ફ્લાઇટ રદ થવા સહિતની ઘટનાઓ મુખ્ય છે. ઈરાન, ઇરાક અને યુએઈ ભારતના તબીબી પર્યટનમાં મુખ્ય ફાળો આપનારાઓમાંના કેટલાક દેશ છે.

યુદ્ધના પરિણામે પશ્ચિમ એશિયામાંથી આંતરરાષ્ટ્રીય દર્દીઓના પ્રવાહમાં પચાસથી ૭૫ ટકાનો ઘટાડો જોવા મળ્યો છે અને હોસ્પિટલ ચેઇન્સની આવકમાં પંદરથી વીસ ટકાનો ઘટાડો જોવા મળ્યો છે.

આપણે ભૂતકાળ જોઇએ તો ભારતમાં કોવિડ-૧૯ રોગચાળાની બીજી લહેર દરમિયાન વર્તમાન જેવી પરિસ્થિતિ જોવા મળી હતી. એ વખતે ૨૦૨૧માં દેશમાં ઓક્સિજનની તીવ્ર અછતનો સામનો કરવો પડ્યો હતો, જેના પરિણામે ભારતમાં ૧૦.૨ મિલિયન લોકો મૃત્યુ પામ્યા હતા.

એ જ રીતે, વર્ષ ૨૦૨૦માં રોગચાળાની શરૂઆતથી નાગરિક નોંધણી પ્રણાલીમાં મૃત્યુમાં ૨૬ ટકાનો આઘાતજનક વધારો નોંધવામાં આવ્યો છે. ઈરાન-ઇઝરાયલ સંઘર્ષની પણ આવી જ અસર થઈ શકે છે, પરંતુ જ્યાં સુધી પરિસ્થિતિને નિયંત્રણમાં ન લાવવામાં આવે અને સપ્લાય ચેઇન તેના ભૂતપૂર્વ ધોરણો ફરી શરૂ ન કરે ત્યાં સુધી તે ધીમી ગતિએ ચાલતું પરિણામ હશે. આપણે આશાવાદી બનીએ તો અમેરિકા અને ઇરાનના વિવિધ સમાચારો જોતા એપ્રિલના પહેલા સપ્તાહમાં યુદ્ધ અટકી જવાની સંભાવના દેખાય છે, પરંતુ જો આ આશા ફળે તો પણ ત્યાં સુધીમાં ઘણું નુકસાન થઇ ગયું હશે અને તે સરભર થતાં વર્ષો લાગશે! ■

---

પ્રાસંગિક __ અમૂલ દવે
feedback@bombaysamachar.com

## ઈરાન-અમેરિકા યુદ્ધઃ

# વૈશ્વિક સંસ્થાનું પતન... માનવતા પર તોળાતું સંકટ

### વર્તમાન સંઘર્ષમાં પણ અમેરિકા અને ઇઝરાયલ વૈશ્વિક નૈતિકતાનું ચીરહરણ કરી રહ્યા છે

માર્ચ ૨૦૨૬ના આ અંધકારમય દિવસોમાં વિશ્વ એક એવી વિનાશક જ્વાળાનો સાક્ષી બની રહ્યું છે, જેણે માનવતા અને આંતરરાષ્ટ્રીય કાયદાના પાયા હચમચાવી દીધા છે. ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ અમેરિકા - ઇઝરાયલે ઇરાન પર જે આશ્ચર્યજનક હવાઈ હુમલાઓ શરૂ કર્યા, તે માત્ર લશ્કરી કાર્યવાહી નથી, પરંતુ એક સાર્વભૌમ રાષ્ટ્રના અસ્તિત્વ પરનો સીધો પ્રહાર છે. આ હુમલામાં ઇરાનના સુપ્રીમ લીડર અલી ખામનેઈ સહિતના ટોચના નેતૃત્વની હત્યા એ સ્પષ્ટ કરે છે કે આક્રમકો આંતરરાષ્ટ્રીય રાજદ્વારી મર્યાદાઓને નેવે મૂકી ચૂક્યા છે. આ યુદ્ધની શરૂઆત અને તેની આક્રમકતા સંપૂર્ણપણે અમેરિકા અને ઇઝરાયલ તરફથી છે, જેઓ આંતરરાષ્ટ્રીય કાયદાને પોતાના પગ તળે દબાવી રહ્યા છે. આ ભયાનક પરિસ્થિતિમાં સૌથી વધુ આઘાતજનક અને ચિંતાજનક બાબત એ છે કે વિશ્વમાં જાણે સંયુક્ત રાષ્ટ્ર (યુએન) કે સુરક્ષા પરિષદ (સિક્યોરિટી કાઉન્સિલ) જેવી કોઈ સંસ્થાઓ અસ્તિત્વમાં જ ન હોય તેવું વર્તન જોવા મળી રહ્યું છે. આ આંતરરાષ્ટ્રીય સંગઠનો, જેનો મૂળભૂત હેતુ બીજા વિશ્વયુદ્ધ પછી વિશ્વ શાંતિ જાળવવાનો અને નબળા દેશોને શક્તિશાળી દેશોની આક્રમકતાથી બચાવવાનો હતો, તે આજે માત્ર મૌન પ્રેક્ષક બનીને રહી ગયા છે. સંયુક્ત રાષ્ટ્રના ચાર્ટરની



ઈરાનની કન્યાશાળા પર હુમલો

કલમ ૨(૪), જે કોઈપણ દેશ વિરુદ્ધ બળપ્રયોગની મનાઈ કરે છે, તેનો આજે સરેઆમ ભંગ થઈ રહ્યો છે, છતાં ન્યાય આપનારી આ સર્વોચ્ચ સંસ્થા લાચાર દેખાય છે.

આ સંસ્થાઓની નિષ્ક્રિયતાએ શક્તિશાળી દેશોને આંતરરાષ્ટ્રીય નિયમોનું નિરંકુશ ઉલ્લંઘન કરવાની છૂટ આપી દીધી હોય તેમ જણાય છે. જેવી રીતે અગાઉ રશિયા-યુક્રેન યુદ્ધમાં પુતિન અને પેલેસ્ટાઈન સંઘર્ષમાં નેતન્યાહુને યુદ્ધ અપરાધો માટે દોષી ઠેરવવામાં આવ્યા હતા, તેવી જ રીતે આ વર્તમાન સંઘર્ષમાં પણ અમેરિકા અને ઇઝરાયલ વૈશ્વિક નૈતિકતાનું ચીરહરણ કરી રહ્યા છે. સુરક્ષા પરિષદમાં વીટો પાવરનો દુરુપયોગ કરીને ન્યાયની પ્રક્રિયાને રૂંધવામાં આવી રહી છે, જેના કારણે સામાન્ય માણસનો આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ પરથી વિશ્વાસ ઉઠી રહ્યો છે. યુદ્ધની સૌથી ભયાનક અને કાળજું કંપાવનારી બાજુ એ છે કે આક્રમકોએ માત્ર લશ્કરી છાવણીઓ જ નહીં, પરંતુ ગીચ વસ્તીવાળા નાગરિક વિસ્તારોને પણ નિશાન બનાવ્યા છે. બંદર અબ્બાસ પાસે મિનાબમાં આવેલી એક કન્યા શાળા પર થયેલો અમેરિકી મિસાઇલ હુમલો એ આધુનિક યુગનું સૌથી મોટું કલંક છે. આ હુમલામાં ૧૭૦થી વધુ માસૂમ છોકરીઓના જીવ ગયા, જેમનાં સપનાઓ અને ભવિષ્યને ક્ષણભરમાં રાખ કરી દેવામાં આવ્યા. આ કોઈ અકસ્માત નથી, પરંતુ જીનિવા કન્વેન્શનનું સ્પષ્ટ ઉલ્લંઘન છે, જે નાગરિકો અને શૈક્ષણિક સંસ્થાઓને યુદ્ધના મેદાનથી અલગ રાખવાની હિમાયત કરે છે. જ્યારે આક્રમકો આવા સંવેદનશીલ સ્થળો પર હુમલો કરે છે, ત્યારે તે સાબિત થાય છે કે તેમના માટે માનવ જીવનની કોઈ કિંમત નથી. પેલેસ્ટાઈનના ગાઝામાં ઇઝરાયલે જે રીતે હજારો બાળકો અને મહિલાઓની હત્યા કરીને નરસંહાર કર્યો, તે જ ક્રૂરતાનો નવો અધ્યાય હવે ઈરાનની ધરતી પર લખાઈ રહ્યો છે.

માનવતા વિરુદ્ધના આ ગુનાઓ માત્ર શારીરિક હિંસા કે રક્તપાત સુધી મર્યાદિત નથી, પરંતુ તે જીવન ટકાવવા માટેના અનિવાર્ય સ્ત્રોતો સુધી વિસ્તર્યા છે. ઇઝરાયલ અને અમેરિકાએ ઇરાનના કેશમ આઇલેન્ડ પરના ડેસાલિનેશન (પાણી શુધ્ધીકરણ) પ્લાન્ટ પર હુમલો કરીને ૩૦ થી વધુ ગામડાઓનો પીવાના પાણીનો પુરવઠો કપાઈ ગયો હતો. આંતરરાષ્ટ્રીય માનવતાવાદી કાયદા મુજબ, નાગરિક વસતીના અસ્તિત્વ માટે અનિવાર્ય એવા સંસાધનો પર હુમલો કરવો એ ગંભીર યુદ્ધ અપરાધની શ્રેણીમાં આવે છે. પાણી વગર તડપતા લોકોની વેદના એ આક્રમકોની જીત નથી, પરંતુ તેમની નૈતિક હાર છે. જ્યારે ઇરાને આ અન્યાય અને બર્બરતાના જવાબમાં બહેરિનના ખારા પાણીને મીઠા પાણી બનાવતા પ્લાન્ટ પર પ્રહાર કર્યો, ત્યારે પશ્ચિમી મીડિયા અને દેશોએ ઉલટાનું ઇરાન પર જ 'આક્રમકતા'ના આરોપો લગાવ્યા. ઈઝરાયલે ઈરાનના તેલ અને ગેસનાં મથકો પર હુમલો કરતા ઈરાને અખાતના દેશો પર પ્રતિ હુમલો કર્યો હતો. અમેરિકાએ આ હુમલા અંગે પોતાના હાથ ખંખેરી દીધા છે અને બધો દોષ ઈઝરાયલ પર નાખી દીધો છે.

આ યુદ્ધ હવે પરમાણુ ક્ષેત્રે પણ અત્યંત જોખમી વળાંક લઈ રહ્યું છે. નાતાંઝ ન્યુક્લિયર પ્લાન્ટ પર કરવામાં આવેલા હુમલાઓએ માત્ર ઈરાન જ નહીં, પરંતુ સમગ્ર પશ્ચિમ એશિયામાં પર્યાવરણીય અને રેડિયોએક્ટિવ હોનારતનું જોખમ ઊભું કર્યું છે. ઇન્ટરનેશનલ એટોમિક એનર્જી એજન્સી (IAEA) અને અન્ય ન્યુક્લિયર વોચડોગ સંસ્થાઓના વિરોધ અને ચેતવણી છતાં આ હુમલાઓ કરવામાં આવ્યા, જે બતાવે છે કે આંતરરાષ્ટ્રીય દેખરેખ રાખતી સંસ્થાઓ હવે માત્ર કાગળ પરની વાઘ બની ગઈ છે. જવાબમાં ઇરાને ઇઝરાયલના ડિમોના ન્યુક્લિયર સ્થળ પર જે મિસાઇલ હુમલો કર્યો અમેરિકી પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ દ્વારા ઈરાનને આપવામાં આવેલું ૪૮ કલાકનું અલ્ટિમેટમકે જો 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ' ને તુરંત ખુલ્લું કરવામાં નહીં આવે તો ઈરાનના તમામ પાવર ગ્રીડ અને પાવર પ્લાન્ટ્સને નેસ્તનાબૂદ કરી દેવામાં આવશે તે આંતરરાષ્ટ્રીય દાદાગીરીનો તાદશ્ય નમૂનો છે. હોર્મુઝની ખાડી એ ઈરાનના સાર્વભૌમ જળસીમાનો ભાગ છે અને તેના પર પોતાનું નિયંત્રણ લાદવું એ ઈરાનનો કાનૂની અધિકાર છે. ટ્રમ્પની આ ધમકીઓ માત્ર માનવ અધિકારોનું જ નહીં, પણ વૈશ્વિક આર્થિક સ્થિરતાનું પણ ઉલ્લંઘન છે.

ઈરાનનો પ્રતિકાર એ માત્ર લશ્કરી લડાઈ નથી, પરંતુ તે ન્યાય અને સ્વમાનની લડાઈ છે. જ્યારે વિશ્વની તમામ મોટી સંસ્થાઓ મૌન ધારણ કરી લે અને જ્યારે સુરક્ષા પરિષદ માત્ર નિવેદનો પૂરતી મર્યાદિત રહી જાય, ત્યારે એક રાષ્ટ્ર પાસે પોતાના અસ્તિત્વ માટે લડવા સિવાય કોઈ વિકલ્પ રહેતો નથી. આ યુદ્ધમાં હજારો નિર્દોષ લોકોએ જીવ ગુમાવ્યા છે અને લાખો લોકો વિસ્થાપિત થયા છે, છતાં વિશ્વ સમુદાય હજુ પણ કોઈ ઠોસ કાર્યવાહી કરવા તૈયાર નથી. માનવ અધિકારોની વાતો કરનારા દેશો આજે પોતે જ તે અધિકારોનું ગળું ઘોંટી રહ્યા છે. વિશ્વે હવે એ સમજવાની જરૂર છે કે જો આજે આંતરરાષ્ટ્રીય કાયદાઓ અને સંસ્થાઓની ગરિમા જાળવવામાં નહીં આવે, તો ભવિષ્યમાં કોઈ પણ દેશ સુરક્ષિત રહેશે નહીં. આક્રમકોને પાઠ ભણાવવો અને તેમને આંતરરાષ્ટ્રીય અદાલતમાં જવાબદાર ઠેરવવા એ માત્ર ઈરાન માટે જ નહીં, પણ સમગ્ર માનવતાના અસ્તિત્વ માટે અનિવાર્ય છે. જે રીતે ઇતિહાસમાં અત્યાચારીઓનો અંત આવ્યો છે, તે જ રીતે આ નિરંકુશ ઉલ્લંઘન કરનારાઓએ પણ વૈશ્વિક ન્યાયનો સામનો કરવો જ પડશે. આજે વિશ્વે એક થઈને આ અન્યાય વિરુદ્ધ અવાજ ઉઠાવવો જોઈએ અને આ જંગને રોકવા માટે દબાણ લાવવું જોઈએ, કારણ કે યુદ્ધ ક્યારેય શાંતિનો માર્ગ હોઈ શકતું નથી, તે માત્ર વિનાશ નોતરે છે. ■

---

# આ તો સ્કેમ છે... સ્કેમ છે..!



પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

## ફટાફટ ધનવાનઃ

# અશોક શેરેગરની 'બેસ્ટ' સ્કીમ



મેગા સુપરસ્ટાર રજનીકાંત એક સમયે બૅંગલોરમાં બસ કન્ડકટર હતા. પણ ત્યારે આ મહારાષ્ટ્રીયન કન્નડીગાનું મૂળ નામ હતું શિવાજીરાવ ગાયકવાડ. એજ રીતે અભિનેતા, દિગ્દર્શક અને રાજકારણી સ્વ. સુનીલ દત્તે અભિનેતા બનવા અગાઉ બસમાં ટિકિટ આપી હતી. બદરૂદ્દીન જમાલુદ્દીન કાઝી તરીકે બસની ટિકિટ આપ્યા બાદ જોહની વૉકર બનીને પડદા પર 'સર જો તેરા ટકરાયે...' ગાઈને હસાવનાર તો યાદ જ હશે!

સુનીલ દત્ત અને વૉકરે જે બૃહનમુંબઈ ઈલેક્ટ્રિક સપ્લાય ઍન્ડ ટ્રાન્સપોર્ટ અંડરટેકિંગ માટે કર્યું હતું, એ 'બેસ્ટ'ના જ એક કર્મચારીની વાત કરવાની છે અહીં. એનું નામ અશોક શેરેગર. એવું તે શું કર્યું હતું આ 'બેસ્ટ' મેને?. એક કૌભાંડ, સાવ સરળ પણ એકદમ અનોખું. એના ફળદ્રુપ ભેજાની ઉપજ એટલે વૈભવ લક્ષ્મી, ધનવર્ષા, મહાલક્ષ્મી, કુબેર અને ગોલ્ડન ચેઈન સ્કીમ. આ બધી યોજનાઓના નામ હતા. આ રૂપકડા નામ પાછળ હતી લલચાવનારી ઓફર. રોકાણકારો માટે અધધ કમાણી કરી લેવાનો સોનેરી અને એકમાત્ર અવસર હોય એવી આભા ઊભી કરી દેવાઈ હતી.

ગરીબ હોય, મધ્યમ વર્ગ હોય કે ધનવાન. સૌને ફટાફટ કમાણીમાં રસ હોય, પરંતુ અમુક વિચારે કે સાવ ઓછા સમયમાં અધધ કમાણી શકય છે? તાર્કિક છે? કે પછી કોકમને બદલે પૂરેપૂરી દાળ જ કાળી છે? કમનસીબે, છાશવારે આવી સ્કીમ આવે છે, લોકો ફસાય છે. રાતા પાણીએ રડે છે. થોડા સમય બાદ ફરી ક્યાંક આવી સ્કીમ બિલાડીના ટોપની જેમ ફૂટી નીકળે છે.

અશોક શેરેગરની સ્કીમમાં હતું શું? ઓછામાં ઓછા રૂા. બે હજારનું રોકાણ કરો અને છ મહિનામાં બમણાં પાછા લઈ જાઓ. આમાં સૌથી પહેલા નાના રોકાણકારો અને ખાસ તો બસ કંડકટર અને ડ્રાઈવર પર ફોકસ કરાયું. આમાંથી ઘણાં ભોળવાઈ ગયા. પોતે રોકાણ તો કર્યું જ પણ સાથોસાથ સગાસંબંધી, મિત્રો, પાડોશી અને ઓળખીતા-પાળખીતાને ય વાત કરી. આ મુખામુખમ પ્રચારનો પ્રભાવ કંઈ ભળતો જ હોય છે.

શેરેગર લાલચ અને વિશ્વાસનો પિરામિડ રચતો ગયો. શરૂઆતમાં રૂપિયાનું રોલિંગ થતું ગયું. એ પૈસા ફેરવતો ગયો. રોકાણકારોના પૈસા જ એકના બીજાને ને બીજાને ત્રીજાને આપતો ગયો. કમનસીબે કોઈએ પૂછયું નહિ કે ભાઈ આટલી ઝડપથી રકમ બમણી કરવા માટે તું શેનો વેપાર કરે છે? કેવી રીતે રોકાણ કરે છે? કેટલા ટકા નફો રળે છે? એવો તે કયો ધંધો છે કે જે છ મહિનામાં રકમ બમણી કરી આપે? જો તું આ ડબલ કરી શકે છે તો બીજા કેમ કરી શકતા નથી? શંકા સચોટ હતી પણ સૌને આ માથાકૂટમાં નહિ, પોતાના ડબલ કરવામાં જ દિલચસ્પી હતી.

આ રોકાણકારોની ચેઈન એકવાર ધીમી પડે કે અટકે એટલે આખો પિરામિડ કડડભૂસ થતા વાર લાગતી નથી. અત્યાર સુધી લોકોના વિશ્વાસ અને ફટાફટ કમાઈ લેવાની વૃત્તિનો ગેરલાભ લેનારા અશોક શેરેગર માટે ઉપાધિ આવવાની હતી એ નક્કી, પછી એ થોડી વહેલી આવે કે બહુ મોડી.

૧૯૯૬માં શરૂ થયેલા આ ફટાફટ કમાણી કૌભાંડનો શિકાર બન્યા સાંઠ હજારથી વધુ રોકાણકારો. બિચારા એક એક કાળી મજૂરી કરનાર, પેટ કાપીને બચત કરનારા અને પોતીકા ઘર-સંતાનોના શિક્ષણ અને લગ્નના મીઠાં સપનાં જોનારા હતા. એક અંદાજ મુજબ રોકાણકારોની રૂા. ૧૦૦ કરોડ જેટલી રકમ આ ષડ્યંત્રમાં ફસાઈ ગઈ હતી.

શેરેગરની સફળતા જ એને ભારે પડી ગઈ. રોકાણકારો ધડાધડ વધવા માંડતા એમને છ મહિનામાં ડબલ કરીને આપવાનું મુશ્કેલ બનવા માંડ્યું હતું. એમાંય આ ભાઈડાએ શરૂઆતમાં છ મહિનામાં રોકાણ બમણું કરી આપવાની લાલચનું ગાજર ધર્યું હતું. પછી તો માત્ર એક મહિનામાં - હા, ૩૦ દિવસમાં જ ડબલ કરી આપવાનો ગોળ કોણીએ ચોંટાડ્યો હતો.

અશોક શેરેગરનો ફુગ્ગો ફૂટી ગયો. વચન મુજબ રકમ ન મળે, ચેક બાઉન્સ થાય, વચનબાજી થાય અંતે મામલો પહોંચી ગયો પોલીસ સ્ટેશનના દરવાજે. (ક્રમશઃ)■

# અજબ ગજબની દુનિયા

હેન્રી શાસ્ત્રી henry.shastri@bombaysamachar.com

## ૧૫ વર્ષના કિશોરનું બસ પરાક્રમ



ગર્લફ્રેન્ડ માટે બોયફ્રેન્ડ શું શું કરી શકે એની વ્યાખ્યા બાંધવી મુશ્કિલ હી નહીં નામુમકીન હૈ. ‘કહે તો આસમાં સે ચાંદ તારે તોડ લાઉં’ એ ગઈકાલની ઓફર હતી. આજની તારીખમાં તો વાત આખેઆખી બસ ઉપાડી જવા સુધી પહોંચી ગઈ છે. એક સમયે હિટલરના દમનકારી શાસનનો ભોગ બનેલા જર્મનીમાં ૧૫ વર્ષના એક કિશોરએ ગર્લફ્રેન્ડ માટે કરેલા પરાક્રમની વાત સાંભળ્યા પછી તમારું મોઢું આશ્ચર્યથી પહોળું ન થાય તો જ નવાઈ.

સૂરજદાદાનો પ્રકાશ રેલાય એ પહેલા સવારના છ વાગ્યે ૧૫ વર્ષનો કિશોર બિલ્લીપગે બસ ડેપોમાં ઘૂસ્યો. અંદર જઈને એક બસની માસ્ટર કી (રેગ્યુલર ચાવી ન મળતી હોય ત્યારે કામ લાગતી ચાવી)ની મદદથી કોઈને જાણ ન થાય એમ બસ હંકારી નીકળી ગયો. સિક્યોરિટી સિસ્ટમ કાર્યરત હોવાથી આ ચોરી સીસીટીવી કેમેરામાં ઝડપાઈ ગઈ. બસ સર્વિસના વ્યવસ્થાપને માની લીધું કે કોઈ ડ્રાઈવર જ બસ લઈને નીકળ્યો હશે. જોકે, સ્ટાફમાં પૂછપરછ કરતા જાણ થઈ કે બસ મુસાફરો માટે નહોતી નીકળી, બલ્કે એની ચોરી કરવામાં આવી હતી. ટેકનોલોજી (જીપીએસ પોઝિશનિંગ ડિવાઈસ)થી બસ કયા વિસ્તારમાં છે એની જાણ પોલીસને તરત થઈ ગઈ. ૮૦ કિલોમીટર દૂર આવેલા શહેરમાંથી એ બસ શોધી કાઢી અને એ બસ ૧૫ વર્ષનો કિશોર ચલાવતો હોવાની જાણ થતા પોલીસ ચોંકી ગઈ. રસપ્રદ વાત એ છે કે આ ‘કિશોર કુમાર’એ પોતાની ૧૪ વર્ષની ગર્લફ્રેન્ડને સ્કૂલે મૂકી જવા આ હેરતઅંગેજ ચોરી કરી હતી. ૧૫ વર્ષના બાળકને ચાવી કેવી રીતે મળી અને એ આવડી મોટી બસ કઈ રીતે ચલાવી શક્યો એ વાતથી પોલીસ ચકરાવે ચડી ગઈ છે. કાયદો કાયદાનું કામ કરે એ ધોરણે ચોરી અને લાઈસન્સ વિના બસ ચલાવવાના આરોપ કિશોર પર મૂકવામાં આવ્યા છે.

## ઍન્ટાર્કટિકાના આરક્ષણનો આગ્રહ



ભારતમાં લોકશાહી છે. ખરડો અને કાયદો (BILL and ACT)એ બે વાત લોકશાહી દેશ માટે અત્યંત મહત્ત્વ ધરાવે છે. સંસદમાં ખરડો રજૂ થાય અને બહુમતિથી પસાર થઈ સહી સિક્કા થયા બાદ એ કાયદો બને. લોકસભામાં Indian Antarctica Bill, ૨૦૨૨તરીકે ઓળખ મેળવનાર આ ખરડો એક ચોક્કસ હેતુ સાથે પસાર કરવામાં આવ્યો હતો. એ પસાર થવાને કારણે દક્ષિણ ધ્રુવમાં (એન્ટાર્કટિકા દક્ષિણ ધ્રુવમાં આવેલો પ્રદેશ છે) ભારતીય નાગરિક દ્વારા કરવામાં આવતા સંશોધન કે અન્ય કોઈ પ્રવૃત્તિને કારણે કોઈ આંતરરાષ્ટ્રીય સંધિનો ભંગ હવે નહીં થાય. ૧૯૮૧માં ભારતે એન્ટાર્કટિકામાં હેતુપૂર્વક પ્રવાસ શરૂ કર્યા પછી ૪૧ વર્ષમાં કોઈ ચોક્કસ કાયદો અસ્તિત્વમાં નહોતો. આ ખરડાને પગલે એન્ટાર્કટિકાનાં સંશોધન કેન્દ્રો ભારતના અધિકારક્ષેત્ર હેઠળ આવી જાય એ છે. ખરડાને કારણે એ વિસ્તારમાં થતી પ્રવૃત્તિઓનું નિયમન તો થશે જ, જેનો ૯૮ ટકા વિસ્તાર બરફની ચાદર હેઠળ ઢંકાયેલો રહે છે એ એન્ટાર્કટિકાના મૂળ વાતાવરણને પ્રદૂષણ, રેડિયો એક્ટિવ પ્રયોગ અને અન્ય બાહ્ય સમસ્યાથી રક્ષણ મળશે. આ અત્યંત મહત્ત્વની અને દૂરગામી બાબત છે. એન્ટાર્કટિકા પરના કોઈ પણ ભારતીય સાહસ સાથે સંલગ્ન વ્યક્તિ, જહાજ કે વિમાનને આ ખરડો લાગુ પડશે. ટૂંકમાં આ પ્રદેશ હવે બોડી બામણીના ખેતર જેવો નહીં રહે જેનું કોઈ ધણી ધોરી ન હોય. પ્રત્યેક દેશવાસીએ સજાગ રહેવું પડશે.

## કલ્પના બહારનું પુનર્મિલન



સંબંધો બંધાતાં વર્ષોના વર્ષ લાગે, તૂટવા માટે ક્ષણ પણ કાફી થઈ પડતી હોય છે. એકવીસમી સદીમાં લગ્નજીવનની ગાંઠમાં બે જણ બંધાઈ ગયા પછી એ ગાંઠ ક્યારે અને કેમ તૂટી પડે એના કોઈ ધોરણ કે કારણ નથી હોતા. જોકે, એ પણ એટલી જ સાચી વાત છે કે પુનર્મિલન પણ કલ્પના બહારનું હોય છે. યુએસના એરિઝોના સ્ટેટના રહેવાસી નોરા અને ક્રિસ્ટોફરની મિલના, બિછડના ઔર ફિર મિલનાની કથા પણ દિલચસ્પ છે.

૧૨ વર્ષ પહેલા છૂટાછેડા થયા પછી બંનેએ સપનામાં પણ નહોતું ધાર્યું કે ‘ફેસબુક’નો એક સામાન્ય મેસેજ તેમનું આયુષ્ય બદલી નાખશે. વીસેક વર્ષ પહેલા ક્રિસ્ટોફર - નોરાનાં લગ્ન થયાં હતાં. અલબત્ત, એકવીસમી સદીમાં ઘણા યુગલમાં થાય છે એમ કશીક વાતે એવું વાંકું પડ્યું કે એક છત નીચે સાથે નહીં રહી શકાય એવી લાગણી થઈ અને ડિવોર્સ લઈ લીધા. છેડા છૂટા થયા પછી ક્રિસ્ટોફરે અન્ય કન્યા સાથે છેડા બાંધી લીધા અને નવા લગ્નજીવનમાં એ બે પુત્રનો પિતા પણ બન્યો. આ તરફ નોરાએ પણ એક પુત્રને જન્મ આપ્યો. જોકે, છૂટાછેડા નોરાની ભૂલને કારણે થયા હોવાથી એના દિલના એક ખૂણામાં ક્રિસ્ટોફર હાજર હતો. એક સમય એવો આવ્યો કે નોરા ફરી ક્રિસ્ટોફરના સપનાં જોવા લાગી અને એક દિવસ ‘ફેસબુક’ પર એને મેસેજ કર્યો. જોકે, એને ખબર નહોતી કે ક્રિસ્ટોફરના ફરી લગ્ન થઈ ગયાં છે. ક્રિસ્ટોફર સોશ્યલ મીડિયા પર બહુ એક્ટિવ ન રહેતો હોવાથી બે મહિના પછી મેસેજ જોયો અને...

વાત એમ હતી કે બીજી પત્ની સાથે ક્રિસ્ટોફર ખુશ નહોતો. ૧૨ વર્ષ પછી નોરા - ક્રિસ્ટોફર ફરી મળ્યા અને જૂની સ્મૃતિઓ લાગણીઓનાં પૂર ઊમટ્યાં. ૧૨ વર્ષમાં બંનેમાં ખૂબ પરિવર્તન આવી ગયું હતું. છૂટાછેડા પછી નોરા ક્રિસ્ટોફરના પરિવાર સાથે સંપર્કમાં હતી. એટલે ક્રિસ્ટોફર સાથે પુનર્મિલનની વાત બધાએ વધાવી લીધી. ક્રિસ્ટોફરે બીજી પત્નીને ડિવોર્સ આપ્યા અને બિછડે યાર ફિર મિલ ગએ. અજબ દુનિયાની ગજબ વાત, બીજું શું?

## એકવીસમી સદીની અંધશ્રદ્ધા



અંધશ્રદ્ધા, પછાતપણું જેવી બાબત આપણા જ દેશમાં જોવા મળે છે એવી ગેરસમજ રાખવી નહીં કે એવા ભ્રમ - વહેમમાં રહેવું નહીં. કદાચ આપણે ત્યાં એની માત્રા અને વ્યાપ વધુ હશે.

એકવીસમી સદીમાં વિજ્ઞાન અને ટેકનોલોજીએ જબરજસ્ત પ્રગતિ કરતા માનવજીવન અને વિચારધારામાં ક્રાંતિ આવી ગઈ હોવા છતાં દેશ - દેશાવરમાં એવી ઘટના બનતી રહે છે જે હજુ પણ માનસિક રીતે આપણે હજી પછાત છીએ એનું પ્રતિબિંબ દર્શાવે છે.

સાંસ્કૃતિક સમૃદ્ધિ ધરાવતા યુરોપિયન દેશ સ્પેનના એક ગામમાં ‘બેબી જમ્પિંગ ફેસ્ટિવલ’ તરીકે ઓળખાતો એક વિધિ દર વર્ષે જૂન મહિનામાં છેલ્લા ૫૦૦ વર્ષથી પાર પાડવામાં આવે છે. આ વિચિત્ર વિધિ દરમિયાન ગામવાસીઓ અને ટુરિસ્ટો પોતાના એક વર્ષથી નાની ઉંમરનાં બાળકોને ગામની સડક પર પાથરેલી એક ચટાઈ પર સૂવડાવે છે. થોડી વાર પછી ડ્રમ વગાડતા ‘પવિત્ર પુરૂષો’નું આગમન થાય છે અને તે બાળકો પરથી કૂદાકૂદ કરતા આગળ વધે છે. ત્યારબાદ બાળકો પર ગુલાબની પાંદડીઓનો છંટકાવ કરી બાળકને શાંત પાડવા નજીક હાજર રહેલા માતા-પિતાને સોંપી દેવાય છે. આ વિધિને કારણે બાળકોને પૂર્વ જન્મના પાપમાંથી મુક્તિ મળે છે અને હવે પછીના જીવનમાં રોગ અને કમનસીબી સામે રક્ષણ મળે છે એવી વિચિત્ર અને અણઘડ માન્યતા છે. આ પ્રથામાં સહભાગી થવા માગતા ટુરિસ્ટોનું પ્રમાણ વધી રહ્યું હોવાથી ગામવાસીઓ ઉજવણીને વધુ મહત્ત્વ આપી રહ્યા છે. કેવું વિચિત્ર અને વાંધાજનક કહેવાય કે બાળકના રક્ષણ માટે એનું ભક્ષણ થવાની સંભાવના ધરાવતી પ્રથા આજની તારીખમાં પણ અસ્તિત્વમાં છે.

## લ્યો કરો વાત

*સ્વિટ્ઝર્લેન્ડ એક લેન્ડલોકડ કન્ટ્રી (ગુજરાતી શબ્દ છે ભુવેષ્ટિત દેશ) છે. જે દેશ ચારે બાજુએથી જમીનથી ઘેરાયેલો હોય અને સમુદ્ર માર્ગ સાથે સીધું જોડાણ ન ધરાવતો દેશ લેન્ડલોક્ડ કન્ટ્રી તરીકે ઓળખાય છે. વિશ્વમાં આવા ૪૯ દેશ છે, જેમાં સ્વિટ્ઝર્લેન્ડનો સમાવેશ છે. આ પ્રકારની ભૌગોલિક પરિસ્થિતિને કારણે આવા દેશો દરિયાઈ માર્ગે વેપાર કરવાથી વંચિત રહે છે, જેની માઠી અસર દેશના અર્થતંત્ર પર પડતી હોવાનું ઇતિહાસ કહે છે. એવા મુઠ્ઠીભર દેશો છે જે લેન્ડલોક્ડ કન્ટ્રી હોવા છતાં આર્થિક સમૃદ્ધિ ધરાવે છે અને એમાં સ્વિટ્ઝર્લેન્ડનો સમાવેશ છે. ૧૯૯૦ પહેલા વિશ્વમાં લેન્ડલોકડ કન્ટ્રીની સંખ્યા ૩૦ હતી. ત્યારબાદ સોવિયેત યુનિયન, ચેકોસ્લોવેકિયા અને યુગોસ્લાવિયામાં થયેલા ભૌગોલિક ફેરફારને પગલે આ પ્રકારના દેશની સંખ્યામાં વધારો થયો.* ■

# સટ્ટાક સવાલ... ફટ્ટાક જવાબ

## રમૂજી સવાલના મનમોજી જવાબ

દર્શન ભાવસાર

**વચનની ખરી કિંમત કોણ સમજાવે?**
* પરિણીત પુરુષ. (અફસોસ સાથે!)

**ગધેડાના ગામ વસે. તો ઘોડાના?.**
* વરઘોડા નીકળે...

**શેર બજારનું પ્રતીક આખલો-રીંછ તો રોકાણકારનું?**
* બાપડી બકરી...

**ગોકળગાય ધીમી કેમ ચાલે?**
* ફાસ્ટ નથી ચાલી શકતી એટલે...

**ફિલ્મ ક્યાં જોવી સારી થિયેટરમાં કે ટીવી પર?**
* ઘેર પત્ની સાથે અને (ગર્લ) ફ્રેન્ડ સાથે થિયેટરમાં...

**ભેળસેળનું સેલ ક્યારે નીકળે?**
* રોજેરોજ...

**શું ભૂલવાથી દુઃખ ઓછું થઈ શકે?**
* લોનના હપ્તા અને દેણદારને રૂપિયા પાછા આપવાનું...

**દેણદાર પૈસા આપવાનું કેમ ભૂલી જતા હશે?**
* આ ત્રણ અક્ષરના આ શબ્દને કારણે ... એ શબ્દ છે દા-ન-ત !

**ઉપાધિના પોટલા હોય તો થેલો કે બેગ કેમ નહીં?**
* એ રાખો તો ઉપાધિ વધે...

**‘ધૂરંધર’ જેવી ફિલ્મ ગુજરાતીમાં કેમ બનતી નથી?**
* ભઈલા, બહુ મોંઘી પડે. ને પછી સબસીડી ના મળે...

**પ્રેમિકાના પિતા દીકરીના પ્રેમીની પરીક્ષા લે તો?**
* દીકરીના પ્રેમી ને ફુલ્લી ફેલ કરે...

**માતા તીર્થ તો સાસુ?**
* દેવીની દેરી...

**નેતા શિક્ષક બને તો?**
* વિદ્યાર્થીને સ્વયંસેવક કે કાર્યકર બનાવી દે...

**મહાભારત ના થયું હોત તો?**
* ફિલ્મ - સિરિયલ વગેરેની રામાયણ ના થાત...

**દીવાનગી માટે કોની પરવાનગી લેવી પડે?**
* પ્રેમિકાના પિતાની...

કચ્છી ચોવક___કિશોર વ્યાસ
kishor.vyas@bombaysamachar.com

# ...એ વાતને છાની રહેવા નથી દેતી!

કોઈ વાત કેટલી વાર છાની રહી શકે? ન રહે. એમ કહેવાય છે કે ‘સ્ત્રીઓ પાસે તો વાત છાની રહી જ ન શકે!’ એમાં એ કહેવત કચ્છીમાં બની ગઈ ‘ત્રે પતે ભાછા બાર.’ આ ગયા અંકમાં વાચકો માટે મૂકેલો મુખવાસ છે. વાત પત્તાની રમતની છે, સીધો અર્થ એવો થાય કે, ત્રીજું પત્તું ખુલ (રોનની રમત) ત્યારે ‘ભાછા’ એટલે ‘બાદશાહ’ બહાર થઈ જાય. બહુ ગૂઢ છે આ કહેવત. ઠીક છે સામે ‘એકો’ આવે તો ‘ભાછા’ એટલે બાદશાહ જેવા બાદશાહે કુરનિસ કરવી પડે! પણ કચ્છીમાં એ શા માટે બની હશે? ‘રોન’ની રમત ઘડીની હોય છે, બરાબર? ક્ષણોમાં ‘ભાછા’ અને ‘એકા’ની ખબર પડી જતી હોય છે. બસ તેવો જ ગર્ભિત અર્થ આ કહેવતમાં છેઃ ‘થોડી વારમાં છુપાયેલી વાત પણ બહાર આવી જશે!’

ઘણીવાર માણસની પાત્રતાની વાત આવતી હોય છે... કચ્છીમાં સરસ કહેવત ઘડાઈ છેઃ

**‘ડેવ તેડી અઠાઈ, ને ગુડ તેડી મીઠાઈ’**

મિત્રો, આમ જોવા જઈએ તો સીધોસાદો અર્થ એ થાય કે, ‘જેવા દેવ તેવી અઠાઈ, અને જેવો ગોળ (ગુણવત્તા) તેવી મીઠાઈ.’ અહીં ‘અઠાઈ’ જૈનોનો શબ્દ છે. પણ સાર્વત્રિક અર્થમાં લઈએ તો, હિંદુ ધર્મમાં દરેક દેવનાં ભાવતાં વ્યંજન (મીઠાઈ) અલગ અલગ હોય છે. જેમ કે, ગણપતિબાપાને ‘લાડુ’, કૃષ્ણને માખણ - મિશરી વગેરે વગેરે... પણ આ કહેવત માત્ર ‘પાત્રતા’ ‘યોગ્યતા’ માટે બની છે. અભિપ્રેત અર્થ એ છે કે, ‘જેવી જેની પાત્રતા, તેવાં મળે પરિણામ.’

કોઈને તમે કામ સોંપો, ખાસ કરીને કોઈ ઉત્સાહી નોકરને, પણ થાય શું, ખબર છે? એને કામ કરવાની એટલી તાલાવેલી (ઉતાવળ) હોય કે, એ જે કામ કરવા જાય તેમાં સફળતા ન મળે. એના માટે કચ્છીમાં એક પ્રસ્થાપિત ચોવક છેઃ

**‘તકડો તેરો ફેરા પાછો વરે.’**

દિશા, ઉદ્દેશ, હેતુ, પરિણામ આ બધી બાબતની કાળજી કર્યા વગર કામપૂર્ણ કરવા દોટ મૂકે, અને પછી, દિશા-સૂચન ભૂલી જાય. એ કામ પૂરું કરતાં આ ‘ચોવક’ પ્રમાણે, એ, તેર વખત પાછો ફરે...! કામ શું હતું એ પૂછવા આવે!

એમાં પાછા એવા અનુભવી પણ હોય જેને ઉપરોક્ત કહેવત લાગુ ન પડે. આપણે ઘણી વખત ‘તારા કરતાં મેં ઘણી દિવાળી જોઈ છે’ તેવી કહેવતનો ગુજરાતીમાં પ્રયોગ કરીએ છીએ. બસ એવી જ એક મસ્ત ‘ચોવક’ કચ્છીમાં છે.

**‘તેરોં તરાઈયેંજા પાણી પીંધલ’** મતલબ કે, દુનિયાના ફરનાર અને જાણકાર.

ઘણા માણસો બહુ ક્રોધી હોય છે. કોઈવાર કોઈ પર બહુ ગુસ્સો આવે ત્યારે કચ્છી ચોવક તેને આ રીતે વ્યક્ત કરે છેઃ

**‘જોડા વિજા સત, લેંખીયાં હિકડો’**

ગુસ્સો તો એવો છે કે, સાત જોડાં ફટકારું પણ થાય એમ કે હજી એક જ જોડો માર્યો છે. આ વધુ પડતા ક્રોધને વ્યક્ત કરતી ચોવક છે.

એ એક માનસિકતા છે, કે, હતી, પણ લોકો બે પાંદડે થવા ભૂખ્યા રહેતા કે એક ટંક ખાતા. કચ્છી કહેવત એવી શિખામણ આપે છે કેઃ

**‘ટક ટારે સે ટકા ન થીયેં’.**

તમે એક ટક જમવાનું માંડી વાળો અને પૈસાદાર થવાનું સ્વપ્ન જુઓ તો એ ખોટું છે. અહીં પાછો ‘ટ’નો વર્ણાનુપ્રાસ પણ માણવા મળે છે. ન થવાય એ રીતે પૈસાદાર.

પૈસાદાર થવા માટે જે મહેનત કરવી પડે છે તેમાં તો ઘણી તકલીફ પડે છે. ‘ચોવક’ એમ કહે છે કેઃ

**‘છઠી જો ધાવણ જાધ આયો.’** આમ જોવા જઈએ તો બાળકના જન્મ પછી ‘છઠી’ના સંસ્કાર હોય છે. વિધાતા લેખ લખવા પધારે ને એવું બધું, પણ છઠીનું ધાવણ કોને યાદ આવે? એ યાદ આવવું જેટલું મુશ્કેલ છે, તેટલું જ શ્રીમંત થવું મુશ્કેલ છે!

ચાલો, આજે અહીં જ અટકવું પડશે. પણ તમને મમળાવવા માટે મૂકી દઉં એક મસ્ત ચોવકઃ

**‘ચોરજ્યૂં સો શતૂં, ધણીજી હિકડી રાત.’** ■

મગજ મંથન_ વિઠ્ઠલ વઘાસિયા
feedback@bombaysamachar.com

# લાગણી એ ભાષા છે ને માગણી એ ગણિત છે

## લાગણી હૃદય સાથે જોડાયેલી છે, જ્યારે માગણી મન સાથે જોડાયેલી છે

**માનવજીવન** માત્ર દેહથી નહીં, પરંતુ લાગણી અને વિચારોથી ઘડાયેલું એક સંવેદનશીલ બંધારણ છે. માણસને અન્ય સજીવથી અલગ પાડતું તત્ત્વ તેની લાગણીશીલતા છે. આ લાગણીમાંથી જ માગણીઓ જન્મે છે. આમ લાગણી અને માગણી - આ બે શબ્દો એકબીજાથી અતૂટ રીતે જોડાયેલા છે. લાગણી વિનાની માગણી સ્વાર્થ બની જાય છે અને નિયંત્રણ વિનાની માગણી સંબંધને નુકસાન કરે છે. આથી જીવનમાં સંતુલન રાખવા માટે લાગણી અને માગણીનું સંતુલન પણ એટલું જ આવશ્યક છે.

લાગણી અને માગણીને જીવન સાથે જન્મજાત નિસ્બત છે. માગણી મન સાથે જોડાયેલી છે, જ્યારે લાગણી હૃદય સાથે... લાગણીએ ભાષા છે અને માગણી એ ગણિત છે.

લાગણીએ પેદા કરવાની કે પ્રદર્શનની વસ્તુ નથી. પ્રેમ અને લાગણીમાં માગણી ન હોય. પ્રેમ અને લાગણી એ લિટર, મીટર કે કિલોમીટરમાં માપવાની વસ્તુ નથી, પણ પરસ્પર પામવાની ભવ્ય અનુભૂતિ છે. અરે, ક્યારેક ક્યારેક લાગણી ખુવાર થાય તોય મરણ સુધી એ સ્મરણમાં રહે છે. ક્યારેક લાગણી ઘવાય તો પણ એ ઘાના પડઘા છેલ્લા શ્વાસ સુધી કાનમાં પડઘાતા રહે છે.

### લાગણી શું છે?

લાગણી એટલે હૃદયની આંતરિક અનુભૂતિ. પ્રેમ, કરુણા, સહાનુભૂતિ, આનંદ, દુઃખ, આશા, ભય, વિશ્વાસ - આ બધાં લાગણીઓના વિવિધ સ્વરૂપો છે. લાગણી માનવીને માનવી બનાવે છે. લાગણીના કારણે જ માણસ અન્યના દુઃખમાં સહભાગી બની શકે છે, આનંદ વહેંચી શકે છે અને સંબંધોને જીવંત રાખી શકે છે. લાગણી એ માનવ સંબંધોની પાયાની ઈંટ છે. માતા-પિતાનો સંતાન પ્રત્યેનો પ્રેમ, મિત્રતા, દાંપત્ય જીવનમાં સહકાર, સમાજમાં સહાનુભૂતિ - આ બધું લાગણીના આધાર પર જ ટકેલું છે.

### માગણી શું છે?

માગણી એટલે અપેક્ષા, જરૂરિયાત કે ઈચ્છા. જીવનમાં દરેક



માણસને કંઈક જોઈએ છે - પ્રેમ જોઈએ, સન્માન જોઈએ, સુખ જોઈએ, સુરક્ષા જોઈએ.. આ બધું માગણીનું સ્વરૂપ છે. માગણી સ્વાભાવિક છે, કારણ કે માનવ જરૂરિયાતો અનંત છે. પરંતુ માગણી જ્યારે અયોગ્ય, અતિશય અથવા સ્વાર્થપૂર્ણ બને છે ત્યારે તે સંબંધોમાં તણાવ અને વિઘટન સર્જે છે. માગણી જીવનને આગળ ધપાવતી શક્તિ પણ છે. સારાં શિક્ષણની માગણી, સારા સમાજની માગણી, ન્યાય અને સમાનતાની માગણી - આ બધાં વિકાસ માટે આવશ્યક છે. પરંતુ માગણી જો માત્ર ‘મારે જ જોઈએ’ એ ભાવનાથી થાય, તો તે વિનાશનું કારણ બની શકે છે.

### લાગણી અને માગણી વચ્ચેનો સંબંધ

લાગણી અને માગણી વચ્ચે અત્યંત સૂક્ષ્મ સંબંધ છે. ઘણી વખત માગણી લાગણીમાંથી જન્મે છે. જેમ કે પ્રેમની લાગણીમાંથી નજીકતાની માગણી થાય છે, સુરક્ષાની લાગણીમાંથી વિશ્વાસની માગણી થાય છે, પરંતુ જ્યારે માગણી લાગણીને દબાવી દે છે ત્યારે સમસ્યા સર્જાય છે.

ઉદાહરણ તરીકે, માતા-પિતા સંતાન પ્રત્યે ખૂબ લાગણી રાખે છે, પરંતુ તેમની માગણી અતિશય બની જાય - જેમ કે સતત ટોપર જ રહેવું જોઈએ, મારી ઈચ્છા મુજબ જ જીવન જીવવું જોઈએ - તો એ લાગણી ભારરૂપ બની જાય છે. આવી સ્થિતિમાં લાગણીનો અર્થ ખોટો ઠરે છે.

માનવ સંબંધોમાં લાગણી અને માગણીનું સંતુલન સૌથી મહત્ત્વનું છે. દાંપત્ય જીવનમાં જો માત્ર લાગણીની સાથે જરૂરી માગણી પણ જરૂરી છે, અન્યથા જીવન વ્યવહારિક રીતે અસ્તવ્યસ્ત થઈ શકે છે. અને જો માત્ર માગણી હોય અને લાગણી ન હોય, તો સંબંધ યાંત્રિક બની જાય છે.

મિત્રતામાં પણ આ જ વાત લાગુ પડે છે. સાચો મિત્ર લાગણીથી જોડાયેલો હોય છે, પરંતુ તેની માગણી મર્યાદિત હોય છે. જ્યાં માગણી અધિકાર બની જાય છે ત્યાં મિત્રતા ટકી શકતી નથી.

આજના સમયમાં સમાજમાં માગણીઓ વધી રહી છે, પરંતુ લાગણીઓ ઘટતી જાય છે. દરેક વ્યક્તિ પોતાનો અધિકાર માંગે છે, પરંતુ ફરજ બજાવવાની લાગણી ઓછી જોવા મળે છે. પરિણામે સમાજમાં અસંતુલન, અસહિષ્ણુતા અને સંઘર્ષ વધે છે.

સમાજમાં જો લાગણી પૂર્વકની માગણી થાય, તો તે સકારાત્મક પરિવર્તન લાવી શકે છે. જેમ કે - ગરીબો માટે રોજગારની માગણી, મહિલાઓ માટે સુરક્ષાની માગણી, પર્યાવરણ સંરક્ષણની માગણી - આ બધી લાગણી આધારિત માગણીઓ છે, જે સમાજને આગળ વધારશે.

આજના યુવાનોમાં ‘મને અત્યારે જ જોઈએ,’ એવી માનસિકતા વિકસતી જાય છે. પરંતુ સાથે સાથે લાગણીશીલતા, ધીરજ અને સહનશક્તિ ઘટતી જાય છે.

આ પરિસ્થિતિમાં શિક્ષણનું કામ છે કે યુવાનોને લાગણી અને માગણી વચ્ચેનું સંતુલન શીખવાડે. માત્ર હક્કની માગણી નહીં, પરંતુ ફરજની લાગણી પણ વિકસાવવી જરૂરી છે.

જે માણસ પોતાની લાગણીને સમજે છે અને પોતાની માગણીને નિયંત્રિત રાખે છે, તે વ્યક્તિ જીવનમાં શાંતિ અને સંતોષ અનુભવે છે.

અંતે એટલું જ કહી શકાય કે,

‘લાગણીથી ભરપૂર માગણી જીવનને અર્થ આપે છે અને મર્યાદિત માગણી લાગણીને પવિત્ર રાખે છે.’ ■

સિક્કાની ત્રીજી બાજુ

_જયવંત પંડ્યા
feedback@bombaysamachar.com

# એમના સૌથી મોટા વેરી કોણ?

## વર્તમાનમાં ઈઝરાયલ-અમેરિકાએ ઈરાન પર આક્રમણ કર્યું છે એટલે એવું લાગે કે આ બે દેશ ઈરાનના સૌથી મોટા વેરી છે, પરંતુ ઈતિહાસ કંઈક અલગ જ કહે છે.

અત્યારે ઇઝરાયલ-અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધ ચાલે છે. એમ કહેવાય છે કે અમેરિકા અને ઇઝરાયલ મુસ્લિમ દેશોના શત્રુ છે, પરંતુ ઈરાન અને અમેરિકા બે સદાના માટે સામસામે નહોતા. આયાતોલ્લાહ ખોમૈનીના પહેલાં ઈરાન-અમેરિકા વચ્ચે સારા સંબંધો હતા.

જ્યારે બીજા વિશ્વ યુદ્ધમાં સોવિયેત સંઘ અને યુકેએ ઈરાન પર આક્રમણ કરેલું, પરંતુ ખોમૈનીના સમયમાં ઈરાન અને સોવિયેત સંઘ વચ્ચે મિત્રતા વધી. આથી ૧૯૮૦થી ઈરાન અને અમેરિકા વચ્ચે રાજદ્વારી સંબંધો પણ નથી. ઇઝરાયલ અને ઈરાન પણ એક સમયે સાથે-સાથે હતા, તે માનવામાં આવશે?

ઇઝરાયલ પર બેબિલોનના રાજા નેબુચદનનાઝીરે આક્રમણ કરી સોલોમનનું મંદિર તોડી નાખ્યું હતું તે પછી પર્શિયા (આજના ઈરાન)ના રાજા સાઇરસ મહાને (પારસીએ) આક્રમણ કરી બેબિલોનના રાજાને હરાવ્યો હતો અને સોલોમનના મંદિરને પુનઃ બાંધવા દીધું હતું. તે પછી સિકંદર, રોમન રાજા પોમ્પી, ખ્રિસ્તી રાજા કોન્સ્ટેન્ટિન વગેરેએ આક્રમણ કર્યું.

ઇઝરાયલ બાયઝેન્ટાઇન સામ્રાજ્ય હેઠળ આવ્યું તે પછી ઈ. સ. ૬૧૧માં ફરીથી પર્શિયા (આજના ઈરાન)ના રાજા ખોશરોએ આક્રમણ કર્યું, જેને યહૂદીઓએ ટેકો આપ્યો હતો. આરબ મુસ્લિમોએ ઈ. સ. ૬૩૩માં આક્રમણ કરી ઈરાનને ઇસ્લામિક બનાવી દીધું તે પછી ધીમેધીમે ઈરાન અને ઇઝરાયલ વચ્ચે અંતર વધતું ગયું.

અમેરિકા અને ઇઝરાયલને સાઉદી-યુએઇ સાથે વેપારના સંબંધો છે એટલે તેમને મુસ્લિમ દેશોના વિરોધી ન કહી શકાય. અહીં બીજી વાત એ પણ નોંધવા જેવી છે કે અત્યારે યુદ્ધમાં ઈરાન મુસ્લિમ દેશોમાં અમેરિકાનાં સૈન્ય થાણાં પર અને ગેસનાં કેન્દ્રો પર પણ આક્રમણ કરે છે. ઈરાન મુસ્લિમ દેશ હોવા છતાં કુલ ૫૭ મુસ્લિમ દેશોમાં એક પણ દેશે તેના સમર્થનમાં જિહાદની હાકલ કરી નથી.

આનું કારણ ખબર છે? ઈરાન, ઈરાક અને અઝરબૈજાન જેવાં ત્રણ-ચાર દેશને બાદ કરતાં મોટા ભાગના સુન્ની બહુમતી અને વર્ચસ્વવાળા દેશ છે. આ દેશોમાં શિયાઓની હત્યા, તેમને ફાંસી આપવી બહુ સામાન્ય વાત છે. આ દેશોમાં છેલ્લાં કેટલાંક વર્ષોમાં શિયાઓની મોટા પાયે હત્યાનું ઘટનાચક્ર જુઓ,જેમકે...





શિયા સુન્ની વચ્ચે હિંસક સંઘર્ષ ચાલતો જ રહે છે

**સાઉદી અરેબિયાઃ** ૧૯૭૯થી ૧૯૮૩માં શિયાઓ પર તડાપીટ બોલી. ૨૧૯ને મારી નાખ્યા.

૨૦૧૫માં શિયાઓના પવિત્ર તહેવાર અશુરામાં આઈએસના આક્રમણમાં પાંચનાં મૃત્યુ થયાં.

૨૦૧૬થી ૨૦૨૪ વચ્ચે કાતીફમાં ૯૩ શિયાઓને ત્રાસવાદના આરોપસર મારી નાખ્યા અને શિયાઓના ટોચના પંથ વડા શૈખ નિમ્ર અલ નિમ્રને ફાંસી આપી.

**યુએઇઃ** યુએઇમાં પાકિસ્તાની શિયાઓ અદશ્ય થઈ જવા અથવા તેમને પાકિસ્તાન પાછા મોકલી દેવા સામાન્ય છે. આ ઉપરાંત ૨૦૦૯થી ૨૦૧૬ વચ્ચે યુએઇએ સેંકડો લેબેનીઝ શિયાઓને કોઈ કાયદેસર પ્રક્રિયા વગર પરત મોકલી આપ્યા હતા. ઈ. સ. ૨૦૧૯માં અનેક લેબેનીઝ અદશ્ય થઈ ગયા હતા. અનેક પર ત્રાસવાદના આરોપ મૂકી સજા આપવામાં આવી હતી. યુએઇ આવું માત્ર ઈરાકી કે અફઘાની શિયાઓ સાથે પણ કરે છે.

**ઓમાનઃ** ૧૫ જુલાઈએ મસ્કતમાં શિયા મસ્જિદમાં ગોળીબારમાં છ માર્યા ગયા હતા અને ૨૮ ઘાયલ થયા હતા.

**બહરૈનઃ** ૨૦૧૫માં બહરૈનમાં બોમ્બ ધડાકા માટે ત્રણ શિયાઓને ફાંસીની સજા થઈ હતી.

**યમનઃ** યમનમાં ગૃહ યુદ્ધમાં હજારો શિયા હૌથી માર્યા ગયા છે.

**સીરિયાઃ** સીરિયામાં બશર અલ અસાદના શાસનના પતન પછી સુન્નીઓના હાથે સેંકડો શિયાઓનાં મોત થયાં હતાં.

**ઈરાકઃ** ૧૨ જૂન ૨૦૧૪ના દિને આઈએસઆઈએસે ઈરાકી સેનાના દસ હજાર લોકોને પકડ્યા. તેમાં ૧૦૯૫થી લઈ ૧,૭૦૦ને મારી નાખ્યા.

૨૦૧૬માં હિલ્લા પાસે ટ્રક બોમ્બ ફાટતાં ૭૭ લોકો માર્યા ગયા. તેમાં મોટા ભાગના ઈરાની યાત્રાળુઓ હતા.

૨૦૧૭માં નસીરીયાહ પાસે આત્મઘાતી આક્રમણમાં ૫૦ શિયાનાં મૃત્યુ થયાં.

૨૦૨૧માં શિયા વિસ્તારમાં બોમ્બ ધડાકામાં ૩૦નાં મૃત્યુ થયાં.

**ઇજિપ્તઃ** ઇજિપ્તના અબુ મુસલિમ ગામમાં ૨૦૧૩માં સલાફી સુન્ની સહિતના ૩,૦૦૦નાં ટોળાંએ ચાર શિયાને મારી નાખ્યા.

ઇજિપ્તમાં ૨૪ નવેમ્બર ૨૦૧૭ના દિને ઉત્તર સિનાઈમાં અલ રાવડા મસ્જિદમાં બોમ્બ ધડાકામાં ૩૧૧ શિયાઓનાં મૃત્યુ થયાં.

**પાકિસ્તાનઃ** પાકિસ્તાનમાં ૧૯૮૭થી ૨૦૦૭ દરમિયાન ૪,૦૦૦ શિયા માર્યા ગયા. ભારત વિરુદ્ધ ત્રાસવાદી સંગઠન હોય તે તો સમજાય, પણ શિયાઓ વિરુદ્ધ લડનારું ત્રાસવાદી સંગઠન લશ્કર એ જહાંગવી અને સિપાહ એ સહાબા છે.

૨૦૦૮ પછી સલાફી/દેવબંદી ઉગ્રવાદીઓએ હજારો શિયાઓની હત્યા કરી.

૨૦૧૩માં અબાસ શહેર બોમ્બ ધડાકામાં ૪૫, ૨૦૧૩ના ક્વેટ્ટામાં બે બોમ્બ ધડાકામાં ૨૦૦થી વધુ, ૨૦૧૫ના શિકારપુર મસ્જિદ આક્રમણમાં ૬૧નાં મૃત્યુ.

આવા તો અનેક બનાવો છે, પણ જગ્યાના અભાવે મુખ્ય-મુખ્ય જ લીધા છે.

**અફઘાનિસ્તાનઃ** ૧૯૯૭-૯૮માં (એ સમયે) પાકિસ્તાનના કઠપૂતળી જેવા તાલિબાનો સત્તામાં આવ્યા પછી મઝાર એ શરીફ અને બામિયાનમાં હજારો શિયાઓનો નરસંહાર કરાયો.

અફઘાનિસ્તાનમાં ૨૪ જુલાઈ ૨૦૧૬એ આત્મઘાતી બોમ્બ ધડાકામાં ૮૦ શિયાનાં મૃત્યુ.

- ૨૧ નવેમ્બર ૨૦૧૬એ ૩૨ શિયાઓની હત્યા.
- ૧ ઑગસ્ટ ૨૦૧૭એ ૩૩ શિયાઓની હત્યા.
- ૨૫ ઑગસ્ટ ૨૦૧૭એ ૩૫ શિયાઓની હત્યા.
- ૨૦ ઑક્ટોબર ૨૦૧૭એ ૬૯ શિયાઓની હત્યા.
- ૨૮ ડિસેમ્બર ૨૦૧૭એ ૪૨ શિયાઓની હત્યા.
- ૨૧ માર્ચ ૨૦૧૮એ ૩૩ શિયાઓની હત્યા.
- ૧૮ ઑગસ્ટ ૨૦૧૯એ શિયાઓના લગ્નમાં બોમ્બ ફાટતાં ૬૩નાં મૃત્યુ.
- ૬ માર્ચ ૨૦૨૦એ ૩૨ શિયાઓની હત્યા.
- ૧૨ માર્ચ ૨૦૨૦એ ૨૪ શિયાઓની હત્યા.
- ૨૫ ઑક્ટોબર ૨૦૨૦એ ૩૦ શિયાઓની હત્યા.
- ૮ માર્ચ ૨૦૨૧ એ ૫૦ શિયાઓની હત્યા.
- ૮ ઑક્ટોબર ૨૦૨૧ એ ૭૨ શિયાઓની હત્યા.
- ૧૫ ઑક્ટોબર ૨૦૨૧એ ૬૩ શિયાઓની હત્યા.
- ૨૧ એપ્રિલ ૨૦૨૨એ અફઘાનિસ્તાનમાં ૩૩ શિયાઓની હત્યા. ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૨એ બોમ્બ ધડાકામાં ૫૩ વિદ્યાર્થી-વિદ્યાર્થિનીનાં મૃત્યુ.
- ૧૨ સપ્ટેમ્બર ૨૦૨૪ એ હાજીઓનું સ્વાગત કરવા ગયેલા ૧૪ શિયા હઝારાની આઈએસઆઈએસે હત્યા કરી.

એટલે અમેરિકા-ઇઝરાયલ ઈરાન સાથે યુદ્ધ ન કરે તોય સુન્નીઓમાં શિયાઓની સામે એટલો વિરોધ છે કે તેમને છોડતા નથી. અહીં વાત બધા સુન્નીઓની નથી, પણ જે લોકો આવું કરે છે તેમની છે. ■

---

ઔર યે મૌસમ હંસીં...

દેવલ શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# પેટ્રોલ-ડીઝલ ના મળે તો શું જિંદગી ખતમ થઇ જવાની છે?

આજે મધ્ય પૂર્વમાં યુદ્ધની આગ ભડકી રહી છે. અમેરિકા -ઇઝરાયલ - ઈરાન વચ્ચે રોજ નવા ગતકડાં આવતા જાય છે, આપણે મનોમન ઉગ્રતા અનુભવવા લાગ્યા છીએ. ક્રૂડ અને ગેસ માટે જરૂરી સ્ટ્રેટ ઓફ હોર્મુઝ પર તણાવ છે, ક્રૂડનો ભાવ આકાશને આંબી રહ્યા છે અને આપણે બધા એક જ વાક્ય બોલી રહ્યા છીએ : પેટ્રોલનો ભાવ બસો રૂપિયા થઇ જાય તો ય નવાઈ નહીં

ત્યારે ચાલો, થોડી ખુલ્લી આંખે અને બે હાથે મોઢું ઢાંકીને કલ્પના કરીએ કે જો એક દિવસ આ બધું જ ખતમ થઈ જાય તો શું દુનિયા જીવવાનું બંધ કરી દેશે? પેટ્રોલ પંપ પર મોટું તાળું લાગી જાય, ગેસ એજન્સી પર ફોન કરો અને મેસેજ આવે કે સોરી ભાઈ, આવતા જન્મમાં આવજો.

‘પેટ્રોલિયમ પ્રોડક્ટ નથી’નાં બોર્ડ લટકી જાય અને રસ્તાઓ પર કરોડો રૂપિયાના ખાનગી પ્લેન, લકઝરીયસ યૉટ હોય કે મોંઘીદાટ કાર બધું કોથળામાં પેક કરીને મૂકી દેવું પડે. ભારત જેવા દેશમાં એક સ્રોત મુજબ ક્રૂડ ઓઇલની ૮૮.૬% આયાત કરવી પડે છે. આપણે દર વર્ષે લાખો- કરોડનું તેલ વિદેશથી મંગાવીને આત્મનિર્ભર ભારતનું સ્લોગન લગાવીએ છીએ. જ્યારે એક યુદ્ધ કે




એક બ્લોકેડ આવે તો આપણું આધુનિક જીવન એક પલમાં પુરાણા જમાનામાં ધકેલાઈ જાય. પ્રગતિનું નામ પણ આટલું ઝડપી રિવર્સ ગિયરમાં આવી શકે એ વાત તો આપણે ક્યારેય વિચારી જ શકતા નથી.

સવારે ઊઠીને કાર સ્ટાર્ટ ન થાય તો બોસને મેસેજ કરવો પડે કે આજે કામ ઘરેથી કરવું પડશે. બોસ માનવા તૈયાર થાય નહીં તો ચાલીને જવાની તૈયારી કરવી પડે. ઘરમાં ગેસ હોય નહીં એટલે કરોડોના ફ્લેટ કે બંગલામાં પણ ચુલાનો ધુમાડો દેખાતો હોય. ગરમ પાણી માટે ડોલ લઈને લાઈનમાં ઊભેલા ઉદ્યોગપતિઓને જોઈને સમાનતાનો અનુભવ થાય. ચૂલા બનાવતી કંપનીઓની તેજી આવી જાય. એકવાર ચૂલા પરનો સ્વાદ ભોગવ્યા પછી સોશ્યલ મીડિયા પર રોજ ચૂલાના ભોજનના સ્વાદની કથાઓ જ વાંચવા મળશે.

મોબાઈલની બેટરી ખતમ થવાનો યુગ શરૂ થાય તો કમસેકમ પાડોસીને તેનો નજીકનો સાચો સગો મળશે પાડોશીને ય કહેવાનું મન થાય કે ચાલને ભાઈ ગપ્પાં મારીએ મિત્રોને ચાલીને મળવા જવા કરતા કોઈ એક જગા પર ભેગા થઈને ગપ્પાં મારવાની ઓર મઝા આવે.

યાદ કરો, એ કોવિડનો સમય જયારે ભલભલા વિજ્ઞાન વચ્ચે જિંદગી થોડી અટકી ગઈ હતી દોસ્તોને મળવા પાંચ સાત કિલોમીટર ચાલીને જવાનો જલસો કંઈક ઓર જ હોય. જીવનસાથીને કહેવું પડે કે રોજ કારમાં બેસીને રખડવામાં બોર થઇ ગયાં હતા, કાર ચલાવવામાં અને ગાયનો સાંભળતા વાતોની મજા મારી ગઈ હતી આ રખડવાની નવી પેટર્ન ફરી રોમેન્ટિક કરી શકે છે. કોવિડ કરતાં હવે ફાયદો એ છે કે બીમાર પડવાનો ડર નથી. બસ, એક જ ધૂન મનમાં રહે છે કે બધાને મળીએ.

આ જ વાસ્તવિકતા છે જે આપણને સાહિત્ય અને સિનેમા વારંવાર યાદ અપાવ્યું છે કે પેટ્રોલ વિનાની દુનિયા માત્ર નરી કલ્પના નથી, પણ એક ચેતવણી છે. વૈશ્વિક સાહિત્યમાં આ થીમને પીક ઓઇલ અથવા પોસ્ટ ઓઇલ એરા ધરાવતી સોસાયટી તરીકે ઓળખવામાં આવે છે, જ્યાં તેલના અભાવથી સમાજ તૂટી પડે છે. લોકો પગે ચાલવા, લાકડા વાપરવા કે સ્થાનિક ખેતી તરફ પાછા ફરે છે. આખી વાતનો સાર એટલો જ હતો કે માણસજાત ગમે તેટલી આધુનિક બનવા પ્રયાસ કરશે પણ તેણે એક દિવસ મને- કમને મૂળિયાં તરફ તો આવવું જ પડશે. આ મૂળ એટલે લોકોને મળવું, આપણે ખરેખર સામાજિક પ્રાણી છીએ એ સાબિત કરવું અને સાથે બેસીને અસ્તિત્વ ટકાવવા સંઘર્ષ કરવો. ‘બ્લેક ગોલ્ડ’ કહીને ક્રૂડ માટે લડી મરતી દુનિયા માટે હોલિવૂડથી બોલિવૂડ સુધીએ વારંવાર ચેતવ્યા છે, આપણા સાહિત્યમાં પણ અનેક કાલ્પનિક કથાઓ લખવામાં આવી છે, જેમાં પેટ્રોલ- ડીઝલ વગરની દુનિયા કેવી હશે.

ભારત જેવા દેશોમાં તેલ અને કોલસાની અછતથી ઉદ્ભવતા સામાજિક અને આર્થિક તબાહીને અવારનવાર લખવામાં આવી છે. ‘ગાઈડ’ કે ‘લગાન’ સહિત અનેક ફિલ્મમાં દુષ્કાળ, ખેડૂતોની આત્મહત્યા અને હવાની બીમારીને જળવાયુ પરિવર્તન સાથે જોડીને ચેતવવામાં આવ્યા છે. જે પેટ્રોલ-કોલસા આધારિત આધુનિક જીવનના ઘાતક પરિણામ તરીકે દેખાય છે, પોસ્ટ ઓઇલ એરા વિષય પર અનેક ફિલ્મો અને ડોક્યુમેન્ટરી બની છે.

ભારત જેવા નિયો રિચ દુનિયામાં એક ચમત્કાર પણ જોવા મળશે. અમીરગરીબનો ફરક ખતમ થઇ જશે. કારવાળો, બાઇકવાળો કે રિક્ષાવાળો એક જ રસ્તા પર ચાલતો જોવા મળશે. સાચી સમાનતા! વરઘોડામાં પણ જાન દાયકાઓ જૂની પદ્ધતિથી આવવા લાગે. વરરાજાને ચાલતો જોઈને ‘ઇકો ફ્રેન્ડલી વેડિંગ’ની નવી ફેશન શરૂ થઇ જાય.

એક વાત સાચી છે કે જેને જરૂરી સમજીએ છીએ એ ખરેખર તો આપણી સૌથી મોટી આદત છે. પેટ્રોલ ખતમ થાય તો પણ જીવન ચાલશે. ભલે એ થોડું ધીમું, થોડું મહેનતું, થોડું આનંદી અને ઘણું બધું સાચું હશે. આજથી જ પ્રેક્ટિસ શરૂ કરી દેવી જોઈએ કે સવારે બે કિમી ચાલીએ. ચાલતીવેળા કહેતા રહેવાનું કે પંપ ખાલી થાય તો ય અમે તૈયાર છીએ.

આ આખી પરિસ્થિતિમાં પ્રશ્ન એ સતાવે છે કે માણસજાત કેવી રીતે જીવશે? આપણે આ પ્રશ્ન પૂછીએ છીએ ત્યારે જીવવું નામની ઘટના જ કોઈ નવી શોધ હોય એવું લાગે છે, જાણે જીવનનું અસ્તિત્વ પેટ્રોલ, ડીઝલ, ઇલેક્ટ્રિક અને ગેસ જેવી સુવિધાઓ પર આધારિત હોય. હકીકતમાં, માણસજાત હજારો વર્ષોથી જીવતી આવી છે જ્યારે કોઈ એન્જિન નહોતાં, કોઈ ફેક્ટરીઓ નહોતી અને અત્યાર જેવી ફાસ્ટ લાઇફ નહોતી. માણસ પગથી ચાલતો હતો, પવન સાથે સંવાદ કરતો હતો અને કુદરતના તાલે પોતાનું જીવન ગોઠવતો હતો. આ જ માણસે રામાયણ, મહાભારત અને અદ્ભુત સનાતન સાહિત્ય લખ્યું હતું.

જ્યારે પેટ્રોલ ડીઝલ ખૂટે ત્યારે હકીકતમાં જીવન બંધ થઇ જવાનું નથી. નવા સંશોધન થશે. વચ્ચેના ગાળામાં માણસ આગળ વધતો નહીં લાગે કારણ કે તેની ગતિ ધીમી પડી હશે. એ સમયે સમજણ જ માનવજાત માટે સૌથી મોટું ઈંધણ સાબિત થશે. ■

**ધ એન્ડ :**

*સમજદારી અને ખુશીઓ લગભગ અસંભવ સંયોજન છે. (માર્ક ટવેઇન)*

---

શરદ જોશી સ્પીકિંગ

___સંજય છેલ
feedback@bombaysamachar.com

# મોંઘવારી - સમાજવાદમાં કઈ રીતે સપડાયો છે સામાન્ય માનવી?

**સમાજવાદ** બહુ મોંઘો પડી રહ્યો છે. થોડા સમય પહેલા સ્થિતિ થોડી સારી હતી. સરકાર કહેતી હતા કે અમારી પાસે બધી વસ્તુઓનો પૂરતા પ્રમાણમાં જથ્થો છે અને જ્યારે જરૂર પડશે ત્યારે અમે એને બજારમાં રિલીઝ કરીશું. બજારમાં એક જાતની ઉદારતા હતી. કોઈ પણ નાના મોટા દુકાનદાર પાસે સમાજવાદ માગો, તો એ તોલી આપતો. સમાજવાદ નાના-મોટા એમ દરેક પેકેટમાં ઉપલબ્ધ હતો.

દેશમાં વપરાશ વધારે નહોતો, પણ ઉત્પાદન વધારે થઈ રહ્યું હતું. મંત્રીજી કહેતા હતા કે આપણે માત્ર સમાજવાદમાં આત્મનિર્ભર નથી બન્યા, પરંતુ ટૂંક સમયમાં નિકાસ પણ કરવા માંડીશું. મંત્રીજીના નિવેદનોથી ઉત્સાહ જળવાઈ રહેતો હતો. વેપારી ગભરાતો હતો અને મંદીનું વાતાવરણ પણ નહોતું. પછી અચાનક પરિસ્થિતિ બગડવા માંડી.

આજે એવી હાલત છે કે શોધવાથી પણ સમાજવાદ નથી મળતો. દિલ્હી, જે ઉત્પાદન અને વિતરણનું સૌથી મોટું કેન્દ્ર છે ત્યાં મૌન છવાયેલું છે. કોઈ સમાજવાદની માંગણી કરે છે તો એને મોંઘવારીના પડીકા મળે છે.

મેં એક સજ્જન માણસ સાથે વાત કરી. થોડા સમય પહેલા એ અમારા શહેરમાં સમાજવાદના મુખ્ય વિતરણકર્તા હતા. એમણે કહ્યું, ‘શુદ્ધ સમાજવાદનો વિચાર છોડી દો. એ તમને ક્યાંય નહીં મળે. જે વસ્તુ બજારમાં નથી, એના માટે કેમ ચિંતિત થાવ છો.?’

મેં કહ્યું, ‘હું શુદ્ધની વાત નથી કરતો. હું આપણા દેશના ઉત્પાદન વિશે પૂછી રહ્યો છું, જેમાં થોડો મૂડીવાદ, મોંઘવારી, અમેરિકાની મદદ વગેરે મળી રહે છે.’ એ સજ્જન હસવા માંડ્યા. પછી મને સ્કેન નજરથી તપાસ્યો કે હું રહસ્ય જણાવવા યોગ્ય છું કે નહીં! એ સજ્જને મને કહ્યું, ‘સરકારે બધો સમાજવાદ સંગ્રહ કરી લીધો છે.’

‘કેમ?’, મેં પૂછ્યું.

એમણે હસતાં હસતાં આંખ મારી કહ્યું, ‘ચૂંટણીના વખતે બહાર પાડવા.’

મારા એક મિત્ર જે અર્થશાસ્ત્ર વગેરે પર લેખ લખે છે એમનું બીજું જ કંઈ કહેવું છે. એ કહે છે કે દેશમાં કાગળની અછતના કારણે સમાજવાદના ઉત્પાદનમાં બહુ મોટી નુકસાની થઈ છે, કારણ કે આખરમાં બધો સમાજવાદ કાગળ પર જ તો ચાલે છે. કાગળની અછત પડી એટલે બધું ઉત્પાદન ઠપ્પ થઈ ગયું. પરિસ્થિતિ બરાબર થાય એટલે પાછો સમાજવાદ બજારમાં આવી જશે.



મોંઘવારીએ બધાને મારી નાખ્યા છે. ભાવ વધતા રહે છે અને માણસ ઘટતો જાય છે. સરકારની એક આદત સારી છે કે જ્યારે ટેક્સ લગાડે છે ત્યારે સામાન્ય માણસનું બહુ ધ્યાન રાખે છે. સામાન્ય માણસનું ધ્યાન પહેલા ખાલી સાહિત્યમાં રખાતું હતું, આજકાલ બજેટમાં પણ રાખવામાં આવે છે. હું તો બજેટના આ સાહિત્યિક સ્વભાવનો ચાહક છું. ટેક્સ સામાન્ય માણસ પર નથી લાગતો, મોટા માણસો પર લાગે છે. ખર્ચ વધતા જોઈ મોટા માણસો ઉત્પાદનનો ભાવ વધારી નાખે છે, જેને સામાન્ય માણસ ચૂકવે છે! આ રીતે સામાન્ય માણસ વધારે સામાન્ય થઈ જાય છે એટલે સરકાર ૧૦૦ ટકા સમાજવાદી લાગે છે. આમાં મૂડીવાદ બદનામ થઈ જાય છે, જે એની નિયતિ છે. આખરમાં બધા સુખ તો મળવાથી રહ્યા.

થોડી બદનામી થઈને જો ફાયદો થતો હોય તો મૂડીવાદને એ સ્વીકાર છે.

આ રીતે દેશ ત્રણેય દિશામાં એકસાથે આગળ વધે છે- સમાજવાદ, મૂડીવાદ અને ગરીબી. જેમ ભાવ વધતા જાય છે એટલે સમાજવાદ મજબૂત થાય અને સમાજવાદ મજબૂત થાય એટલે વેપારી વધારે ખુશ રહે છે! મીઠું, ખાંડ, અનાજ, કેરોસીન, સાબુ વગેરે બધાની લાઈન લાગી ગઈ છે. આખો દેશ શિસ્તબદ્ધ થઈ ગયો છે. સમાજમાં એકતા આવી ગઈ છે. નાના-મોટા ઝઘડાઓ ખતમ થઈ ગયા છે. ‘અનેકતામાં એકતા’વાળો જે જૂનો ભારતીય ગુણ છે, તેનો અભાવ આ વખતે ખીલી ઊઠ્યો છે. આખો દેશ ગાળ આપી રહ્યો છે. બધાં જ રડી રહ્યા છે એટલે રાજ્યોમાં પરસ્પર ઈર્ષા રહી નથી. આ બહુ મોટી વાત છે.

આજે ભાવ વધી રહ્યા છે એટલે એકતા હોવી બહુ મોટી વાત છે. આશા છે કે કાલે આખો દેશ આગળ વધશે. અથવા એવું પણ હોય કે દેશ પહેલા આગળ વધી ગયો હોય અને ભાવ હવે વધી રહ્યા છે.

સામાન્ય માણસની ચામાં ખાંડ ઘટી રહી છે, દાળમાં મીઠું ઓછું થઈ રહ્યું છે, છાપાનાં પાનાં ઓછા થઈ રહ્યા છે, કોઈના રસોડામાંથી ડાલડા ઘી ગાયબ છે તો કોઈના બાથરૂમમાંથી સાબુ ગાયબ છે. બધી જગ્યા પરથી સમાજવાદની રાહ જોવી પડે છે.

લાઈનમાં ઊભેલા માણસને સરકારનું દુઃખ પરેશાન કરે છે, જે તકલીફમાં છે. અછત, હડતાલ, ઉત્પાદન ઘટાડાથી સરકારને નુકસાન થઈ રહ્યું છે. સામાન્ય માણસની જેમ સરકાર પણ પોતાનો ખર્ચ ઉપાડી શકતી નથી. સમાજવાદ લાવવાની વાત તો બાજુ પર રહી, સરકારી ઓફિસોનો ખર્ચ પણ કાઢી શકતી નથી. સરકાર ટેક્સ લગાડે છે, જેથી પૈસા સરકારી તિજોરીમાં આવે. સામાન્ય માણસ ટેક્સનું વજન ઉપાડે છે અને વજન વધવાથી હડતાલ કરે છે. જો સામાન્ય માણસ ખરીદી ઓછી કરે તો સરકારને નુકસાન થાય અને સરકાર દેશને ચલાવવાનો ખર્ચ કાઢી શકે નહીં, એટલે સરકાર વધારે ટેક્સ લગાડે.

સરકાર આ બધું જનતા પ્રત્યેની હાર્દિક સહાનુભૂતિના કારણે કરી રહી છે. સહાનુભૂતિ, ટેક્સ, ભાવ વધારો આ એક રાષ્ટ્રીય ચક્કર છે, જે ચાલતું રહે છે. સામાન્ય માણસ ગોળ ગોળ ફરી રહ્યો છે. લાગે છે આજકાલ પૃથ્વીએ ગોળ ફરવાનું બંધ કરી દીધું છે એટલે માણસ ગોળ ફરી રહ્યો છે.

મેં એક માણસને પૂછ્યું, ‘સમાજવાદ ઇચ્છો છો?’

‘ક્યાંકથી ઘઉંની બે ગુણીની વ્યવસ્થા કરી આપો.’ એ માણસે કહ્યું.

‘શું તને સામાજિક ન્યાયની જરૂરિયાત નથી લાગતી?’

‘ત્રણ લિટર કેરોસીનથી શું થશે?’ એણે પૂછ્યું

‘તને ખબર છે, સમાજવાદ આવવાનો છે!’

‘સાંભળ્યું છે કે આવતા બે મહિનામાં ખાંડની અછત વધશે.’ એ માણસે કહ્યું.

એ માણસ સાથે વાતચીત કરવી અસંભવ હતી. ‘ભૂખ કે મારે બિરહા બિસર જાએ, કજરી કરીબ લોગ ભૂલ જાએ’, સમજમાં આવે, પણ અછત અને મોંઘવારીમાં સમાજવાદને ભૂલી જવાય, આની કલ્પના તો માર્ક્સને પણ નહીં હોય.

સતત વધતી જતી મોંઘવારી, વસ્તુની અછત અને ભાવ વધારાનો ડર સામાન્ય માણસની આત્મામાં ઘર કરી ગયો છે. સામાન્ય માણસની ચિંતા ફક્ત એના વ્યક્તિગત અને મર્યાદિત અર્થશાસ્ત્રના આધારે વધુ એક દિવસ પસાર કરી લેવાની શુભેચ્છા સુધી જ મર્યાદિત રહી ગયા છે. જે લોકો હમણાં પણ ગંભીર સિદ્ધાંતિક ચર્ચામાં મંડી પડ્યા હોય અથવા કવિતાઓ લખી રહ્યા હોય, એમણે પોતાના પર વિચાર કરી ડોક્ટર પાસે સારવાર લેવી જોઈએ. આ વાતનો પૂરો ખતરો છે કે તમે સામાન્ય માણસથી રાષ્ટ્ર, એકતા, પ્રજાતંત્ર, કવિતા, સમાજવાદ અથવા માનવ સ્વતંત્રતા વિશે વાત કરો અને એ ડોક્ટર તમને જવાબમાં જોરથી થપ્પડ મારી દે. એટલે સાવધાન! ■

# યૉર્કર-સ્પેશ્યાલિસ્ટ મલિન્ગા બની ગયો ગિટારિસ્ટ!

## સુપરહિટ બૉલિવૂડ ગીત ‘તુમ હી હો...’ની ધૂન પર ગિટાર વગાડીને બધાને ખુશ કર્યાં



મુંબઈઃ એક સમય હતો જ્યારે શ્રીલંકાના યૉર્કર સ્પેશ્યાલિસ્ટ ફાસ્ટ બોલર લસિથ મલિન્ગા વિશે દુનિયાભરના બૅટ્સમેનોના મનમાં ખોફ હતો અને એ અરસામાં રિલીઝ થયેલી બૉલિવૂડ ફિલ્મ ‘આશિકી-ટૂ’નું ગીત ‘તુમ હી હો...’ મલિન્ગા માટે જો કોઈએ ગાયું હોત તો એ અસ્થાને ન ગણાત, પરંતુ યોગાનુયોગ એવો છે કે ખુદ મલિન્ગાએ આ અઠવાડિયે મુંબઈ ઇન્ડિયન્સ (એમઆઇ) ટીમની એક ઇવેન્ટમાં ગિટાર પર આ જ ગીતની ધૂન વગાડીને સૌને ખુશ કરી દીધા હતા.

ભૂતપૂર્વ રાઇટ-હૅન્ડ ફાસ્ટ બોલર મલિન્ગા હાલમાં મુંબઈ ઇન્ડિયન્સની ટીમનો બોલિંગ-કોચ છે. કાતિલ બોલિંગમાં સતતપણે કલાકે ૧૪૦થી ૧૫૦ કિલોમીટરની ઝડપે બૉલ ફેંકનાર મલિન્ગાએ ગિટારના સ્ટ્રિંગ્સ પર જે રીતે કાબૂ રાખ્યો હતો અને આદિત્ય રૉય કપૂર તથા શ્રદ્ધા કપૂરના અભિનયવાળી આ ફિલ્મના લોકપ્રિય ગીતની ધૂન વગાડતો હતો એ જોઈને ટીમના તમામ ખેલાડીઓ તેમ જ ઇવેન્ટમાં હાજર સૌ કોઈ મંત્રમુગ્ધ થઈ ગયા હતા.

એક સમયે મલિન્ગા ક્રિકેટની દુનિયાનો નંબર-વન બોલર ગણાતો હતો. તેણે ૧૬ વર્ષની આંતરરાષ્ટ્રીય કારકિર્દીમાં કુલ ૫૫૦ વિકેટ અને આઇપીએલમાં કુલ ૧૭૦ વિકેટ લીધી હતી. તેણે એમઆઇની ઇવેન્ટમાં સાબિત કર્યું કે તે વર્ષો સુધી ઝંઝાવાતી બોલિંગ કર્યા પછી હવે મગજ પર ગજબનો અંકુશ રાખીને ગિટાર ખૂબ સારી રીતે વગાડી જાણે છે. તેની આ નવી કળા બદલ સોશ્યલ મીડિયામાં ચાહકો તેની ખૂબ પ્રશંસા કરી રહ્યા છે. ઘણા લોકો મલિન્ગાને ગિટાર સાથે જોઈને નવાઈ પામ્યા છે.

મલિન્ગા ક્રિકેટની શાનદાર કરીઅર પછી હવે આઇપીએલ સહિતની ટી-૨૦ લીગ ટૂર્નામેન્ટોમાં બોલિંગ-કોચ તરીકેની જવાબદારી પૂરી કરવા ઉપરાંત ફુરસદના સમયે ગીત-લેખન તથા ગીતોની ધૂન તૈયાર કરવાના શોખ પણ પૂરા કરે છે. ■

# ઇમ્પૅક્ટ પ્લેયરના મુદ્દે આજે કૅપ્ટનોની ચર્ચા

## સૌરવ ગાંગુલી ખાતરીથી કહે છે કે આ નિયમ રહેવાનો જ છે



મુંબઈઃ શનિવારે શરૂ થઈ રહેલી આઇપીએલની ૧૯મી સીઝન પહેલાં બીસીસીઆઇ આ ટૂર્નામેન્ટની ૧૦ ટીમના કૅપ્ટન સાથે આજે રાબેતા મુજબની મીટિંગ રાખશે જેમાં ખાસ કરીને ઇમ્પૅક્ટ સબસ્ટિટ્યૂટના નિયમ વિશે તેમ જ આચાર સંહિતા પર ચર્ચા થશે. દિલ્હી કૅપિટલ્સના સુકાની અક્ષર પટેલ સહિત કેટલાકને ઇમ્પૅક્ટ પ્લેયરનો નિયમ પસંદ નથી, પરંતુ બીસીસીઆઇના ભૂતપૂર્વ પ્રમુખ સૌરવ ગાંગુલીનું માનવું છે કે ‘આ નિયમ રહેશે જ. કોઈને ગમે તો કોઈને ન ગમે, પરંતુ આ નિયમ લાગુ રહેશે એવું હું માનું છું. હું બીસીસીઆઇનો પ્રમુખ હતો ત્યારથી આ નિયમ લાગુ થયો છે.’

અક્ષર પટેલના ઇમ્પૅક્ટ પ્લેયરનો નિયમ પસંદ નથી. તેનું એવું કહેવું છે કે ‘ઇમ્પૅક્ટ પ્લેયરના નિયમને કારણે મારા જેવા ઑલરાઉન્ડરના પર્ફોર્મન્સના વિકાસમાં અવરોધ બને છે.’

રોહિત શર્મા અને હાર્દિક પંડ્યા પણ અગાઉ ઇમ્પૅક્ટ પ્લેયરના નિયમનો વિરોધ કરી ચૂક્યા છે. ઇમ્પૅક્ટ પ્લેયરનો નિયમ એવો છે જેમાં બન્ને ટીમે મૅચની શરૂઆત પહેલાં પ્લેઇંગ-ઇલેવન ઉપરાંત પાંચ-પાંચ ખેલાડીના નામ અમ્પાયરોને આપવા પડે છે અને મૅચ દરમ્યાન ટીમ એ પાંચમાંના કોઈ એક ખેલાડીને પોતાની ઇલેવનમાંના કોઈ પણ એક ખેલાડીના સ્થાને રમાડી શકે છે.

બુધવારની કૅપ્ટનો સાથેની મીટિંગને મૅચ રેફરીઓની પૅનલના ચીફ જાવાગલ શ્રીનાથ અને અમ્પાયરોની પૅનલના વડા નીતિન મેનન સંબોધશે. જે મુદ્દે આ બેઠકમાં ચર્ચા થશે એ આ પ્રમાણે છેઃ ઓવર દીઠ બે બાઉન્સર, બૅટ્સમૅન રમવા આવે ત્યારે તેના બૅટના કદની અમ્પાયર દ્વારા થતી ચકાસણી, બૉલ ગુમ થઈ જાય કે ખરાબ થઈ જાય ત્યારે એને બદલે લેવામાં આવતો બીજો બૉલ, રિટાયર આઉટના નિર્ણય તથા બૉલ પર લાળ લગાડવા પર પ્રતિબંધ. ■

# યશ દયાલની ગમે ત્યારે ધરપકડ થઈ શકે? આખી આઇપીએલમાંથી થયો બહાર



યશ દયાલે વિવાદ વચ્ચે ગયા મહિને શ્વેતા પુંડિર નામની છોકરી સાથે લગ્ન કર્યાં હતા.

બેંગ્લૂરુઃ આઇપીએલની ડિફેન્ડિંગ ચૅમ્પિયન ટીમ રૉયલ ચૅલેન્જર્સ બેંગ્લૂરુ (આરસીબી)ના વિવાદાસ્પદ પેસ બોલર યશ દયાલ આ વખતની આઇપીએલની સીઝનમાં આરસીબીની ટીમમાં નહીં જોવા મળે એવી જાહેરાત ફ્રેન્ચાઇઝીએ કરી છે, પરંતુ તેની સાથેનો કૉન્ટ્રેક્ટ અકબંધ રાખવામાં આવશે. યશ દયાલ સામે બે મહિલાએ જાતીય શોષણના જે આક્ષેપ કર્યા છે એ સંબંધમાં કેસ ચાલી રહ્યા છે એટલે ફ્રેન્ચાઇઝીએ એ બાબતને તેના અંગત કારણ તરીકે ગણાવીને તેને આ વખતની ટૂર્નામેન્ટની બહાર રાખવાનું નક્કી કર્યું છે.

યશ દયાલે ઉત્તર પ્રદેશના ગાઝિયાબાદમાં એક મહિલાને લગ્નની લાલચ આપીને તેનું જાતીય શોષણ કર્યું હોવાનું મહિલાનો આરોપ છે. અલાહાબાદ હાઈ કૉર્ટે એ કિસ્સામાં યશ દયાલને ધરપકડ સામે રક્ષણ આપતો ચુકાદો આપ્યો છે. જોકે જયપુરના યશ દયાલ વિરુદ્ધના વધુ ગંભીર કિસ્સા સંબંધમાં રાજસ્થાન હાઈ કૉર્ટે તેને સંભવિત ધરપકડ સામે રક્ષણ આપવાનો ઇનકાર કર્યો છે. આ કિસ્સો એવો છે જેમાં ટીનેજ છોકરીએ આક્ષેપ કર્યો છે કે તે ૨૦૨૩માં પહેલી વખત યશ દયાલના સંપર્કમાં આવી હતી અને ત્યાર બાદ બે વર્ષ સુધી તેને ક્રિકેટમાં કરીઅર બનાવવામાં મદદ કરવાની કથિત લાલચ આપીને તેનું જાતીય શોષણ કર્યું હતું. ■

# ખેલાડીઓની જર્સીનો એકસરખો ૧૧ નંબર અને ૧૧ સીટ કાયમ માટે ખાલી!

બેંગ્લૂરુઃ ૨૦૨૫ની ત્રીજી જૂને રૉયલ ચૅલેન્જર્સ બેંગ્લૂરુ (આરસીબી)ની ટીમ ૧૮ વર્ષના આઇપીએલના ઇતિહાસમાં પહેલી વખત ચૅમ્પિયન બની હતી, પરંતુ એના સેલિબ્રેશનમાં આઘાતજનક અને કરુણ ઘટના બની હતી જેમાં ટીમના ૧૧ ચાહક બીજા દિવસે (ચોથી જૂને) બેંગ્લૂરુના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમની બહાર ગેરવ્યવસ્થાને કારણે હજારો લોકો વચ્ચે થયેલી નાસભાગમાં મૃત્યુ પામ્યા હતા અને તેમને અંજલિ આપવાના હેતુથી આરસીબીના તમામ ખેલાડીઓ મૅચના દિવસે ૧૧ નંબરની જર્સી પહેરીને પ્રૅક્ટિસ કરશે. ભાગદોડમાં મૃત્યુ પામેલા ૧૧ જણને શ્રદ્ધાંજલિ આપવાના હેતુથી એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં કાયમ માટે ૧૧ સીટ ખાલી રાખવાની પણ યોજના છે. ■

# રિન્કુ સિંહ કેકેઆરમાં રહાણેનો ડેપ્યૂટી



કોલકાતાઃ બૅટ્સમૅન રિન્કુ સિંહને કોલકાતા નાઇટ રાઇડર્સ (કેકેઆર)ના ફ્રૅન્ચાઇઝીએ ટીમનો વાઇસ-કૅપ્ટન બનાવ્યો છે. તે મુખ્ય કૅપ્ટન અજિંક્ય રહાણેના ડેપ્યૂટી તરીકેની જવાબદારી સંભાળશે. ટીમના હેડ-કોચ અભિષેક નાયરે રિન્કુની નિયુક્તિને ટેકો આપતા જણાવ્યું હતું કે ‘અમે રિન્કુની કાબેલિયત જોઈને તેને ટીમમાં થોડી જવાબદારી આપવા માગતા હતા.’ રિન્કુને ૨૦૧૮ની સાલમાં ૮૦ લાખ રૂપિયામાં ખરીદવામાં આવ્યો હતો અને ૨૦૨૫માં તેને ૧૩ કરોડ રૂપિયામાં રીટેન કરવામાં આવ્યો હતો.

# બેન ડકેટ આઇપીએલમાંથી નીકળી ગયો, પ્રતિબંધ મુકાશે

નવી દિલ્હીઃ ઇંગ્લૅન્ડનો ઓપનર બેન ડકેટ આઇપીએલ-૨૦૨૬માંથી નીકળી ગયો છે જેને પગલે તેના પર બીસીસીઆઇના નિયમ મુજબ તેણે હવે (આઇપીએલમાં રમવા પરનો) બે વર્ષનો પ્રતિબંધનો સામનો કરવાની તૈયારી રાખવી પડશે.

બેન ડકેટને દિલ્હી કૅપિટલ્સે આ સીઝન માટેની હરાજીમાં બે કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો. તેણે કહ્યું છે કે પરિવાર સાથે સમય વીતાવવા માગે છે અને રેડ-બૉલ ક્રિકેટ પણ રમવા માગે છે. અક્ષર પટેલ દિલ્હીની ટીમનો કૅપ્ટન છે અને ટીમના અન્ય બૅટ્સમેનોમાં વિકેટકીપર કે. એલ. રાહુલ, પૃથ્વી શૉ, નીતીશ રાણા, અભિષેક પોરેલ, પથુમ નિસાન્કા, ડેવિડ મિલર, કરુણ નાયર, સાહિલ પરખ, ટ્રિસ્ટેન સ્ટબ્સ, આશુતોષ શર્મા, સમીર રિઝવી વગેરેનો સમાવેશ છે.

# અસલામતીના કારણસર સ્પર્ધામાંથી નીકળી જવા બદલ કૉનેરુ હમ્પીની ટીકા

નવી દિલ્હીઃ મધ્ય-પૂર્વ અને પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધને ધ્યાનમાં લઈને ભારતની ટોચની મહિલા ચેસ પ્લેયર કૉનેરુ હમ્પી સાયપ્રસ દેશમાં શનિવારે શરૂ થઈ રહેલી ધ કૅન્ડિડેટ્સ નામની પ્રતિષ્ઠિત ટૂર્નામેન્ટમાંથી નીકળી ગઈ એ બદલ સાયપ્રસ ચેસ અસોસિયેશને હમ્પીની ટીકા કરી છે. હમ્પી અસલામતીના કારણસર આ સ્પર્ધામાં નથી રમવાની. અસોસિયેશને જણાવ્યું, ‘હમ્પીનું આ પગલું બહુ ખોટું છે. આ નિર્ણયને લીધે અન્યોમાં ખોટી ચિંતા ફેલાઈ શકે. તેણે આવું કરીને અન્ય ખેલાડીઓ તેમ જ આયોજકોનું અપમાન કર્યું છે.’ ■

# ગૌતમ સિંઘાણિયાના બોટ અકસ્માતમાં ગુમ થયેલા મહેશ રામચંદ્રનની ખેલકૂદની આ સિદ્ધિઓ વિશે જાણો છો?

નવી દિલ્હીઃ તાજેતરમાં માલદીવમાં ભારતીય ઉદ્યોગપતિ ગૌતમ સિંઘાણિયાની સ્પીડબોટનો જે અકસ્માત થયો એમાં દરિયામાં ગુમ થઈ ગયેલા એ બોટના મહેશ રામચંદ્રન વિશે સૌ કોઈ ચિંતિત તો છે જ, તેમણે ભૂતકાળમાં મેળવેલી સિદ્ધિઓની પણ ખૂબ ચર્ચા થઈ રહી છે.

આ સ્પીડબોટ અકસ્માતમાં ગુમ થયેલાઓમાં પાંચ વખત ઇન્ડિયન નેશનલ રેલી ચૅમ્પિયન બનેલા અને મોટરસ્પોર્ટના નિષ્ણાત હરિ સિંહનો પણ સમાવેશ થાય છે. નસીબજોગે, સિંઘાણિયાને નજીવી ઈજા થઈ હતી અને તેમને મુંબઈ પાછા લાવવામાં આવ્યા છે. મહેશ રામચંદ્ર ઉદ્યોગપતિ સિંઘાણીયાની આ યોટના કેપ્ટન હતા. ખેલકૂદ ક્ષેત્રે અપાતા પ્રતિષ્ઠિત પુરસ્કારોમાંથી અર્જુન પુરસ્કાર જીતી ચૂકેલા રામચંદ્રને નેશનલ ડિફેન્સ એકેડેમીમાંથી ગ્રેજ્યૂએશન કર્યું હતું.

ભારતીય નૌકાદળના ભૂતપૂર્વ અધિકારી રામચંદ્રન બોટ રેસિંગમાં ઘણી રાષ્ટ્રીય સ્પર્ધા જીત્યા હતા. તેમણે એશિયન ગેમ્સ તેમ જ વર્લ્ડ મિલિટરી ગેમ્સમાં પણ મેડલ મેળવ્યા હતા. બોટ હરીફાઈના તેમના ક્ષેત્રે એક સમયે તેઓ મેચ રેસિંગમાં વિશ્વના ટોચના ૧૫ ખેલાડીમાં ગણાતા હતા. તેઓ ઘણી વખત ‘યોટમેન ઓફ ધ યર’ એવોર્ડ જીત્યા હતા.





‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.




## ભાષા વૈભવ...

અંગ્રેજી - ગુજરાતી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| PUS | આગ્રહી |
| PUSH | ગૂમડું |
| PUSHY | બિલાડી |
| PUSSY | પરુ |
| PUSTULAR | ધક્કો |

## માતૃભાષાની મહેક

નમ્રતાના ગુણગાન ગાતું એક સુભાષિત છે કે નામી નરમાં નમ્રતા જગ કદી કમી ન જોય, જુઓ,ત્રાજવું તોલતાં નમતું ભારી હોય. મનુષ્ય કામ, નામ અને દામથી મોટો બન્યા પછી પણ નમ્રતાનો ગુણ જાળવી રાખે તો જગમાં પ્રિય બને છે. નમતું ત્રાજવું હંમેશાં ભારે હોય છે એ જીવનનું સત્ય છે. નમ્યો એ સૌને ગમ્યો એ બહુ જાણીતી વાત છે.

## ગુજરાત મોરી મોરી રે

‘નમાલો માણસ નરમાઈ બતાવવા આગળ આવ્યો’ એ મતલબની કહેવતના શબ્દો આડાઅવળા થઈ ગયા છે જે ગોઠવી કહેવત જણાવો.

ગઈ ખાતા બકરી શીખી આદું

## ઈર્શાદ

*કોણે કીધું ગરીબ છીએ? કોણે કીધું રાંક?*

*કાં ભૂલી જા મન રે ભોળા! આપણા જુદા આંક.*

– મકરન્દ દવે

## શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ■ | ૨ | ૩ | | ■ | ૪ | ૫ | | ૬ |
| ૭ | | ■ | ૮ | ■ | ■ | ૯ | | ■ | |
| | ■ | ■ | ૧૦ | | ૧૧ | ■ | ૧૨ | ૧૩ | |
| ■ | ૧૪ | | | ■ | ૧૫ | | ■ | | ■ |
| ૧૬ | ■ | ■ | | | | ■ | ૧૭ | | ૧૮ |
| ૧૯ | ૨૦ | | ■ | ૨૧ | ■ | ૨૨ | ■ | ■ | |
| ■ | | ■ | ૨૩ | | ■ | ૨૪ | | | ■ |
| ૨૫ | | ૨૬ | ■ | ૨૭ | | | ■ | ■ | ૨૮ |
| | ■ | ૨૯ | ૩૦ | ■ | ■ | | ■ | ૩૧ | |
| ૩૨ | | | | ■ | ૩૩ | | | ■ | |

### આડી ચાવી

૨ ---- એટલું દૂધ નહીં (૩)
૪ દોરડા પર નાચનાર નટ (૪)
૭ પોપટ (૨)
૯ હંમેશાં (૨)
૧૦ વય (૩)
૧૨ સુગંધ (૩)
૧૪ દ્વિધા (૩)
૧૫ ---- તો શેરીની ધૂળનો પણ પડે (૨)
૧૭ સજ્જ, તૈયાર (૩)
૧૯ આસ્થા (૩)
૨૩ ચામડી, ત્વચા (૨)
૨૪ ---- ની જીભ અને અકર્મીના ટાંટીયા (૩)
૨૫ લાગ જોઇને ---- મારવી (૩)
૨૭ એક વાદ્ય (૩)
૨૯ શ્રેણી, તબક્કો (૨)
૩૧ ---- તેનો નાશ છે (૨)
૩૨ ચર્ચા, વિચારણા (૪)
૩૩ જે કાપવાનું કામ કરે છે તે (૩)

### ઊભી ચાવી

૧ મફત (૩)
૩ આવક જાવકનો હિસાબ (૫)
૪ તોર, મગરૂરી (૨)
૫ મોટી શેતરંજી (૩)
૬ ગોઠવણ કે આયોજન કરનાર (૩)
૧૧ ભટકતું, હરાયુ (૩)
૧૩ ગણપતિ (૩)
૧૬ પાલખી ઉપાડનાર (૨)
૧૮ ફાંદ (૨)
૨૦ હાથી (૩)
૨૧ દશા, પરિસ્થિતિ (૩)
૨૨ સુરક્ષિત નહીં તેવું (૫)
૨૫ ભેટ, બક્ષીસ (૩)
૨૬ મા એવી દીકરી અને ઠામ તેવી ---- (૩)
૨૮ એક પક્ષી (૩)
૩૦ ખારાશવાળું તત્ત્વ (૨)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ■ | ૧ મુ | ■ | ૨ થા | લ | મે | ૩ લ | ■ | ૪ છી | ■ |
| ૫ ઉ | શ્કે | ૬ ર | ણી | ■ | ■ | ૭ તા | ૮ રા | પ | ૯ તિ |
| ૧૦ પ | લ | ક | ■ | ૧૧ ના | થ | ■ | હ | ■ | મિ |
| દે | ■ | ૧૨ ઝ | ડ | પ | ■ | ૧૩ આ | ત | ૧૪ વા | ર |
| શ | ■ | ક | ■ | ૧૫ સં | ૧૬ પ | ■ | ■ | રિ | ■ |
| ■ | ૧૭ રા | ■ | ■ | ૧૮ દ | મ | ■ | ૧૯ વ | ■ | ૨૦ અ |
| ૨૧ મા | વ | ૨૨ જ | ત | ■ | ૨૩ રા | જ | સી | ■ | જ |
| દ | ■ | બ | ■ | ૨૪ ખો | ટ | ■ | ૨૫ પ | ૨૬ જ | ન |
| ૨૭ ક | ૨૮ ભા | ર | ૨૯ જા | ■ | ■ | ૩૦ મ | ત | લ | બી |
| ■ | ણું | ■ | ૩૧ ત | હો | મ | ત | ■ | જ | ■ |

## ઓળખાણ પડી?



શોધખોળ અને બચાવકાર્યમાં ગતિ લાવવાના મુખ્ય ઉદ્દેશ સાથે ડિઝાઈન કરી તૈયાર કરવામાં આવેલું યુરોકોપ્ટર કયા દેશનું છે એ જણાવો.

અ) ફ્રાન્સ  બ) રશિયા  ક) સ્લોવાકિયા  ડ) બલ્ગેરિયા

## ચતુર આપો જવાબ — અર્થ જણાવો

‘પાણી મેં પાષાણ ભીગે પર સીઝે નહીં’ વાક્યમાં પાષાણ શબ્દનો અર્થ શું થાય એ જણાવો.

અ) નૌકા  બ) પથ્થર  ક) પગ  ડ) હલેસા

## માઈન્ડ ગેમ

વિશ્વભરમાં વિવિધ પ્રકારના મ્યુઝિયમ જોવા મળે છે. પર્સનલ કલેક્શનના ત્રણ હજાર કરતાં વધુ કેમેરા ધરાવતું ફરીદ મ્યુઝિયમ ક્યાં છે?

અ) જબલપુર  બ) પુણે  ક) લુધિયાણા  ડ) ચંદીગઢ

## સુડોકુ-૯૨૫૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૩ | | | | ૮ | | |
| ૪ | ૯ | | | | | | ૬ | ૧ |
| ૬ | | | ૮ | ૧ | ૪ | | | ૩ |
| | ૬ | | ૧ | | ૮ | | ૫ | |
| | | ૫ | | | | ૧ | | |
| | ૧ | | ૯ | | ૨ | | ૭ | |
| ૭ | | | ૬ | ૯ | ૫ | | | ૨ |
| ૯ | ૪ | | | | | | ૧ | ૮ |
| | | ૨ | | | | ૬ | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોકસ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

## સુડોકુ-૯૨૫૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૧ | ૩ | ૮ | ૫ | ૯ | ૪ | ૬ | ૨ |
| ૨ | ૯ | ૪ | ૭ | ૩ | ૬ | ૧ | ૮ | ૫ |
| ૬ | ૮ | ૫ | ૪ | ૨ | ૧ | ૭ | ૯ | ૩ |
| ૪ | ૩ | ૨ | ૧ | ૬ | ૫ | ૯ | ૭ | ૮ |
| ૮ | ૭ | ૯ | ૨ | ૪ | ૩ | ૬ | ૫ | ૧ |
| ૫ | ૬ | ૧ | ૯ | ૭ | ૮ | ૩ | ૨ | ૪ |
| ૯ | ૫ | ૮ | ૩ | ૧ | ૭ | ૨ | ૪ | ૬ |
| ૧ | ૨ | ૬ | ૫ | ૯ | ૪ | ૮ | ૩ | ૭ |
| ૩ | ૪ | ૭ | ૬ | ૮ | ૨ | ૫ | ૧ | ૯ |

## ગયા બુધવારના જવાબ

| A | B |
|---|---|
| PUP | કુરકુરિયું |
| PUPIL | વિદ્યાર્થી |
| PUPPET | કઠપૂતળી |
| PUMP | યંત્ર |
| PUNITIVE | શિક્ષાત્મક |

**ગુજરાત મોરી મોરી રે:**
બકરીના મોંમાં કાલિંગડું ન હોય

**ઓળખાણ પડી?**
રફાલે

**માઈન્ડ ગેમ :**
નવી દિલ્હી

**ચતુર આપો જવાબ અર્થ જણાવો :**
બકરું

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૨) મુલરાજ કપૂર (૩) સુભાષ મોમાયા (૪) કિશોરકુમાર જીવણદાસ વેદ (૫) નીતા દેસાઈ (૬) ખુશરૂ કાપડિયા (૭) વિપીન શાહ (૮) નૂતન વિપીન શાહ (૯) શ્રદ્ધા આશર (૧૦) પુષ્પા પટેલ (૧૧) જ્યોતિ ખાંડવાલા (૧૨) ભારતી બુચ (૧૩) લજિતા ખોના (૧૪) પ્રવીણ વોરા (૧૫) તાહેર ઔરંગાબાદવાલા (૧૬) શીરીન ઔરંગાબાદવાલા (૧૭) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૮) હર્ષા મહેતા (૧૯) મીનળ કાપડિયા (૨૦) મહેન્દ્ર લોઢાવિયા (૨૧) નિખિલ બંગાળી (૨૨) અમીશી બંગાળી (૨૩) ભરત કજરિયા (૨૪) મનીષા શેઠ (૨૫) ફાલગુની શેટ (૨૬) જયવંત પદમશી ચિખલ (૨૭) હરીશ મનુભાઈ ભટ્ટ (૨૮) વિણા સંપટ (૨૯) દેવેન્દ્ર સંપટ (૩૦) ભાવના કર્વે (૩૧) રશીક જુથાણી ટોરંટો - કેનેડા (૩૨) અરવિંદ કામદાર (૩૩) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૪) જ્યોત્સના ગાંધી (૩૫) ઈનાક્ષી દલાલ (૩૬) હિના દલાલ (૩૭) રમેશ દલાલ (૩૮) અલકા વાણી (૩૯) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૦) ડાયના સંતોકે (૪૧) વિજય આસર (૪૨) ડો. પ્રકાશ કટકિયા (૪૩) મહેશ દોશી (૪૪) નયના ગિરીશ મિસ્ત્રી (૪૫) કમલ માતલિયા (૪૬) પદ્મનાભ (૪૭) મહેશ સંઘવી

# અમેરિકા અને ઈરાનની વિરોધાભાસી જાહેરાતો છતાં યુદ્ધ અટકવાના આશાવાદે શૅરબજારમાં જોરદાર ઉછાળો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અમેરિકાના પ્રમુખ ટ્રમ્પ દ્વારા ઈરાનના એનર્જી સ્ટ્રક્ચર પરના હુમલા પાંચ દિવસ સુધી બંધ રાખવા કરવામાં આવેલી જાહેરાત બાદ વિશ્વભરના શેરબજારમાં આવેલા સુધારાને અનુસરતા સ્થાનિક શેરબજારોમાં પણ મંગળવારે બેન્ચમાર્ક સ્ટોક ઇન્ડેક્સ સેન્સેક્સ અને નિફ્ટીમાં લગભગ બે ટકાનો ઉછાળો આવ્યો હતો.

સેન્સેક્સ દિવસ દરમિયાન ૧,૭૯૩ પોઈન્ટ અથવા ૨.૪૬ ટકા સુધી ઊછળીને ૭૪,૪૮૯.૩૯ પોઇન્ટની ઊંચી સપાટીને અથડાયા બાદ અંતે ૧,૩૭૨.૦૬ પોઈન્ટ અથવા ૧.૮૯ ટકા વધીને ૭૪,૦૬૮.૪૫ પોઇન્ટની સપાટી પર સ્થિર થયો હતો. જ્યારે નિફ્ટી ૩૯૯.૭૫ પોઈન્ટ અથવા ૧.૭૮ ટકા વધીને ૨૨,૯૧૨.૪૦ પર બંધ થયો હતો.

નોંધવું રહ્યું કે, અમેરિકાએ ઇરાન પર ૨૮મી ફેબ્રુઆરીએ હુમલો કર્યો ત્યારથી સોમવાર, ૨૩મી માર્ચ સુધીમાં સેન્સેક્સમાં ૮૫૯૦.૮૦ પોઇન્ટ અથવા ૧૦.૫૬ ટકાનો કડાકો પડ્યો છે અને માર્કેટ કેપમાં રૂ. ૪૮.૨૯ લાખ કરોડનું ધોવાણ થયું હતું. નિફ્ટીમાં આ સમયગાળામાં ૨,૬૬૬ પોઇન્ટ અથવા તો ૧૦.૫૮ ટકાનો કડાકો નોંધાયો હતો.

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પે સોમવારે મોડી સાંજે જાહેર કર્યું છે કે તેમણે વોર ડિપાર્ટમેન્ટને ઈરાની પાવર પ્લાન્ટ અને એનર્જી ઇન્ફ્રાસ્ટ્રક્ચર પરના તમામ લશ્કરી હુમલાઓને પાંચ દિવસ માટે મુલતવી રાખવાનો નિર્દેશ આપ્યો છે, અને યુદ્ધવિરામ વાટાઘાટોનો સંકેત આપ્યો છે. તેમના આ વિધાનને આધારે વિશ્વભરના શેરબજારોમાં સુધારો જોવા મળ્યો હતો. જોકે, ઇઝરાયલે હજુ સીઝફાયરનો સંકેત આપ્યો નથી, પરંતુ ઇરાનના નેતા મોઝતબાએ સીઝફાયરની તૈયારી બતાવી હોવાના અહેવાલોને કારણે સેન્ટિમેન્ટમાં આશાવાદ જોવા મળ્યો છે.

સેન્સેકસના મુખ્ય વધનારા શેરોમાં લાર્સન એન્ડ ટુબ્રો, ઇન્ટરગ્લોબ એવિએશન, એશિયન પેઇન્ટ્સ, બજાજ ફાઇનાન્સ અને અલ્ટ્રાટેક સિમેન્ટનો સમાવેશ હતો, જ્યારે પાવર ગ્રીડ અને સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા એકમાત્ર એવા શેર હતા જે ઘટીને બંધ થયા હતા. હોસ્પિટલ ચેઇન મનીપાલ હેલ્થ એન્ટરપ્રાઇસે સેબી પાસે ડીઆરએચપી જમા કરાવ્યું છે.

ઇન્ડિયન બેન્કે ઇન્ફ્રા બોન્ડ મારફત રૂ. ૫૦૦૦ કરોડ એકત્ર કર્યા છે. ક્રૂડ ઓઇલના ભાવ ઘટાવાની શક્યતા વચ્ચે એશિયન પેઇન્ટના શેરમાં ચાર ટકા વધારો જોવા મળ્યો હતો. જાપાન ઇન્ટરનેશનલ કોર્પોરેશને મુંબઇ મેટ્રોલાઇન ૧૧ પ્રોજેક્ટ માટે ૯૨,૪૦૦ મિલિયન જાપાનીઝ યેનની ઓડીએ લોન મુક્ત કરી છે. યુરો પ્રતિક સેલ્સ લિમિટેડે ચાર મહિનામાં બીજા એક્વિઝિશન અંતર્ગત રૂ. ૩૩.૨ કરોડમાં ચાવલા બ્રધર્સનો ૫૧ ટકા હિસ્સો હસ્તગત કર્યો છે.

ડોનલ્ડ ટ્રમ્પ દ્વારા જાહેરાત કરવામાં આવી હતી કે યુનાઇટેડ સ્ટેટ્સ ઇરાની ઉર્જા સુવિધાઓ પરના હુમલા અસ્થાયી રૂપે સ્થગિત કરશે અને વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ સ્ટ્રેટ ઓફ હોર્મુઝને ફરીથી ખોલવાની સમયમર્યાદા પાંચ દિવસ લંબાવશે, ત્યારબાદ તેજી આવી હતી. બજારના નિષ્ણાતોએ ભૂ-રાજકીય ચિંતાઓને હળવી કરવાને કારણે આ સુધારો થયો છે. વિશ્લેષકોએ નોંધ્યું હતું કે યુએસ અને ઇરાન વચ્ચેના તણાવમાં ઘટાડો થવાના પ્રારંભિક સંકેતોએ પાછલા સત્રમાં થયેલા તીવ્ર નુકસાન પછી રોકાણકારોનો વિશ્વાસ પુનઃસ્થાપિત કરવામાં મદદ કરી હતી.

જોકે, તેમણે ચેતવણી આપી હતી કે આવા ઉછાળા સતત ઉપર તરફના વલણને બદલે શોર્ટ કવરિંગ અને સોદાબાજી ખરીદીને પ્રતિબિંબિત કરી શકે છે. રોકાણકારો ઘણીવાર બજારના કરેક્શનને વધુ આકર્ષક મૂલ્યાંકન પર મૂળભૂત રીતે મજબૂત શેરો એકઠા કરવાની તક તરીકે ઉપયોગ કરે છે. એશિયન બજારો પણ ઊંચા મથાળે બંધ થયા હતા, દક્ષિણ કોરિયા, જાપાન, ચીન અને હોંગકોંગના મુખ્ય સૂચકાંકો વધારો નોંધાવતા હતા. તેનાથી વિપરીત, યુરોપિયન બજારો મોટાભાગે નીચા વેપાર કરી રહ્યા હતા, જ્યારે સોમવારે યુએસ બજારો હકારાત્મક ક્ષેત્રમાં બંધ થયા હતા.

રીલીફ રેલી છતાં, નિષ્ણાતોએ ચેતવણી આપી હતી કે ખાસ કરીને ક્રૂડ ઓઇલ માટે મહત્વપૂર્ણ ગ્લોબલ શિપિંગ માર્ગ, હોર્મુઝ સ્ટ્રેટની આસપાસ અનિશ્ચિતતા યથાવત છે. ગ્લોબલ ક્રૂડના ભાવમાં પણ વધારો થયો હોવાથી રોકાણકારોમાં સાવચેતીનું માનસ ફરી જાગ્યું હતું. બ્રેન્ટ ક્રૂડ પ્રતિ બેરલ આશરે ૧૦૧.૯ ડોલર બોલાયું હતું. ભૌગોલિક રાજકીય તણાવ વચ્ચે બંને સૂચકાંકોમાં નોંધપાત્ર નુકસાન નોંધાયા પછી એક દિવસ પછી આ સુધારો આવ્યો છે. વિદેશી સંસ્થાકીય રોકાણકારો સોમવારે રૂ. ૧૦,૪૦૦ કરોડથી વધુ મૂલ્યના ઇક્વિટી વેચીને ચોખ્ખા વેચાણકર્તા રહ્યા, જ્યારે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોએ રૂ. ૧૨,૦૦૦ કરોડથી વધુ મૂલ્યના શેર ખરીદીને ટેકો પૂરો પાડ્યો હતો.

વિદેશી ફંડોએ ૨૦૨૬માં એક લાખ કરોડથી વધુ શેરોની વેચવાલી કરી નાંખી છે. માર્ચ મહિનામાં અત્યાર સુધીમાં વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો (એફપીઆઇ)એ ભારતીય ઇક્વિટીમાંથી ૮૮,૧૮૦ કરોડ રૂપિયા (લગભગ ૯.૬ બિલિયન ડોલર) પાછા ખેંચી લીધા છે. એનએસડીએલના ડેટા અનુસાર, આ મહિને ૨૦ માર્ચ સુધી દરેક ટ્રેડિંગ દિવસે વિદેશી ફંડો ચોખ્ખા વેચનાર રહ્યા છે, જોકે, આઉટફ્લો હજુ પણ ઓક્ટોબર ૨૦૨૪માં જોવા મળેલા રેકોર્ડ રૂ. ૯૪,૦૧૭ કરોડના ઉપાડથી થોડો નીચે છે. ૨૦૨૬માં કુલ એફપીઆઇ આઉટફ્લો રૂ. એક લાખ કરોડના આંકને વટાવી દીધો છે.

આ તરફ ઈક્વિટી માર્કેટમાં પણ બોલાઈ ગયેલા કડાકાનો લાભ લઈ સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (ડીઆઈઆઈ)એ નીચા વેલ્યુએશને ૧૨ ટ્રેડિંગ સેશનમાં રૂપિયા એક લાખ કરોડની ઈક્વિટીની ખરીદી કરી છે. વર્તમાન કેલેન્ડર વર્ષમાં ઘરેલું સંસ્થાકીય રોકાણકારોએ વીસમી માર્ચ સુધીમાં કેશમાં રૂ. ૨.૦૩ લાખ કરોડની ખરીદી કરી છે. સેન્સેક્સ સમાવિષ્ટ સ્ક્રિપ્સમાં માત્ર પાવર ગ્રીડ ૦.૮૧ ટકા અને સ્ટેટ બેન્ક ૦.૦૯ ટકા ઘટ્યા હતા, જ્યારે મુખ્યત્વે લાર્સન ૫.૧૯ ટકા, ઈન્ડિગો ૫.૧૮ ટકા, ઈટર્નલ ૪.૮૫ ટકા, બજાજ ફાઈનાન્સ ૪.૬૯ ટકા, એશિયન પેઈન્ટ ૪.૫૪ ટકા, અલ્ટ્રાટેક સિમેન્ટ ૪.૧૫ ટકા, ટેક મહિન્દ્ર ૩.૪૮ ટકા, અદાણી પોર્ટ્સ ૩.૧૧ ટકા, કોટક બેન્ક ૩.૦૯ ટકા, એચડીએફસી બેન્ક ૨.૮૮ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૨.૫૭ ટકા અને આઈસીઆઈસીઆઈ બેન્ક ૨.૩૮ ટકા વધ્યા હતા.

શેરબજારમાં લાંબા સમય બાદ આવેલા સુધારામાં બ્રોડ બેઝ્ડ સહિત બધા ઈન્ડેક્સ વધ્યા હતા, ખાસ કરીને સર્વિસીસ અને ઈન્ડસ્ટ્રિયલ્સ શેરો સૌથી અધિક વધ્યા હતા અને એક્સચેન્જના માર્કેટ કેપમાં રૂ.૭.૫૭ લાખ કરોડનો વધારો થયો હતો.

મંગળવારે બીએસઈ સેન્સેક્સ સોમવારના ૭૨,૬૯૬.૩૯ના બંધથી ૧૩૭૨.૦૬ પોઈન્ટ્સ અથવા ૧.૮૯ ટકા વધ્યો હતો. સેન્સેક્સ ૭૪,૨૧૨.૪૭ ખૂલી નીચામાં ૭૩,૦૮૪.૪૬ સુધી અને ઊંચામાં ૭૪,૪૮૯.૩૯ સુધી જઈ ૭૪,૦૬૮.૪૫ બંધ રહ્યો હતો. સેન્સેક્સની ૩૦ સ્ક્રિપમાંથી ૨૮ સ્ક્રિપ વધી હતી અને ૨ સ્ક્રિપ ઘટી હતી. માર્કેટ કેપિટલાઈઝેશન રૂ.૪૧૫.૨૧ લાખ કરોડથી રૂ.૭.૫૭ લાખ કરોડ વધીને રૂ.૪૨૨.૭૮ લાખ કરોડ રહ્યું હતું.

બધા સેક્ટરલ ઈન્ડેક્સ વધ્યા હતા, જેમાં મુખ્યત્વે બીએસઈ સર્વિસિસ ૩.૪૬ ટકા, મિડસ્મોલ પ્રાઈવેટ બેન્ક્સ ક્વોલિટી ટિલ્ટ ૨.૯૯ ટકા, ઇન્ડસ્ટ્રીયલ્સ ૨.૯૮ ટકા, પ્રાઈવેટ બેન્ક્સ ઇન્ડેક્સ ૨.૬૩ ટકા, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ ૨.૪૬ ટકા, બેન્કેક્સ ૨.૪૦ ટકા, કંઝ્યુમર ડિસ્ક્રેશનરી ૨.૩૯ ટકા, ટોપ ૧૦ બેન્ક્સ ૨.૩૭ ટકા, ફાઇનાન્શિયલ સર્વિસિસ ૨.૩૪ ટકા, ઓટો ૨.૩૦ ટકા, કોમોડિટીઝ ૨.૧૯ ટકા, ટેલિકોમ્યુનિકેશન ૧.૯૪ ટકા, કેપિટલ ગુડ્સ ૧.૯૦ ટકા, હોસ્પિટલ્સ ૧.૮૯ ટકા, પીએસયુ બેન્ક ૧.૮૩ ટકા અને ફોકસ્ડ આઈટી ૧.૭૫ ટકા વધ્યા હતા.

# ખાંડમાં નરમાઈ

નવી મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે ટેન્ડરોમાં વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. પાંચના સુધારા સાથે રૂ. ૩૬૮૦થી ૩૭૨૦માં થયાના અહેવાલ છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં રિટેલ સ્તરની ખપપૂરતી માગ અને અમુક માલની ગુણવત્તા પણ નબળી આવી હોવાથી હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચારનો અને મિડિયમ ગ્રેડની ખાંડમાં ઉપલા મથાળેથી રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો, જ્યારે નાકા ડિલિવરી ધોરણે માગ અનુસાર સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો.

## PUBLIC NOTICE પબ્લિક નોટીસ

### जाहीर नोटीस

सर्व लोकांस या जाहीर नोटीशीने माझे अशील श्री. भैरूलाल नंदलाल सिंघवी, रा. २१७, अंबालाल भवन, एन.एम. जोशी मार्ग, मुंबई व श्री. मांगीलाल जगरूपजी जैन, रा. १२०४, इंदर टॉवर, काकासाहेब गाडगीळ मार्ग, दादर (पश्चिम), मुंबई यांनी दिलेल्या माहिती वरून व सांगितले वरून त्यांचे तर्फे कळविण्यात येते ते खालील प्रमाणे -

०१) मौजे चिर्ले, ता.उरण, जि. रायगड येथील खालील वर्णनाच्या मिळकती.

| मौजे | सर्व्हे नं. | हिस्सा नं. | क्षेत्र हे.आर. | आकार रू.पै. |
|---|---|---|---|---|
| चिर्ले | ५८ | १ | ०.०३.७ | ०.१६ |
| चिर्ले | ५५ | ३अ | ०.८७.६ | १३.८० |
| चिर्ले | ५५ | १ | ०.१३.७ | १.३७ |
| चिर्ले | ५१ | ८ | ०.०१.३ | ००.०३ |

येणे प्रमाणे वर्णनाची मिळकत या जाहीर नोटीशीचा विषय आहे.

०२) श्री. रमेश एच. कानकिया, सौ. कल्पना रमेश कानकिया व श्री कृपाल रमेश कानकिया, सर्व मु. ६२, स्वस्तिक सोसायटी, कनकिया भवन, १ ला मजला, एन.एल. रोड नं. ४, जुहु स्किम, विलेपार्ले, जे.व्ही.पी.डी., मुंबई ५६ हे सदरहू मिळकतीचे मालक असुन श्री. रमेश एच. कानकिया, वगैरे यांनी सदरहु मिळकत माझे अशील यांस दिनांक २२.०६.२००५ रोजीचे साठेकराराने खरेदी देण्याचे मान्य केले आहे. या संदर्भात माझे अशील यांनी पनवेल न्यायालयात स्पेशल मुकदमा क. ४२६/२००७ दाखल केला होता. त्या दाव्याचे कामी माझे अशील यांचे लाभात निर्णय होवुन श्री. रमेश एच. कानकिया, वगैरे यांनी सदरहु मिळकती बाबत माझे अशील यांचे नावे खरेदीखत लिहुन द्यावे, असे निर्देश श्री. रमेश एच. कानकिया, वगैरे यांना देण्यात आले आहेत.

०३) तसेच श्री. रमेश एच. कानकिया, वगैरे यांनी मिळकतीत त्रयस्त व्यक्तींचे हक्क हितसंबंध निर्माण करू नये, असे निर्देश मा. दिवाणी न्यायालयाने दिले आहेत. मात्र, श्री. रमेश एच. कानकिया,

सौ. कल्पना रमेश कानकिया व श्री. कृपाल रमेश कानकिया, सर्व मु. ६२, स्वस्तिक सोसायटी, कनकिया भवन, १ ला मजला, एन.एल.रोड नं. ४, जुहु स्किम, विलेपार्ले, जे.व्ही.पी.डी., मुंबई - ५६ यांनी सदरहु मिळकती मध्ये फेरबदल करण्याचे व त्यामध्ये त्रयस्थांचा हक्क हितसंबंध निर्माण करण्याचा प्रयत्न चालविला आहे.

तरी, या जाहीर नोटीशीने सर्व लोकांना / जनतेस कळविण्यात येते की, श्री. रमेश एच. कानकिया, सौ. कल्पना रमेश कानकिया व श्री. कृपाल रमेश कानकिया, सर्व मु. ६२, स्वस्तिक सोसायटी, कनकिया भवन, १ ला मजला, एन.एल. रोड नं. ४, जुहु स्किम, विलेपार्ले, जे.व्ही.पी.डी., मुंबई ४०० ०५६ यांचेशी वर कलम १ मध्ये नमुद केलेल्या संदर्भीत मिळकती बाबत कोणत्याही प्रकारचा व्यवहार करू नये. त्यास माझे अशील यांची सक्त हरकत आहे. याउपरही कोणीही बेकायदेशीरपणे व्यवहारा केल्यास तो माझे अशील यांजवर बंधनकारक राहणार नाही. तसेच असा व्यवहार मा. न्यायालयाचे आदेशाचा अवमान करणारा असेल, याची नोंद घ्यावी. कळावे.

**अलिबाग**
**तारीख : २३.०३.२०२६**

**ॲड. सुयोग यशवंत बारटके**
ऑफिस मु. बी/२०२, कुबेरआक्षे, मारूती नाका, अलिबाग, ता.अलिबाग, जि. रायगड, ४०२२०१

# ચાંદીમાં ₹ ૫૨૮૫નું અને સોનામાં ₹ ૮૫૧નું બાઉન્સબૅક

મુંબઈ: અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ગઈકાલે ઈરાનના અગ્રણી નેતાઓ સાથે વાટાઘાટો થઈ રહી હોવાનું જણાવવાની સાથે ઈરાનનાં પાવર એકમો પર હુમલો કરવાનું પાંચ દિવસ મુલતવી રાખ્યું હોવાનું જણાવતાં ગઈકાલે યુદ્ધ શાંત પડવાના આશાવાદે મોડી સાંજે ક્રૂડતેલના ભાવમાં ઘટાડાતરફી વલણ જોવા મળ્યું હતું, પરંતુ ઈરાને ટ્રમ્પના આ દાવાને નકારી કાઢતા આજે લંડન ખાતે સોના અને ચાંદીના ભાવમાં ધીમો સુધારો આવ્યો હોવાના નિર્દેશો સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ ઘટ્યા મથાળેથી સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૮૪૮થી ૮૫૧નો અને ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૫૨૮૫નું બાઉન્સબૅક જોવા મળ્યું હતું. આજે સ્થાનિકમાં ૯૯૯ ટચ ચાંદીમાં વિશ્વ બજાર પાછળ વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૫૨૮૫ના ચમકારા સાથે રૂ. ૨,૨૪,૫૪૫ના મથાળે રહ્યા હતા. જોકે, અનિશ્ચિતતાના માહોલમાં ઔદ્યોગિક વપરાશકારોની છૂટીછવાઈ ખપપૂરતી માગ રહી હતી, પરંતુ જ્વેલરી ઉત્પાદકોની માગ નિરસ રહી હતી. તે જ પ્રમાણે હાજરમાં વેરારહિત ધોરણે ૧૦ ગ્રામદીઠ ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૮૪૮ વધીને રૂ. ૧,૩૯,૮૫૮ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૮૫૧ વધીને રૂ. ૧,૪૦,૪૨૦ના મથાળે રહ્યા હતા. સોનામાં પણ સ્ટોકિસ્ટો અને રોકાણકારોની છૂટીછવાઈ માગને બાદ કરતાં જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ પાંખી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૧ ટકાના સાધારણ સુધારા સાથે ઔંસદીઠ ૪૪૧૧.૨૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ન્યૂ યોર્ક ખાતે એક તબક્કે ભાવ ઘટીને ગત ૨૪ નવેમ્બર પછીની નીચી ઔંસદીઠ ૪૦૯૭.૯૯ ડૉલરની સપાટી સુધી પહોંચ્યા હતા. વધુમાં આજે એપ્રિલ ડિલિવરી વાયદામાં ભાવ ૦.૧ ટકા વધીને ઔંસદીઠ ૪૪૧૨.૭૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૦.૯ ટકા વધીને ઔંસદીઠ ૬૯.૭૭ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. એકંદરે વૈશ્વિક બજારમાં ક્રૂડતેલના ભાવમાં સાધારણ ઘટાડો આવ્યો હોવાથી વ્યાજદરમાં વધારાની શક્યતા થોડી મંદ પડી હોવા છતાં રોકાણકારોએ થોભો અને રાહ જૂએની નીતિ અપનાવતા સોનાના ભાવમાં અમુક અંશે સ્થિરતા જોવા મળી હોવાનું યુબીએએસના વિશ્લેષકે જણાવ્યું હતું.

ગઈકાલે અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પે ઈરાનના નેતાઓ સાથે યુદ્ધ વિરામ માટે વાટાઘાટ થઈ રહી છે અને પાવર એકમો પર હુમલાઓ કરવાનું પાંચ દિવસ મુલતવી રાખવામાં આવ્યું હોવાનું જણાવતાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ૧૩ ટકાનો કડાકો બોલાઈ ગયો હતો. જોકે, ઈરાને ટ્રમ્પના આ દાવાને નકારી કાઢતાં પુનઃ ક્રૂડતેલના ભાવમાં ઘટ્યા મથાળેથી સુધારો આવ્યો હતો.

વધુમાં ગઈકાલે સાન ફ્રાન્સિસ્કો ફેડનાં પ્રમુખ મેરી ડેલેએ જણાવ્યું હતું કે જ્યાં સુધી ઈરાનનો વિવાદ ઉકેલાય નહીં અને કામચલાઉ ધોરણે આવેલા ક્રૂડતેલના વધારાની અસર અંગે ફેડરલ રિઝર્વ આકારણી કરે ન કરે ત્યાં સુધી ફેડરલ રિઝર્વની આગામી નાણાનીતિમાં અસ્પષ્ટતા જળવાયેલી રહેશે. જોકે, ઘણાં વિશ્લેષકોનું માનવું છે કે લાંબા સમયગાળાના પરિબળો સોનામાં સુધારાને ટેકો આપી રહ્યા છે.

# ક્રૂડતેલના ઊંચા ભાવ: ડૉલર સામે રૂપિયો ૨૩ પૈસા તૂટીને નવા તળિયે

મુંબઈ: વૈશ્વિક સ્તરે ક્રૂડતેલના ભાવમાં તેજીનું વલણ, ડૉલર ઈન્ડેક્સમાં મજબૂતાઈ અને સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની અવિરત વેચવાલીને કારણે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો સતત દબાણ હેઠળ આવી રહ્યો છે. આજે પણ સત્ર દરમિયાન ડૉલર સામે રૂપિયો એક તબક્કે ૩૭ પૈસા ગબડી ગયા બાદ અંતે ગઈકાલના બંધ સામે વધુ ૨૩ પૈસાના ઘટાડા સાથે ૯૩.૭૬ના નવાં તળિયે બંધ રહ્યો હતો. આજે ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૩.૫૩ના બંધ સામે ૧૩ પૈસાના ઘટાડા સાથે ૯૩.૬૬ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન ભારે ચંચળતા રહેતાં નીચામાં ૯૩.૯૦ અને ઉપરમાં ૯૩.૬૬ની રેન્જમાં અથડાઈને અંતે ૨૩ પૈસાના ઘટાડા સાથે ૯૩.૭૬ના મથાળે બંધ રહ્યો હતો.


BRIHANMUMBAI MAHANAGARPALIKA

નં. ડે. ચી.એ./O&M/eT-૫૮/SWD તા. ૨૪/૦૩/૨૬

| ઈ-ટેન્ડર નોટીસ | |
|---|---|
| ડીપાર્ટમેન્ટ | ચીફ એન્જીનીયર (SWD) |
| સબ-ડીપાર્ટમેન્ટ | ડેપ્યુટી ચીફ એન્જીનીયર (O&M) (SWD) |
| વિષય | eT-૫૮:- ડે. ચી. એ. (O&M) SWD ના સેકસન હેઠળ સ્ટોર્મ વોટર પ્રવેશો અને HWD મેનહોલ્સની સફાઈ માટે રીસાયકલીંગ મશીનો (૨ નં.) સાથે વ્હીકલ માઉન્ટેડ સકસન કમ જેટીંગના કોમ્પ્રીહેન્સીવ સંચાલન અને જાળવણીની સેવાઓ પૂરી પાડવી<br>ટેન્ડર I.D. : ૨૦૨૬_MCGM_૧૨૮૮૪૯૬_૧ |
| ઈ-ટેન્ડર વેચાણ | તારીખ: ૨૫.૩.૨૦૨૬ સમય: ૧૧.૦૦ ક.થી |
| પાકતી તારીખ | તારીખ: ૬.૪.૨૦૨૬ સમય: ૧૬.૦૦ ક. સુધી |
| વેબસાઈટ | http://mahatender.gov.in |

સહી/-
એકઝી. એન્જી. (O&M) મીકે. SWD

PRO/3380/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.


## પબ્લિક નોટીસ

આથી ખબર આપવામાં આવે છે કે અમારા અસીલે તમામ બોજાઓથી મુક્તપણે, ખાલી અને શાંતિદાયક કબજા સાથે, સ્પષ્ટ અને માર્કેટેબલ ટાઈટલ સાથે અહીં નીચે લખેલ પરિશિષ્ટમાં વધુ વિગતવાર વર્ણવેલ ઓફિસ પ્રીમાઈસીસ ("સદર પ્રીમાઈસીસ")ની ખરીદી માટે, ૨૦૨૪ની ટેસ્ટામેન્ટરી પીટીશન નં. ૫૫૦૯માં ૮-૧-૨૦૨૬ના મુંબઈ ખાતે માનનીય વડી અદાલત દ્વારા મંજૂર કરાયેલ લેટર ઓફ એડમીનીસ્ટ્રેશન હેઠળ એપોઈન્ટેડ સ્વ.શ્રી અઝિઝ કાસમઅલી જગમગીયાની એસ્ટેટમાં સોલ એડમીનીસ્ટ્રેટર તરીકે તેણીની ક્ષમતામાં, મુઝાસ્સમાં બંગલો, ૨૧૨, D/B, સી સ્પ્રીંગ બિલ્ડીંગની બાજુમાં, H.K. ભાભા રોડ, બેન્ડ સ્ટેન્ડ, બાન્દ્રા (પ), મુંબઈ-૫૦ ખાતે રહેનાર **શ્રીમતી હબીબા જમાલુદ્દીન મસાલાવાલા** ("એડમીનીસ્ટ્રેટર") જોડે વાટાઘાટો કરેલ છે.

એડમીનીસ્ટ્રેટરે અમારા અસીલને જાણ કરી છે કે શ્રી અઝિઝ કાસમઅલી જગમગીયા ("સદર અઝિઝ જગમગીયા"), તેમના જીવનકાળ દરમ્યાન, સદર પ્રીમાઈસીસના એકમાત્ર (સોલ) ઓનર હતા અને કોઈપણ વીલ કર્યા વિના થાણામાં ૧૮-૫-૨૦૨૪ના અવસાન પામેલ અને કે સદર અઝિઝ જગમગીયા અપરિણીત હોવાથી, લાગુ પડતા વ્યક્તિગત કાયદા મુજબ તેમના માત્ર વારસદારો તરીકે તેમના ભાઈ-બહેનો/ પ્રીડિસીઝ્ડ ભાઈ-બહેનોના વારસદારો દ્વારા હયાત હતા, તેઓ બધાએ અમારા અસીલને સદર પ્રીમાઈસીસના ઈન્ટેન્ડેડ વેચાણ માટે સંમતિ, મંજૂરી આપી છે.

કોઈપણ શખ્સ જે સદર પ્રિમાઈસિસ કે તેના કોઈપણની બાબતમાં વેચાણ, અદલાબદલી, ગીરો (ઈકવીટેબલ કે બીજી રીતે), ભેટ, ટ્રસ્ટ, વારસો, કુટુંબ વ્યવસ્થા, પતાવટ ભાગીદારી, જાળવણી, બિકવેસ્ટ, કબજો, લિઝ, સબ-લીઝ, રાઈટ ઓફ પ્રિસ્ક્રીપ્શન કે પ્રી- એમ્પશન, ટેનાન્સી, લાયસન્સ, લિઅન, ચાર્જ, પ્રી-એમ્પશન હક્કો, પ્લેજ, ગેરંટી, ઈઝમેન્ટ, લોન્સ, એડવાન્સીઝ, લીસ-પેન્ડન્સ, ઈંજંકશન કે કોઈપણ અન્ય જપ્તી કે કાયદાની કોઈપણ કોર્ટ દ્વારા પસાર કરાયેલ કોઈપણ ડીક્રી કે એવોર્ડ હેઠળ, ટ્રીબ્યુનલ, રેવન્યુ કે સ્ટેચ્યુટરી ઓથોરીટી કે આર્બીટ્રેશન કે બીજી કોઈ રીતે કોઈપણ દાવો, હક્ક, ટાઈટલ, એસ્ટેટ, હિસ્સો કે હિત ધરાવતા હોય તો આથી વિનંતી કે સદરની જાણ લેખિતમાં અમોને સહાયક દસ્તાવેજી પુરાવા સાથે અહીં નીચે દર્શાવેલ સરનામે આ તારીખથી ૧૪ દિવસમાં કરે, જેના નિષ્ફળ જવા પર, આવા કોઈપણ દાવા કે હિતને ધ્યાનમાં લીધા વિના વેચાણ પૂર્ણ કરાશે અને આવા શખ્સોના દાવા કે દાવાઓ, જો કોઈ હોય, તો ત્યજી દીધેલ અને/કે છોડી દીધેલ તરીકે ગણાશે અને કોઈપણ રીતમાં બંધનકર્તા રહેશે નહીં અને અમારા અસિલો કોઈપણ દાવાને ધ્યાનમાં લીધા વિના લેવડદેવડ સાથે આગળની કાર્યવાહી કરશે.

ઉપર ઉલ્લેખેલ પરિશિષ્ટ:
("સદર પ્રિમાઇસિસ")

ફ્રી પ્રેસ જર્નલ માર્ગ, નરીમાન પોઈન્ટ, મુંબઈ-૨૧ ખાતે આવેલ ફોર્ટ ડીવીઝનના સી.એસ. નં. ૧૯૫૯ ધરાવતા પ્લોટ નં. ૨૧૩, બ્લોક III બેકબે રેકલેમેશન સ્કીમ પર ઊભેલા, "રાહેજા ચેમ્બર્સ" તરીકે જાણીતા બિલ્ડીંગમાં ૫ મા માળે ભરતમાં ૧૦૩૦ ચો. ફુટ (એટલે કે ૯૫.૬૯ ચો.મી.) બીલ્ટઅપ એરીયાની ઓફિસ નં. ૫૧૦ તથા રાહેજા ચેમ્બર્સ પ્રીમાઈસીસ કો-ઓપ. સો.લી. દ્વારા અપાયેલ તા. ૧-૧૦-૧૯૮૩ના શેર સર્ટિ. નં. ૪૪માં સમાવિષ્ટ વિશિષ્ટ નં. ૧૯૬થી ૨૦૦ (બંને સહિત) ધરાવતા દરેક રૂા. ૫૦/-ના તે તમામ ૫ ફુલ્લી પેઈડ-અપ શેર્સ.

આજ તારીખ ૨૫મી માર્ચ, ૨૦૨૬.

LAW POINT
ADVOCATES & SOLICITORS
૩૦૧, વૈભવ ચેમ્બર્સ, ૩જો માળ, જગત વિદ્યા માર્ગ, BKC મેટ્રો સ્ટેશન (A૩ એક્ઝિટ) પાસે, બાંદ્રા-કુર્લા કોમ્પ્લેક્સ, બાંદ્રા (પૂર્વ), મુંબઈ-૪૦૦૦૫૧.
ઈમેલ: response@lawpointindia.com

## જાહેર સૂચના

આ દ્વારા જાહેર જનતાને સૂચના આપવામાં આવે છે કે એક બાજુએ કંપનીઓ/એકમો જેમ કે. ૧) અમ્બર હોલ્ડિંગ પ્રા. લિ., ૨) એન્કર અર્થ એલએલપી, ૩) વ્હાઇટ ઓક લાઇટિંગ એલએલપી (અગાઉ એન્કર લાઇટિંગ એલએલપી તરીકે ઓળખાતી), ૪) અરિયાના બિલ્ડર્સ પ્રા. લિ., ૫) અરિયાના સોફ્ટેક પ્રા. લિ., ૬) એરીંગ સ્ટીલ પ્રા. લિ., ૭) અતુલ ટ્રેડિંગ એન્ડ ફાઇનાન્શિયલ સર્વિસીસ પ્રા. લિ., ૮) અવંતિ હેલ્થ કેર પ્રા. લિ., ૯) બરિન્દ્ર ઓવરસીઝ પ્રા. લિ., ૧૦) ચીયર્સ લીડર્સ બિલ્ડર્સ પ્રા. લિ., ૧૧) ચિરંજીવી સ્ટીલ પ્રા. લિ., ૧૨) દામિની ટેક્સટાઇલ્સ પ્રા. લિ., ૧૩) ધનિસ્તા એક્સપોર્ટ્સ પ્રા. લિ., ૧૪) ડુપોન્ટ ટ્રેડિંગ એન્ડ ઇન્વેસ્ટમેન્ટ એલએલપી, ૧૫) એતાહ માઇન્સ પ્રા. લિ., ૧૬) યુરેકા અર્થ ડેવલપર્સ પ્રા. લિ., ૧૭) યુરેકા સ્ટીલ પ્રોડક્ટ્સ પ્રા. લિ., ૧૮) ગીના એલ્યુમિનિયમ પ્રા. લિ., ૧૯) હનિમા એક્સપોર્ટ્સ પ્રા. લિ., ૨૦) હનિમા ઇન્વેસ્ટમેન્ટ્સ પ્રા. લિ., ૨૧) હંસિકા કન્સલ્ટન્ટ્સ પ્રા. લિ., ૨૨) હાઇવે ફાઇનાન્સ એન્ડ હોલ્ડિંગ (બોમ્બે) પ્રા. લિ., ૨૩) હ્યુજીસ સોફ્ટેક પ્રા. લિ., ૨૪) ઇન્દ્રજીત એક્સપોર્ટ્સ પ્રા. લિ., ૨૫) જલજા સ્ટોક ટ્રેડ પ્રા. લિ., ૨૬) જોન ઓક રેમેડીઝ પ્રા. લિ., ૨૭) કરણ ઇલેક્ટ્રોનિક્સ એન્ડ ઇલેક્ટ્રિકલ્સ પ્રા. લિ., ૨૮) કેન્ટ પ્રોજેક્ટ્સ પ્રા. લિ., ૨૯) કુણાલ વાયર્સ પ્રા. લિ., ૩૦) ક્યોરી મેટલ્સ પ્રા. લિ., ૩૧) લક્ષ્મી ઇલેક્ટ્રોપ્લાસ્ટ એલએલપી, ૩૨) મહાશ્વેતા ફિનલીઝ પ્રા. લિ., ૩૩) મૈત્રી ઇમ્પેક્સ પ્રા. લિ., ૩૪) નારોઇસ ઓઇલ્સ પ્રા. લિ., ૩૫) નિયોલી સ્ટીલ્સ પ્રા. લિ., ૩૬) નાઇન એક્સ રિયલ એસ્ટેટ પ્રા. લિ., ૩૭) પટાર્મિગન ઇલેક્ટ્રોનિક્સ પ્રા. લિ., ૩૮) પ્રણય ટેલિ સિસ્ટમ્સ પ્રા. લિ., ૩૯) પૂર્ણિમા ફિલ્મ્સ પ્રા. લિ., ૪૦) ક્વાયટ એગ્રો ફાર્મ્સ પ્રા. લિ., ૪૧) રક્ષા એક્વા ફાર્મ્સ પ્રા. લિ., ૪૨) રોમા ઇલેક્ટ્રિકલ્સ પ્રા. લિ., ૪૩) શાહ કન્સ્ટ્રક્શન કંપની લિ., ૪૪) સ્પેન્ટા ઇન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ ડેવલપમેન્ટ પ્રા. લિ., ૪૫) સ્પેન્ટા રિયલ્ટી પ્રા. લિ., ૪૬) સુગમ પ્લાન્ટેશન્સ પ્રા. લિ., ૪૭) ટેન્ડ્રિલ કેમિકલ્સ પ્રા. લિ. અને ૪૮) થર્ડવેવ કન્સ્ટ્રક્શન્સ પ્રા. લિ., ૪૯) મે. માણેક લોજ પ્રોપર્ટીઝ (AOP), ૫૦) એપેક્સ અને અતુલ એન્ટરપ્રાઇઝ (ફેમિલી ટ્રસ્ટ) અને ૫૧) ENICAR એન્ટરપ્રાઇઝ (ફેમિલી ટ્રસ્ટ) અને ૫૨) કલ્પના લાઇફસ્પેસિસ લિમિટેડ (અગાઉ કલ્પના લેમ્પ્સ એન્ડ કમ્પોનન્ટ્સ લિમિટેડ તરીકે ઓળખાતી હતી) શાહ પરિવાર દ્વારા માલિકી અને સંચાલન કરવામાં આવે છે જેમાં સ્વર્ગસ્થ દામજી લાલજી શાહ અને તેમના કાનૂની વારસદારો એટલે કે અનુક્રમે તેમના પત્ની, પુત્રો, પુત્રવધૂઓ એટલે કે શ્રીમતી શાંતાબેન ડી. શાહ, શ્રી અતુલ દામજી શાહ, શ્રી સંજય દામજી શાહ, શ્રીમતી ઉષા અતુલ શાહ, શ્રીમતી હીના સંજય શાહનો સમાવેશ થાય છે, જેઓ ઉપરોક્ત કંપનીઓ/એકમોમાં શેરધારકો અને/અથવા ડિરેક્ટરો અને/અથવા ભાગીદારો અને/અથવા સહયોગી/ઓ અને/ અથવા ટ્રસ્ટી છે, (અહીં પાછળથી સંક્ષિપ્તતા અને સુવિધા માટે DLS Group તરીકે ઉલ્લેખેલ છે) અને બીજી બાજુએ જાદવજી એલ. શાહ અને તેમના કાયદેસરના વારસદારો એટલે કે તેમની પત્ની, પુત્રો અને પુત્રવધૂઓ એટલે કે શ્રીમતી જયવંતી જાદવજી શાહ, મેહુલ જાદવજી શાહ, હેમાંગ જાદવજી શાહ, શ્રીમતી જુલી મેહુલ શાહ અને શ્રીમતી કાનન હેમાંગ શાહ, (સંક્ષિપ્તતા અને સુવિધા માટે અહીં 'JLS ગ્રુપ' તરીકે ઉલ્લેખેલ છે), જ્યારે શાહ પરિવારના ઉપરોક્ત સભ્યો ઉપરોક્ત એન્ટિટીઝ/કંપનીઓ, AOP, ફેમિલી ટ્રસ્ટમાં શેરધારકો અને/અથવા ડિરેક્ટરો અને/ અથવા ભાગીદારો અને/અથવા સહયોગીઓ અને/અથવા ટ્રસ્ટીઓ છે, ત્યારે બંને જૂથો વચ્ચે વિવાદો ચાલી રહ્યા છે અને તાજેતરમાં, એક કંપનીના સંદર્ભમાં જેમ કે: શાહ કન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ, શ્રી મેહુલ જાદવજી શાહે સદર કંપનીમાં શેરધારકો અને/અથવા ડિરેક્ટરો ધરાવતા તેમના જૂથ સાથે મિલીભગત કરીને ગેરકાયદેસર રીતે મુંબઈના અંધેરી ખાતે આવેલી સદર કંપનીની જમીન પર બાંધકામ માટે ડેવલપરની નિમણૂક કરવા આશરો લીધો છે. પરિણામે, DLS ગ્રુપના સભ્યો અને ખાસ કરીને શ્રી સંજય ડી. શાહ અને તેમના પત્ની શ્રીમતી હીનાબેન સંજય શાહે, નામદાર હાઇકોર્ટ, બોમ્બેમાં ૨૦૨૫નો કોમર્શિયલ સ્યુટ (L.) નં. 33278 હોઈ ડેરિવેટિવ દાવો દાખલ કર્યો છે, જેમાં શાહ કન્સ્ટ્રક્શન કંપનીની મિલકત/જમીનના સંદર્ભમાં સદર ગેરકાયદેસર વ્યવહારના સંદર્ભમાં યોગ્ય રાહત મેળવવાની માંગ કરવામાં આવી છે અને આ પ્રક્રિયામાં, અન્ય શેરધારકો અને/અથવા ડિરેક્ટરો જેમ કે દિનેશ કે. પોદ્દાર, શ્રીમતી શાંતાબેન ડી. શાહ, દિનેશ કે. પોદ્દાર, હેમાંગ જાદવજી શાહ અને શ્રીમતી કાનન હેમાંગ શાહ, જેઓ તેમાં પ્રતિવાદી છે, તેઓ સદર દાવામાં વાદીઓને અને તેમાં માંગવામાં આવેલી રાહતોને ટેકો આપી રહ્યા છે, કારણ કે તેઓ પણ ઉપર જણાવેલ કપટપૂર્ણ વ્યવહારના ભોગ બનેલા હોવાનો દાવો કરે છે. પરિણામે DLS ગ્રુપના સભ્યો દ્વારા તે મજબૂત અને ખરેખર શંકા કરવામાં આવે છે કે મેહુલ જે. શાહ અન્ય લોકો સાથે મિલીભગત કરીને ઉપરોક્ત સંસ્થાઓ/કંપનીઓ/AOP/ફેમિલી ટ્રસ્ટની મિલકતોના સંદર્ભમાં ગેરકાયદેસર રીતે કોઈપણ તૃતીય પક્ષનો અધિકાર બનાવી શકે છે અને/અથવા તેનો નિકાલ કરી શકે છે અને તેથી, DLS ગ્રુપ વતી હાલની જાહેર નોટિસ જારી કરવામાં આવી રહી છે કે DLS ગ્રુપના સભ્યોની ચોક્કસ અને લેખિત મંજૂરી, સંમતિ અને પરવાનગી વિના ઉપરોક્ત સંસ્થાઓ/ કંપનીઓ/AOP/ફેમિલી ટ્રસ્ટની કોઈપણ મિલકતના સંદર્ભમાં કોઈપણ રીતે વ્યવહાર ન કરવા માટે જાહેર જનતાને ચેતવણી અને હાકલ કરવામાં આવે છે. જોકે, હાલની જાહેર સૂચના આપવા છતાં, કોઈપણ વ્યક્તિ/વ્યક્તિઓ ઉપરોક્ત સંસ્થાઓ/કંપનીઓ/ AOP/ફેમિલી ટ્રસ્ટની કોઈપણ મિલકત સાથે DLS ગ્રુપના સભ્યોની લેખિત પરવાનગી મંજૂરી અને સંમતિ વિના વ્યવહાર કરવાનું નક્કી કરે છે, તો તે/તેણી/તેઓ તેમના/ તેણીના/તેઓના પોતાના ખર્ચે અને પરિણામો અંગે તેમ કરશે અને આવા કોઈપણ વ્યવહાર DLS ગ્રુપના સભ્યો પર બંધનકર્તા રહેશે નહીં.

સ્થળ: મુંબઈ
તારીખ: ૨૫/૦૩/૨૦૨૬

સહી/-
LAW JURIS
એડવોકેટ્સ અને લિગલ કંસલ્ટન્ટ્સ,
૫૦૬ આર્કેડિયા પ્રિમાઈસીસ, ૧૯૫, NCPA રોડ, નરીમન પોઇન્ટ, મુંબઈ-૪૦૦ ૦૨૧.
Email ID: lawjuris@hotmail.com/lawjuris25@gmail.com

# પ્લાસ્ટિક નિકાસ ૫૦ અબજ ડૉલર સુધી પહોંચાડવાનું લક્ષ્ય

મુંબઈ : ભારત વૈશ્વિક સોર્સિંગ હબ તરીકે ઊભરી રહ્યું છે અને નિકાસકારો માટે સરકાર દ્વારા વિવિધ સહાયકારી ઉપક્રમો અમલમાં મૂકવામાં આવી રહ્યા છે. ભારત લગભગ ૬૦ ટકા પ્લાસ્ટિકનું રિસાયક્લિંગ કરે છે. ઓલ ઈન્ડિયા પ્લાસ્ટિક્સ મેન્યુફેક્ચરર્સ એસોસિએશને પ્લાસ્ટિક ફિનિશ્ડ પ્રોડક્ટ એક્સપોર્ટને પ્રોત્સાહન આપવા માટે આયોજિત પ્રથમ બીટુબી એક્સપો પ્લાસ્ટિવર્લ્ડ ૨૦૨૬ અંતર્ગત ભારતની પ્લાસ્ટિક નિકાસ ૫૦ અબજ ડોલર સુધી પહોંચાડવાનો લક્ષ્ય જાહેર કર્યો છે.

અંદાજે બસ્સોથી વધુ આતંરરાષ્ટ્રીય બાયર્સની અપેક્ષા ધરાવતા આ પ્લટફોર્મ અંગે વાત કરતા એઇપમાના પ્રવકતાએ જણાવ્યું કે ભારતને પાંચ ટ્રિલિયન ડોલરના અર્થતંત્ર તરફ આગળ વધારવા અને જીડીપીમાં નિકાસનો હિસ્સો વધારવા માટે પ્લાસ્ટિવર્લ્ડની સક્રિયતા સાથે આગામી ત્રણ વર્ષમાં પ્લાસ્ટિક નિકાસ ૧૨.૫ અબજ ડોલરથી વધારીને ૫૦ અબજ ડોલર સુધી લઈ જવાનો લક્ષ્ય છે.

વૈશ્વિક પ્લાસ્ટિક નિકાસ બજાર અંદાજે ૮૨૫ અબજ ડોલરનું છે અને છ ટકાના દરે વૃદ્ધિ પામે છે, જ્યારે ભારતની નિકાસ હાલમાં ૧૨.૫ અબજ ડોલર છે અને ૪.૫ ટકાના દરે વધી રહી છે. યુકે, ઓસ્ટ્રેલિયા, ઓમાન અને યુરોપિયન યુનિયન સાથેના મુક્ત વેપાર કરારોને કારણે પ્લાસ્ટિક ઉત્પાદનો માટે ૯૮-૯૯ ટકા ટેરિફ લાઇન્સ ખુલ્લી થશે, જે નિકાસમાં મોટા વધારો લાવશે. પૅકેજિંગ, કૃષિ, ઓટોમોબાઇલ અને મેડિકલ ક્ષેત્રોમાં મોટી તકો ઉપલબ્ધ છે.


## પશ્ચિમ રેલવે - રાજકોટ મંડળ

### વિવિધ એન્જિનિયરિંગ કાર્યો

ઈ-ટેન્ડર સૂચના નં.: 49 of 2025-26 તારીખ: 23/03/2026

| ક્ર. સં | ટેન્ડર નં | કામનું નામ | અંદાજિત NIT કિંમત (રૂ.માં) | અર્નેસ્ટ મની (રૂ.માં) |
|---|---|---|---|---|
| 1 | DRM-RJT-2025-26-E-98 | દ્વારકા ખાતે અધિકારી રેસ્ટ હાઉસ બિલ્ડિંગ અને ટાવર વેગન શેડની મરમ્મત. | 7551865.38 | 151000.00 |
| 2 | DRM-RJT-2025-26-E-99 | અમૃત ભારત યોજના અંતર્ગત દ્વારકા બેલેન્સ વર્ક સ્ટેશનોમાં સુધાર. | 95064823.95 | 625300.00 |

ઉપરોક્ત તમામ ટેન્ડરો માટે ટેન્ડર ખોલવાની તારીખ અને સમય: 15/04/2026 @ 15.00 કલાકે કાર્યાલયનું સરનામું: ડિવિઝનલ રેલવે મેનેજર (એન્જિનિયરિંગ), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ, ગુજરાત - 360001 વેબસાઈટ: www.ireps.gov.in RJT 217

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

BRIHANMUMBAI MAHANAGARPALIKA

શિક્ષણ વિભાગ

નં. EO/VTC/૫૮૨ તારીખ: ૨૪.૦૩.૨૦૨૬

ઈ-ટેન્ડર નોટીસ -

બીડ નોટીફીકેશન નં.: ૨૦૨૬_MCGM_૧૨૮૯૬૯૫_૧

MCGMનો શિક્ષણ વિભાગ **"BMCની શાળાઓ માટે એમ્બેડેડ લર્નીંગ સીસ્ટમ અને સાઉન્ડ એમ્પ્લીફીકેશન સાથે એડવાન્સ્ડ કોમ્યુનીકેશન એમપાવરમેન્ટ યુનીટ (પોર્ટેબલ સ્પીકર સાથે માઈક્રોફોન)ની સપ્લાય"** માટે પ્રતિષ્ઠિત અને અનુભવી બીડરો પાસેથી ઈ-ટેન્ડર્સ મંગાવે છે.

| બારડી | બીડ ડાઉનલોડ કરવાની પ્રારંભ તારીખ બ. ૩ વાગ્યાથી | પ્રી-બીડ મીટીંગ સ. ૧૧.૪૫ સુધી | ઓનલાઈન બીડ સુપ્રતિની પાકતી તારીખ બ. ૩.૦૦ વાગ્યા સુધી | ટેન્ડર માન્યતા મુદત |
|---|---|---|---|---|
| રૂ. ૧૦૮૦૦૦/- | ૨૫.૦૩.૨૦૨૬ | ૦૭.૦૪.૨૦૨૬ | ૧૫.૦૪.૨૦૨૬ | ૧૮૦ દિવસ |

ટેન્ડર દસ્તાવેજમાંની તમામ અન્ય વિગતો https://mahatenders.gov.in/nicgep/app પર ઉપલબ્ધ છે. પ્રી-બીડ મીટીંગ એજ્યુકેશન ઓફીસના કાર્યાલય, કોન્ફરન્સ હોલ, ત્રિવેણી સંગમ મ્યુ. સ્કુલ બિલ્ડીંગ, મહાદેવ પાલવ માર્ગ, કરી રોડ (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૨માં યોજાશે.

સહી/- ૨૩-૩-૨૬
એજ્યુકેશન ઓફીસર
બૃહદ્ મુંબઈ મહાનગરપાલિકા

PRO/3381/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

વિવાહિત મહિલાનું અકસ્માતમાં મૃત્યુ

# માતા-પિતાની સાથે સાસુ-સસરા પણ વળતર મેળવવા પાત્રઃ હાઈ કોર્ટ

મુંબઈઃ જો કોઈ પરિણીત મહિલાનું માર્ગ અકસ્માતમાં મૃત્યુ થાય તો તેના માતા-પિતા અને સાસુ-સસરા બંનેને વળતરનો દાવો કરવાનો અને તે મેળવવાનો અધિકાર છે, એવો મહત્વપૂર્ણ નિર્ણય હાઈ કોર્ટે તાજેતરમાં આપ્યો હતો.

નાયગાંવ સ્થિત મસીલમણી ચેટ્ટિયાર અને તેમના પત્ની દ્વારા દાખલ કરવામાં આવેલી અપીલ પર નિર્ણય લેતા ન્યાયાધીશ આર. એમ. જોશીની સિંગલ બેન્ચે ઉપરોક્ત ચુકાદો આપ્યો હતો. અપીલકર્તા દંપતીએ મોટર અકસ્માત ક્લેમ ટ્રિબ્યુનલના ૧૨ માર્ચ ૨૦૨૫ના વળતર નકારવાના આદેશને હાઈ કોર્ટમાં પડકાર્યો હતો. માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામેલી તેમની પુત્રવધૂ લુઈઝાના માતા-પિતા જોન ફિલિપ રોડ્રિગ્સ અને પરપેચુઆ જોન રોડ્રિગ્સને જ ટ્રિબ્યુનલે રૂ. ૧.૧૯ કરોડનું વળતર મંજૂર કર્યું હતું. અપીલકર્તાઓએ આ બાબતે વાંધો ઉઠાવ્યો હતો.

લુઇસા પહેલી જુલાઈ, ૨૦૨૧ના રોજ તેના પતિ જોઆચિમ અને પુત્ર સાથે પુણેથી મુંબઈ જઈ રહી હતી, ત્યારે ખોપોલી નજીક એક ટ્રેલર ટ્રકે અનેક વાહનોને ટક્કર મારી હતી. આ ટક્કરમાં ચેટ્ટીયારની કાર પણ પલટી ગઈ હતી, જેમાં ત્રણેય ગંભીર રીતે ઘાયલ થયા હતા. તેમને ખોપોલીની સરકારી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, પરંતુ દાખલ થાય તે પહેલાં જ તેમને મૃત જાહેર કરવામાં આવ્યા હતા. અપીલકર્તા ચેટ્ટીયાર દંપતીની અરજી મુજબ તેઓ પણ પુત્રવધૂ

(જુઓ પાનું ૪) ▸▸

# નાશિકના 'ગોડમેન'ની ૧,૫૦૦ કરોડ રૂપિયાની સંપત્તિ

## તપાસનો વ્યાપ વધ્યો અને ૧૦૦ વીડિયો જપ્ત કર્યા

મુંબઈઃ સ્વ-ઘોષિત ધર્મગુરુ અને બળાત્કારના આરોપી અશોક ખરાત સામેના કેસોની તપાસ કરી રહેલી સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમ (એસઆઈટી) એ ૧,૫૦૦ કરોડ રૂપિયાની સંપત્તિ અને ૧૦૦ વાંધાજનક વીડિયો શોધી કાઢ્યા છે. આ ખુલાસાના કારણે તપાસનો વ્યાપ વધ્યો છે અને નાશિક પોલીસ અને આવકવેરા વિભાગને પણ તપાસ માટે જોડવામાં આવ્યા છે, એમ એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

નાશિક જિલ્લાના સિન્નર ખાતે એક મંદિર ટ્રસ્ટના વડા અને વર્ષોથી અનેક રાજકીય નેતાઓ તેમની મુલાકાત લેતા ખરાતની, ૩૫ વર્ષીય મહિલાએ તેના પર ત્રણ વર્ષ સુધી વારંવાર બળાત્કારનો આરોપ લગાવતા ૧૮ માર્ચે ધરપકડ કરવામાં આવી હતી. સાત મહિનાની ગર્ભવતી મહિલા અને બીજી એક મહિલાના ફરીથી લગ્ન કરાવવાના બહાને તેના કથિત જાતીય શોષણના સંબંધમાં તેની સામે વધુ બે કેસ નોંધાયા છે.અધિકારીએ ઉમેર્યું કે તપાસના અવકાશ અને ગંભીરતાને ધ્યાનમાં રાખીને બહુવિધ-એજન્સી તપાસ કરી રહી છે. તેમણે જણાવ્યું હતું કે વિસ્તરણનો હેતુ ડિજિટલ ફોરેન્સિક્સ અને નાણાકીય ગોટાળાઓનું અનેક સ્તરે

(જુઓ પાનું ૪) ▸▸

## 'આ'વ્યક્તિએ છેતરપિંડી કરનાર ખરાતનો પર્દાફાશ કર્યોઃ ફડણવીસે નામ જણાવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ કથિત બાબા અશોક ખરાત કેસને લઈને રાજ્યનું રાજકારણ ખૂબ ગરમાયું છે અને વિધાનસભામાં મોટો હોબાળો થયો હતો. 'આ કેસમાં કોઈને પણ 'ક્લીનચીટ' આપવામાં આવશે નહીં, કે દોષિતોને કોઈપણ સંજોગોમાં છોડવામાં આવશે નહીં,' એમ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે વિધાનસભામાં સ્પષ્ટ કર્યું હતું. વધુમાં, મંગળવારે આ સમગ્ર મામલે ગૃહમાં

(જુઓ પાનું ૪) ▸▸




# સાતારા એસપીને સસ્પેન્ડ કરવાના નીલમ ગોર્હેના આદેશ પર વિવાદ

મુંબઈઃ વિધાન પરિષદની ચૂંટણી દરમ્યાન સાતારામાં થયેલી ધમાલ બાદ વિધાનસભા અધ્યક્ષ નીલમ ગોર્હેએ જિલ્લા પોલીસ અધિક્ષક તુષાર દોશીને સસ્પેન્ડ કરવાનો નિર્દેશ આપ્યો હતો, પરંતુ શું ખરેખર ઉપાધ્યક્ષ કે પ્રમુખ પાસે સસ્પેન્ડ કરવાની સત્તા છે? આવી બંધારણીય મૂંઝવણ ઊભી થતાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે એક્ઝિક્યુટિવ બોર્ડની સંદર્ભ શરતો સ્પષ્ટ કરતું નિવેદન જારી કરીને આ મુદ્દાનું નિરાકરણ કર્યું છે.

વિધાન પરિષદ ગૃહમાં બંધારણમાં સત્તાઓની વહેંચણી પર ટિપ્પણી કરતી વખતે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ડેપ્યુટી સ્પીકર નીલમ ગોર્હેની ભૂમિકા સામે સ્પષ્ટ વાંધો ઉઠાવ્યો. તેમણે દ્રઢતાથી કહ્યું છે કે જ્યારે પ્રધાન મંડળના ત્રણ સ્તંભો, વિધાનસભા અને વિધાન પરિષદની સત્તાઓ બંધારણ દ્વારા નિર્ધારિત છે અને ગૃહના

(જુઓ પાનું ૪) ▸▸




## નીલમ ગોર્હે વિરુદ્ધ શિવસેના (યુબીટી), કૉંગ્રેસનો અવિશ્વાસ પ્રસ્તાવ

મુંબઈઃ વિપક્ષ શિવસેના (યુબીટી) અને કોંગ્રેસે મંગળવારે મહારાષ્ટ્ર વિધાન પરિષદના ઉપાધ્યક્ષ નીલમ ગોર્હે સામે એક નોટિસ રજૂ કરી, જેમાં તેમણે આઈએએસ અધિકારીને સસ્પેન્ડ કરવાનો આદેશ આપીને તેમની સત્તાનો દુરુપયોગ કરવાનો આરોપ લગાવ્યો.આ વર્ષે મે મહિનામાં ગોર્હેનો કાર્યકાળ પૂરો થઈ રહ્યો હોવાથી તેમને વિદાય આપવામાં આવી તે દિવસે બંને વિપક્ષી પક્ષોએ કાઉન્સિલના અધ્યક્ષને નોટિસ રજૂ કરી હતી.

આ બીજી વખત છે જ્યારે શિવસેના (યુબીટી)એ ગોર્હેને દૂર

(જુઓ પાનું ૪) ▸▸

# રખડતા શ્વાનનો નખ વાગતા બાળકીનું રેબીઝથી મોત

## ઈન્જેક્શન લેવાના ડરથી બાળકીએ રસી લીધી નહોતી

પાલઘરઃ મહારાષ્ટ્રના પાલઘર જિલ્લામાં ઇન્જેક્શનના ડરને કારણે રસી ન લેવાથી નવ વર્ષની એક બાળકીનું રેબીઝથી મૃત્યુ થયું હતું.

નાલાસોપારા પશ્ચિમની રહેવાસી અને ધોરણ ૪ ની વિદ્યાર્થીની કશિશ સાહની, તેના દાદા સાથે ચાલતી વખતે રખડતા કૂતરાથી થયેલી નાની ઈજાના છ મહિના પછી સોમવારે હોસ્પિટલમાં મૃત્યુ પામી હતી.

અધિકારીઓના જણાવ્યા મુજબ કૂતરાએ કરડ્યાના એક દિવસ પછી બાળકીને હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી, પરંતુ તે ઇન્જેક્શનના ડરથી રડતી હતી અને હડકવા વિરોધી રસી લેવાનો ઇનકાર કરતી હોવાનું કહેવાય છે. ત્યારબાદ ઘા રૂઝાઈ ગયો અને તેને અવગણવામાં આવ્યો.

અધિકારીઓએ જણાવ્યું હતું કે ચાર દિવસ પહેલા છોકરીની તબિયત બગડી હતી. તેણે ખોરાક અને પાણી લેવાનું બંધ કર્યું હતું અને તેની આંખો લાલ થઈ ગઈ હતી.

તેને તાત્કાલિક સ્થાનિક હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી અને બાદમાં મુંબઈની કસ્તુરબા હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી, જ્યાં

(જુઓ પાનું ૪) ▸▸







"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**